
# પ્રશ્નોત્તરી



પ્રવચનકાર • પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી
(પંડિત મ. સા.)

પ્રશ્નોત્તરી



સ્વ. મુનિરાજશ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મહારાજ)

# પ્રશ્નોત્તરી

**આશીર્વાદદાતા**
ષડ્દર્શનવિદ્, પ્રાવચનિકપ્રભાવક
સ્વ. પ.પૂ. મુનિરાજ શ્રી મોહજિતવિજયજી મ.સા. (મોટા પંડિત મહારાજ)

**પ્રવચનકાર**
સિદ્ધાંતમહોદધિ, કર્મસાહિત્યનિપુણ સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન વ્યાખ્યાનવાચસ્પતિ, સુવિશાલગચ્છાધિપતિ સ્વ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન સૂક્ષ્મતત્ત્વવિવેચક, પ્રત્યુત્પન્નમતિધારક પ.પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મ.સા. (નાના પંડિત મહારાજ)

વી.સં. ૨૫૨૭ * વિ.સં. ૨૦૫૭ * ઈ.સ. ૨૦૦૧ * નકલ-૫૦૦૦ * આવૃત્તિ -૨

મૂલ્ય - ૧૫-૦૦

**પ્રકાશક**

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચંટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

## 卐 પ્રાપ્તિ સ્થાન 卐

### ❋ અમદાવાદ

**ગીતાર્થ ગંગા**
૫, જૈન મર્ચંટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
☎ (૦૭૯)-૬૬૦૪૯૧૧, ૬૬૦૩૬૫૯

**નટવરભાઈ એમ. શાહ, (આફ્રીકાવાળા)**
૯, પરિશ્રમ બેંક ઓફ ઇન્ડીયા સોસાયટી,
વિજયનગર ક્રોસીંગ પાસે, અમદાવાદ-૧૩.
☎ (૦૭૯)-૭૪૭૮૫૧૨, ૭૪૭૮૬૧૧

### ❋ મુંબઈ

**નિકુંજભાઈ ર. ભંડારી**
વિષ્ણુમહલ, ત્રીજે માળે,
ગરવારે પેવેલીયનની સામે,
ડી રોડ, ચર્ચગેટ, મુંબઈ-૨૦.
☎ (૦૨૨)-૨૮૧૪૦૪૮, ૨૮૧૦૧૯૫

**શ્રી ચીમનભાઈ ખીમજી મોતા**
૯ / ૧, ગજાનન કોલોની,
જવાહરનગર,
ગોરેગામ (વેસ્ટ), મુંબઈ-૬૨.
☎ (૦૨૨)-૮૭૩ ૪૫ ૩૦

**લલિત ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ, જવાહરલાલ નહેરુ રોડ,
સર્વોદય પાર્શ્વનાથ નગર, જૈન દેરાસરની પાછળ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦.
☎ (૦૭૯)-૫૬૮ ૦૬'૧૪, ૫૬૮ ૬૦ ૩૦

### ❋ સુરત

**શૈલેષભાઈ બી. શાહ**
શ્રીનાથજી એપાર્ટમેન્ટ, છઠ્ઠે માળે,
હરિપરા, હાથ ફળીયા, સુરત-૧.
☎ (૦૨૬૧) - ૪૩ ૯૧ ૬૦, ૪૩ ૯૧ ૬૩

### ❋ રાજકોટ

**કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦ ૦૦૧.
☎ (૦૨૮૧) - ૨૩૩૧૨૦

### ❋ બેંગલોર

**વિમલચંદજી**
C/o, J.NEMKUMAR & COMPANY,
Kundan Market, D.S.Lane,
Chickpet Cross,
Bangalore-560 053,
☎ (O) 2875262, (R) 2259925.

### ❋ જામનગર

**ઉદયભાઈ શાહ**
C/o, મહાવીર અગરબત્તી વર્ક્સ,
C- 9, સુપર માર્કેટ,
જયશ્રી ટોકીઝની સામે, જામનગર.
☎ (૦૨૮૮) - ૬૭૮૫૧૩


**: મુદ્રક :**
મુદ્રેશ પુરોહિત
સૂર્યા ઓફસેટ, આંબલી ગામ, સેટેલાઇટ-બોપલરોડ, અમદાવાદ-૫૮.

# પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ.પૂ.આ.શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થી તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાયકતા મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે. ઘણા સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યા છે, શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યા છે, પરંતુ કામ સમય માંગી લે તેમ છે. દરમ્યાન શ્રીસંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષુઓ તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે પૂ. મુનિરાજ શ્રી મોહજિતવિજયજી મ.સા. તથા પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મ.સા.નાં અપાયેલાં જુદા જુદા વિષયો પરનાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોના વિષયો અંગેનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મૂળ લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વ જિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી ઉપર્યુક્ત વિનંતી લક્ષ્યમાં રાખીને પ્રધાન કાર્ય જ્યાં સુધી બહાર ન આવે ત્યાં સુધી કામચલાઉ ધોરણે પૂરક પ્રવૃત્તિ તરીકે સ્વીકારવામાં આવ્યું છે.

તત્ત્વ જિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે તેવી આશા સહિત-

૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭.

ટ્રસ્ટી ગણ
ગીતાર્થ ગંગા

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# આમુખ

ચરાચર એવા આ વિશ્વમાં નજરે દેખાતી ચિત્ર-વિચિત્ર દશ્યાવલિઓ, સંભળાતી અગમ્ય વાતો, રોજે થતા મનના સુખ-દુ:ખના અનુભવો, ક્ષણે ક્ષણે બદલાતા સંયોગો-વિયોગોની ઘટમાળાઓ, ન ધારેલી બનતી અને ધારેલી ઊંધી પડતી ઘટનાઓ.... આવું બધું જોઇને કોઇપણ બુદ્ધિશાળી માનવને પ્રશ્ન થાય જ કે આખરે આ બધું બને છે શી રીતે? અને આ છે શું? આ બધું આપસ્વભાવે બને છે કે તેનો કોઇક almighty સંચાલક છે? કયું વ્યવસ્થાતંત્ર ત્યાં કામ કરતું હશે? આ પ્રશ્નો એવા ગૂઢ છે કે સામાન્ય બુદ્ધિથી કે સામાન્ય જ્ઞાનથી તેના ઉત્તરો મળી શકે તેમ નથી. ઉપર આકાશમાં અને નીચે પેટાળમાં શું શું હશે? ત્યાં કોણ કોણ રહેતું હશે? શું શું કરતું હશે? તે સૌ કેવા હશે? કઇ ભાષા બોલતા હશે? શી રીતે જીવતા હશે? આપણે ત્યાં જવાય કે નહીં? વગેરે અગણિત પ્રશ્નોની હારમાળા આપણા મનમાં રમતી હોય છે. પ.પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મહારાજ સાહેબ જ્યારે વિ. સં. ૨૦૫૧માં ગોવાલિયા ટેંક, મુંબઇમાં ચોમાસાની આરાધના માટે પધારેલ, ત્યારે બુદ્ધિજીવીઓનો મોટો વર્ગ : જેમાં ડોક્ટરો-વકીલો-ઉદ્યોગપતિઓ-વેપારીઓ-એન્જીનીયરો વગેરે ઘણા દર રવિવારે આ "પ્રશ્નોત્તરી" વ્યાખ્યાનમાળા સાંભળવા આવતા, પ્રશ્નો પૂછતા, અને સંતોષકારક ઉત્તરો-ખુલાસાઓ મેળવીને ધન્યતા અનુભવતા. તે વ્યાખ્યાનોને 'પ્રશ્નોત્તરી' રૂપે આ પુસ્તકમાં છપાવીને પ્રસિદ્ધ કરતાં ઘણા જિજ્ઞાસુ આત્માઓને પરમાત્માએ કહેલ સત્ય હકીકતો જાણવા મળશે અને તે વડે તેઓ પણ પોતાનું આત્મહિત સાધી શકશે એવી અપેક્ષા છે.

મુખપૃષ્ઠ ઉપર સભા છે. ગુરુભગવંત સભામાં પુછાયેલ પ્રશ્નોના શાસ્ત્રાનુસારી જવાબો આપી રહ્યા છે. પ્રશ્નોના વિષયો : સામાન્યત: ચૌદરાજલોકમાં બનતી ઘટનાઓ, દેખાતાં દશ્યો, સંભળાતી વાતો, સૌને થતા ભિન્ન-ભિન્ન સંયોગો-વિયોગો વગેરેના અનુભવો અંગેના હોય છે. તેથી ચૌદરાજલોક નજર સમક્ષ મૂક્યો છે. મનમાં ઘોળાતા ઘણા અનુત્તર પ્રશ્નોના ઉકેલ આ પુસ્તક આપી શકશે અને વાચક જરૂરથી જિનશાસનનો તાત્ત્વિક સાચો શ્રદ્ધાળુ બની શકશે, એ જ અભિલાષા.

# ૧

તા. ૧૬-૭-૯૫, રવિવાર, અષાઢ વદ પાંચમ, ૨૦૫૧
સ્થળ : ગોવાળિયા ટેંક, મુંબઇ.

૧. **સભા :-** લબ્ધિઓ કઇ કઇ હોઇ શકે?

**સાહેબજી :-** આત્માની અનંત લબ્ધિઓ છે. અદ્ધર રહેવાની શક્તિ છે, પથ્થરમાંથી સોનું કરવાની શક્તિ છે, ભીંતમાંથી પસાર થવાની શક્તિ છે; જેટલી શક્તિ ખીલે છે તે બધી લબ્ધિ કહેવાય. અનંત શક્તિ સિદ્ધભગવંતમાં હોય છે. આખી દુનિયાને ચપટીમાં ચોળી શકે તેવી શક્તિ સિદ્ધભગવંતમાં હોય છે; પણ તેમનો ઉન્માદ કરવાનો સ્વભાવ નથી. કેવળજ્ઞાન પામે તેમને અનંત લબ્ધિ હોય છે. ઇન્દ્રો પાસે જે શક્તિ, વૈભવ, સત્તા નથી તેવું સિદ્ધો પાસે હોય છે.

૨. **સભા :-** મરેલા માણસને જીવતો કરી શકે ખરા?

**સાહેબજી :-** આયુષ્ય હોય તો કરી શકે. આયુષ્ય પૂરું થઇ જાય પછી ના કરી શકે. દુનિયાના ઘણા ધર્મો ઇશ્વરને સર્વશક્તિમાન માને છે. બાઇબલમાં પણ કહ્યું કે ગૉડની અમાપ શક્તિ છે, જે ધારે તે કરી શકે. ત્યારે જૈનદર્શન અહીંયાં જુદું પડે છે. પદાર્થવિજ્ઞાનના સિદ્ધાંતવિરુદ્ધ, અશક્યને શક્ય બનાવવાની શક્તિ ઇશ્વરમાં પણ નથી, આવું જૈનદર્શન માને છે. સંભવિત ફેરફાર કરવાની શક્તિ ઇશ્વરમાં છે.

અનંતા તીર્થંકરો ભેગા થાય તો પણ જડને ચેતન ન બનાવી શકે. પદાર્થવિજ્ઞાનની દૃષ્ટિએ વાત છે કે જડને ચેતન ન બનાવી શકાય. આપણો ધર્મ સંપૂર્ણ પદાર્થવિજ્ઞાન ઉપર આધારિત છે. શક્ય બધું કરી શકે તેનું નામ ઇશ્વર.

૩. **સભા :-** ખુદાની બંદગી કરે તો ખુદા જીવાડી શકે?

**સાહેબજી :-** આયુષ્ય પૂરું થયું હોય તો તેને ન જીવાડી શકે, પણ અકાળ મૃત્યુ થતું હોય તો જીવાડી શકે. આકસ્મિક મૃત્યુ થતું હોય તેના જીવનને ધર્મ અને ઇશ્વર બંને જીવાડી શકે. તેવી શક્તિ બંનેમાં છે.

૪. **સભા :-** આયુષ્ય બાકી એટલે?

**સાહેબજી :-** અત્યારે તમારે ત્યાં કેટલા એક્સીડન્ટ ચાલુ થયા છે? કેટલા નાની ઉંમરમાં મરે છે? તેમનો કદાચ એક્સીડન્ટ ન થયો હોત તો આયુષ્ય લાંબુ હતું. આને અકાળ મૃત્યુ કહે છે, unnatural death કહેવાય છે. આમને જીવાડવા માટે યોગ્ય વાતાવરણ, નિમિત્ત આપવાં પડે. કર્મનો ઉદય નિમિત્તને આભારી છે. પ્રતિકૂળ નિમિત્ત આપો તો કર્મ નિષ્ફળ જાય છે. તેમ જો જીવતાં ન આવડે તો આયુષ્ય વહેલું પૂરું થઈ જાય. અણઘડની જેમ જીવો તો જલદી પૂરું થઈ જાય. natural death (કુદરતી મૃત્યુ) સોએ એકનું માંડ થતું હશે.

૫. **સભા :-** ગૌતમસ્વામીએ લબ્ધિથી આટલી થોડી ખીરમાંથી ૧૫૦૦ને પારણું કરાવ્યું તે પદાર્થવિજ્ઞાનને માન્ય વાત છે?

**સાહેબજી :-** ૧૫૦૦ તાપસોને લબ્ધિથી પારણું કરાવી શક્યા તે પદાર્થવિજ્ઞાનની વિરુદ્ધ વાત નહોતી. કોઈપણ ભૌતિક વસ્તુ માટે ૧૦૦ વર્ષ પહેલાં વિજ્ઞાનના ક્ષેત્રમાં શું માન્યતા હતી? જડ જગતમાં પાયાનાં તત્ત્વો અમુક જ છે. જેમ કે એનાલીસીસ કરીને કાર્બન, હાઈડ્રોજન, કેલ્શિયમ વગેરે ફન્ડામેન્ટલ સબસ્ટેન્સ (મૂળભૂત તત્ત્વ) તરીકે મૂળભૂત ૯૨ તત્ત્વો પાડ્યાં. પછીથી વધારે સંશોધનો દ્વારા તેઓએ ૧૦૦, ૧૦૮ અને ૧૨૧ તત્ત્વો સુધીનો સ્વીકાર કર્યો, અને તેમાંથી દુનિયાની બધી વસ્તુનું સર્જન થયું છે એમ કહ્યું. ભૌતિક તત્ત્વો પાયામાંથી જુદાં છે, જેમ હાઈડ્રોજન, સલ્ફર, કેલ્શિયમ બધાં તત્ત્વો જુદાં છે, પરમાણુનું બંધન જુદું છે; આ માન્યતા હતી. છેલ્લે ૫૦ વર્ષ પહેલાં ૨૦ મી સદીમાં વિજ્ઞાનક્ષેત્રે વિકાસ થતાં તેમણે કબૂલ કર્યું કે આપણે જે જુદાં તત્ત્વો માનીએ છીએ તેમાં ભૂલ છે, કેમ કે બધાં તત્ત્વો કન્વર્ટીબલ છે. આ અણુને બીજો અણુ બનાવી શકીએ, ફક્ત તેની એટોમિક વેઈટ-વેલેન્સી ચેઈન્જ કરવી પડે. આ વાત પ્રયોગો દ્વારા પુરવાર થઈ છે. માટે ભૌતિક તત્ત્વો એક જ છે, અને પછી તેને મેટર નામ આપ્યું. જે પણ દેખાય છે, તે મેટર છે. હવામાંથી પાણી, પાણીમાંથી દૂધ બધું જ બનાવી શકો; ફક્ત તેની એટોમિક વેઈટ-વેલેન્સી ચેઈન્જ કરવી પડે.

લોખંડમાંથી સોનું અને કોલસામાંથી હીરા પણ બનાવી શકો. તમે તો કહેશો ચાલો ફેક્ટરી ખોલીએ. પરંતુ કોલસામાંથી હીરા બનાવતાં હીરાની કિંમત ઓરીજનલ કરતાં ઘણી મોંઘી થાય છે.

હવે ગૌતમસ્વામી ખીર લાવ્યા અને આટલી ખીરમાંથી ૧૫૦૦ને પારણું કઇ રીતે કરાવ્યું? આ ખીર ક્યાંથી કાઢી? હવામાંથી ખીર બનાવી શક્યા. આ સિદ્ધાંતને પદાર્થવિજ્ઞાન માને છે. તમારામાં પણ જો આવી શક્તિ હોય તો તમે પણ વાતાવરણમાંથી બનાવી શકો. આપણા આત્મામાં અત્યારે આ શક્તિનો ઉઘાડ નથી, જ્યારે એમના આત્મામાં હતો. પરંતુ આપણામાં આ શક્તિનો ઉઘાડ નથી માટે સારું છે, નહિતર એક પથરો બાકી ન રાખીએ. અયોગ્યને આવી લબ્ધિ ન આવે તો સારું. અશક્ય હતું તેવું ગૌતમ મહારાજાએ કશું કર્યું નથી.

લબ્ધિનો અર્થ એવો નથી કે માણસ જે શક્ય નથી તે બનાવી શકે, પણ પદાર્થવિજ્ઞાનથી જે સંભવિત છે તે બનાવી શકે.

૬. **સભા :-** અચ્છેરું પણ પદાર્થવિજ્ઞાનથી સંભવિત છે?

**સાહેબજી :-** હા, અચ્છેરું કોનું નામ? ક્યારેક બને તેનું નામ અચ્છેરું. અચ્છેરામાં અસંભવિતને સંભવિત કરે છે તેવું નથી. અનંતી અવસર્પિણી ઉત્સર્પિણી જાય તો પણ કદી જડમાંથી ચેતન થશે ખરું? માટે અચ્છેરું પણ બરાબર સમજો. આપણા જેવો ધર્મ દુનિયામાં બીજે ક્યાંય નથી. પાયામાં મેટાફીઝીક્સ ધરબાયેલું છે.

હજારો વર્ષ પહેલાં લખેલું કે એક જ પરમાણુ દુનિયાના કોઇપણ ભૌતિક દ્રવ્યમાં રૂપાંતર થઇ શકે છે. આપણા સર્વજ્ઞોએ શું લેબોરેટરીમાં જઇને પછી કહ્યું છે? માટે વિચારજો તેઓમાં કેટલી શક્તિ હશે? ૫૦ વર્ષ પહેલાં વિજ્ઞાન જાણતું નહોતું, તે હજારો વર્ષ પહેલાં શાસ્ત્રોમાં લખાયેલું હતું. તમને કહીએ કે શાસ્ત્ર પર શ્રદ્ધા રાખો, તો તમે શાસ્ત્રના નામથી વાંધા વચકા કાઢો ને? કહેશો કે ભગવાન મહાવીરે આ શાસ્ત્રો ક્યાં લખ્યાં છે? આ તો પાછળથી લખાયેલાં, એટલે તેમાં કેટલી ઘાલમેલ થઇ હશે? પરંતુ આ સંસારમાં જિનવચન જે કહે છે, તે સત્ય જ છે અને આ મહાન સત્ય છે.

૭. **સભા :-** શાસ્ત્રમાં લખ્યું છે કે માનવ ચાંદ પર ન પહોંચે?

**સાહેબજી :-** હા, આ વાત કરી છે. આના માટે વિજ્ઞાનક્ષેત્રે ઘણી બાબતો સિક્રેટ છે. બધા સંદર્ભો વિચારવા પડે. વિજ્ઞાનક્ષેત્રે જાહેર વાતો થાય છે, તેમાં પણ સિક્રેટ ઘણું હોય છે. તેમાં ઘણાં જ ભોપાળાં હોય છે. વચમાં Times of Indiaમાં એક સારા, well-known(જાણીતા) વૈજ્ઞાનિકે લખેલું (ફ્રોડ ઇન ધ નેઇમ ઓફ ધ સાયન્સ) "વિજ્ઞાનના નામથી ગોટાળા ઘણા છે."

પરંતુ અમે તો પ્રમાણિક છીએ, કદી અમે સત્યનો ઇન્કાર કરતા નથી; પણ વિજ્ઞાન કહે છે કે અમે ચંદ્ર પર પહોંચી ગયા; તો પછી તેવું જ હોય તો તેને કોમન લેવલ પર લઇ આવો. મને ચાંદ પર બેસાડે તેવી વાત નથી, પણ દુનિયાના જેટલા દેશો છે તેમના વૈજ્ઞાનિકોને તમે જ્યારે ચંદ્ર ઉપર લેન્ડ થાવ ત્યારે લઇ જાવ. હજી સુધી બે દેશોના જ વૈજ્ઞાનિકોએ ચંદ્ર પર લેન્ડ થયાનો દાવો કર્યો છે, જે બન્ને વર્તમાન દુનિયાની મહાસત્તાઓ છે, અને તેમના અત્યાર સુધીના કરતૂતો ઉપરથી તેમના ઉપર વિચારક માણસને વિશ્વાસ બેસવો મુશ્કેલ છે. એટલે જેમ સ્પેસમાં બધાને લઇ જાય છે તેમ ચંદ્ર પર પણ લઇ જાઓ. હું સેટેલાઇટને માનું છું. શાસ્ત્રદૃષ્ટિએ અવકાશમાં જવું અશક્ય નથી. સ્પેસમાં સફર કરવા રશિયાએ ઓફર કરી તો ભારતના બે વૈજ્ઞાનિકોને લઇ ગયા, તેમ ચંદ્ર પર પણ બીજા દેશના વૈજ્ઞાનિકોને લઇ જવાની તૈયારી બતાવો. પણ તે બતાવતા નથી. માટે તમે ભોળા ન બનો. વિજ્ઞાનક્ષેત્રે પણ છબરડા ઘણા જ છે. અમારે મોઢે પુરવાર કરવા નથી. પણ સારા વૈજ્ઞાનિકોના જ લખેલા અંદરના રીપોર્ટો, કે જે અમુક સમય પછી કૌભાંડ તરીકે બહાર પડતા હોય છે, તે વાંચો તો ખબર પડે.

તમે સ્કુલ-કોલેજમાં ભણો છો તેમાં primaryથી ડાર્વિનની થિયરી ભણાવે છે, જે ૧૦૦% અવૈજ્ઞાનિક પુરવાર થઇ છે, અસંબદ્ધ છે, તર્કવિરુદ્ધ છે, biology કે physicsની રીતે સમજાવી શકાય તેમ નથી; છતાં હજારો, કરોડોના મનમાં આ થિયરી લાદી દેવાય છે. તમારા બાપ-દાદા વાંદરા હતા, જંગલી હતા જે નર્યું જૂઠું છે. ધર્મદૃષ્ટિએ નહિ પણ વિજ્ઞાનદૃષ્ટિએ પણ જૂઠું છે. વિજ્ઞાનના નામથી વાત કરવામાં આવે છે તેમાં કેટલું સત્ય છે તે સમજવાનું છે. આવા તો હજારો દાખલા છે. અમે પ્રમાણિકતાથી વાત કરીએ છીએ. માટે moon landing(ચંદ્ર પર ઉતરાણ)ની વાતોથી બાવરા ન બની જાઓ. અમે કાંઇ શોધખોળ કરવા ગયા નથી; પણ ધર્મશાસ્ત્રોમાં જે લખ્યું હોય તે અમે પ્રામાણિકતાથી કહીએ છીએ. વિજ્ઞાન હોય કે ધર્મ હોય, જાહેર ક્ષેત્રમાં સત્યની વાત આવે એટલે અમારે સાચા-ખોટાની સમીક્ષા કરવી જ પડે.

# ૨

૩૦-૭-૯૫, રવિવાર, શ્રાવણ સુદ ત્રીજ, ૨૦૫૧

૮. **સભા :-** પોતાના મૃત્યુની ખબર પોતાને જ હોય તે કયો જીવ કહેવાય?

**સાહેબજી :-** આમાં નિયમ શું છે કે, પોતાના મૃત્યુની પોતાને ખબર હોય તેટલા માત્રથી તે ઊંચી કક્ષાનો કે આધ્યાત્મિક હોય તેવો નિયમ નથી. મિથ્યાદૃષ્ટિ આત્માને પણ આ ભાન થઈ શકે છે, તેમ ગુણીને, ધર્મીને પણ થઈ શકે છે; જેમ જાતિસ્મરણજ્ઞાન કોઈપણ જીવને થઈ શકે; અભવ્યને, દુર્ભવ્યને, નાસ્તિકને પણ થાય છે. એટલે એ બધા પોતાનું કલ્યાણ કરનારા બનશે કે તેઓ મોક્ષે પહોંચશે તેવું નથી. જાતિસ્મરણજ્ઞાન લાભ કરે તેવો નિયમ નથી, નુકસાન પણ કરે. જાતિસ્મરણજ્ઞાન એ પૂર્વભવનું જ્ઞાન છે. જેમ ધર્મ ન પામનાર, જેનામાં લાયકાત ન હોય તેને આ જ્ઞાન થાય, ત્યારે તેને ખબર પડે કે, આટલી અબજોની માલિકી છોડીને ઝૂંપડપટ્ટીમાં જન્મ્યો છું, તો દુઃખી દુઃખી થઈ જાય. એને ખબર પડે કે આ બધું મારું જ છે, છતાં પણ જાય તો કોઈ બંગલામાં પણ ન ઘૂસવા દે. જેમ શેઠિયો મરીને કૂતરો થાય, પછી બંગલો જોઈને હરખાય, પરંતુ બંગલા પર કોઈ ચડવા દે? કે આવે તો તેને લાકડી મારે? તે મારનાર પણ કદાચ તેનો દીકરો હોય, એટલે આ જોઈને તે વધારે રિબાય. માટે લખ્યું કે જ્ઞાન, વિવેક આવ્યા પછી જેટલું વિકસે તેટલું કામનું, નહિતર તો હૈયામાં હોળી સળગાવે.

- નરકના બધા જ જીવોને જાતિસ્મરણજ્ઞાન થાય છે. પરમાધામી દેવો તેમને ભૂતકાળ યાદ કરાવે, કારણ તેમને તેનાથી વધારે ત્રાસ થાય. કેમકે માનસિક ત્રાસ વધારે ક્યારે થાય? ભૂતકાળ યાદ કરાવે ત્યારે. માટે જેટલું જ્ઞાન વધારે એટલો ત્રાસ વધારે, બુદ્ધિ વધારે તો ત્રાસ વધારે, કારણ કે તે વિચારી શકે વધારે. જીવને ખબર પડે કે મારું મૃત્યુ છે તો પહેલેથી જ તેનું થથરવાનું ચાલુ થાય. જીવને મૃત્યુનું જ્ઞાન થવાથી, જીવ કાંઈ જીવનનો સદુપયોગ કરવા તૈયાર છે? હા, જે જીવ પોતાની જીવનદિશા બદલી નાંખે, તેને મૃત્યુનું જ્ઞાન લાભકારી

છે. પૂ. હરિભદ્રસૂરિએ યોગશતકમાં સાધુ-શ્રાવકની આરાધના લખી, તેમાં લખ્યું કે બંનેએ અંત સમય જાણવા પ્રયત્ન કરવો જોઈએ. મૃત્યુ ક્યારે અને કેવી રીતે આવશે તેના માટે પાનાંઓ ભરીને બતાવ્યું છે. જેમ કે આ રીતે નાડી ધબકતી હોય તો આ સમયે મૃત્યુ આવશે, આવાં કંપન થતાં હોય તો આટલા સમયમાં મૃત્યુ આવશે, આવા આવા શુકન-અપશુકન થતા હોય તો આટલું જીવન બાકી છે; માટે આના દ્વારા આરાધકે નિર્ણય કરવો જોઈએ. આ બધું અમે તમને નથી કહેતા, કારણ કે તમને ખબર પડશે તો ગભરાઈ, હાય-બાપા કરશો. પણ જેનું મનોબળ મજબૂત છે, જેને મૃત્યુનો ભારે ડર નથી, જીવનનો અતિશય મોહ નથી, ગમે તેમ કરીને જીવનને લંબાવવું છે તેવા અભરખા નથી, તેણે મૃત્યુનું જ્ઞાન મેળવીને સાધનામાં સાવધાન થઈ જવું જોઈએ. અંતિમ સમાધિ, શુભ લેશ્યા પ્રાપ્ત કરવા માટે સાધકે પ્રયત્ન કરવો જોઈએ.

શાસ્ત્રમાં દૃષ્ટાંત આવે છે કે, ઉદયનરાજાની પત્ની પ્રભાવતી નિમિત્તશાસ્ત્રોને ભણેલ છે, સમ્યગ્દૃષ્ટિ છે, ઘરમંદિરમાં પ્રભુ પાસે તે નૃત્ય કરે છે અને રાજા સંગીત વગાડે છે. ખાનદાન સ્ત્રી પરપુરુષની હાજરીમાં નૃત્ય ન કરે, પરંતુ પ્રભુ સામે, પોતાના પતિની હાજરીમાં નૃત્ય કરે. રાજા તાલબદ્ધ વાજિંત્ર વગાડે છે. બંને પ્રભુભક્તિમાં તલ્લીન છે. પરંતુ અચાનક રાજાંના હાથ વીણા ઉપર અટકી ગયા. સુરાવલી બંધ થઈ ગઈ, તેથી નૃત્યમાં ભંગ થયો. રાણી ખચકાઈ, પરંતુ રાજાએ ફરી વગાડવાનું ચાલુ કર્યું અને અધૂરી ભક્તિ પૂરી કરી. પછી રાણી રાજાને પૂછે છે, "હે સ્વામીનાથ! આજે હાથ કેમ અટકી ગયા? આમ તો આપ એકાકાર થઈને ભક્તિ કરો છો. એવો તો શું વિચાર આવ્યો કે ભક્તિમાં સ્ખલના થઈ?" રાણી આમ પૂછે છે, પણ રાજા જવાબ નથી આપતા, તેથી રાણીનું કુતૂહલ વધતું ગયું. ફરીથી દબાણ કરીને પૂછે છે, સોગંદ ખાઈને પૂછે છે. આ તો સ્ત્રીહઠ છે. માટે રાજા કહે છે, "સંસારનો વિચાર નથી આવ્યો કે રાજકાજની પણ મને પડી નથી, પરંતુ મેં એવું દૃશ્ય જોયું કે, તમે નાચતાં હતાં ત્યારે તમારું માથા વગરનું ધડ દેખાયું." આ રાણી તો નિમિત્તશાસ્ત્રની જાણકાર છે, માટે તેણે જાણ્યું કે પોતાનું આયુષ્ય ઓછું છે. નિકટમાં મૃત્યુ જાણીને તેને થયું કે હવે હું સંયમ લઈ મારો ભવ સાર્થક કરું. માટે આમને મૃત્યુનું જ્ઞાન લાભમાં થયું.

મૃત્યુનું જ્ઞાન હિતકારી જ થાય.તેવું નથી અને જીવની ઉંચી કક્ષાનું સૂચક હોય તેવું પણ નથી.

૯. **સભા :-** અત્યારે 'બે બાળક બસ'ની વાત કહે છે તેમાં ખોટું શું છે તે સમજાવો.

**સાહેબજી :-** આ એક સંસારી પ્રશ્ન છે. પ્રશ્ન જાહેરમાં પુછાયો છે, માટે જવાબ આપવો જરૂરી છે, પરંતુ મર્યાદામાં અપાશે. અત્યારે સરકારે શીખવાડ્યું છે કે *'નાનું કુટુંબ તે સુખી કુટુંબ'* અને આ ખૂબ ફેલાવ્યું છે. પરંતુ તે આર્યપરંપરા પ્રમાણે ઉચિત નથી. પાછો તમે આનો ઊંધો અર્થ નહીં કરતા કે લોકો સંસાર વધારે ભોગવે અને વધારે સંતાનો પેદા કરે. અમે તો દીક્ષા લીધી છે. બ્રહ્મચર્યવ્રત ત્રિવિધે ત્રિવિધે લીધું છે. અમે મૈથુન સેવીએ નહીં, સેવડાવીએ નહીં અને સેવતાઓની અનુમોદના પણ ન કરીએ. અમે તો સંપૂર્ણ બ્રહ્મચર્યના આદર્શને વરેલા છીએ અને અમે તો બધાને સમજાવવા માંગીએ છીએ કે તેના પાલનમાં જ હિત છે.

પરંતુ ગૃહસ્થ જીવન કોના માટે મૂક્યું? તેમાં શ્રાવકધર્મ મૂક્યો કે જે બ્રહ્મચર્યને સંપૂર્ણ રીતે માને છે પરંતુ પાળી શકે તેમ નથી. તેના માટે જ લગ્ન કરવાની વાત મૂકી છે, તે પછી જૈનધર્મી હોય કે અન્યધર્મી હોય.

લગ્ન શું કામ કરવાં? શું ઉદ્દેશ છે? જે બ્રહ્મચર્ય ન પાળી શકે તે મર્યાદાપૂર્વકના નિયંત્રિત કામવાળું ગૃહસ્થજીવન જીવે. ઉચ્ચકુળમાં પુણ્યપસાયે ભોગ ઘણા હોય છે અથવા ઘણા મળે છે. તે જો સંયમ પાળી શકે તો સારું, પણ ઘોર અસંયમના કે દુરાચારના માર્ગે ન જાય તે કારણે લગ્ન કરે. હવે સુજાત સંતતિને ગૃહસ્થ જીવનમાં ઉચિત ફળ તરીકે મૂક્યું છે. જ્યારે તમારા આ કાળમાં બ્રહ્મચર્યને નેવે મૂક્યું છે. અત્યારે કહેવાય છે કે 'અબ્રહ્મ-કામ એ જીવનની મજા છે, જે નેચરલ છે.' ઇન્દ્રિયોને મોજમઝાનું સાધન માને છે અને તેના વિષયોને બહેકાવવામાં આવે છે, જેથી જીવો અનાચારી, દુરાચારી બને છે. બાળકોની જવાબદારીથી છટકવા માટે આ તૂત કાઢ્યું છે. પશ્ચિમના દેશોએ બીજા દેશોની પ્રજા ન વધે તે માટે આ તૂત ઊભું કર્યું છે, વસ્તી વધારાનો હાઉ ઊભો કર્યો છે. લખનારાઓ પાછા ચાર્ટ મૂકીને બતાવે છે કે, આ વસ્તી વધારાથી ભવિષ્યમાં માણસ ઉપર માણસ ઊભો રહેશે, પરંતુ આ બધા તરંગી તુક્કા છે.

સ્વરાજ આવ્યું ત્યારે નહેરુ બોલેલા કે વસ્તી વધારે છે, માટે અનાજ દ્વારા પહોંચી શકાય તેમ નથી. નહેરુનું આ જાહેરમાં વિધાન હતું. એ વખતે ૩૬ કરોડની વસ્તી કહેવાતી, બોલેલા કે અર્ધી હોત તો સારું હતું. ડબલ છીએ એટલે બધાંને પૂરું પાડવું તે ગજા બહારની વાત છે.

અત્યારે ૯૦ કરોડની વસ્તી છે, છતાં અનાજની રેલમછેલ છે. સરકારી

ગોડાઉન છલકાય છે. પરંતુ ગરીબી છે, તેમાં કારણ તો ખરીદશક્તિનો પ્રશ્ન છે. વસ્તી વધારાનો હાઉ ઊભો કર્યો છે, તે કૃત્રિમ છે. વચ્ચે ટાઈમ્સમાં લખ્યું હતું કે ૯૦ કરોડની વસ્તી ડબલ થઈ જાય તો પણ આ દેશની જમીન એટલી ફળદ્રુપ છે કે બધું જ પૂરું પાડે. આ લખનાર સારો ઈકોનોમીસ્ટ હતો.

વસ્તી કંટ્રોલ કરવાના નામથી બ્રહ્મચર્ય શીખવવું છે કે અનાચાર શીખવવો છે? 'બે બસ'ના નામથી ધાર્મિક, સામાજિક, આર્થિક દૃષ્ટિએ નુકસાન છે. આમાંથી ધીમે ધીમે ઉચ્ચકુળની સંખ્યા ઘટશે. તમારા જૈનોના ઘરમાં ૯૫ ટકા આ ચાલે છે. જતે દિવસે અક્કલ વગરના અવિવેકી લોકોનો આ દેશમાં રાફડો વધશે. આનાથી રાષ્ટ્રને પણ નુકસાન છે. આ બધાનો ખ્યાલ કર્યા વગર અપનાવવાનું ચાલુ કર્યું છે. જૈનોમાં ૯૫ ટકાએ અપનાવ્યું છે, તેથી શાસનને ઘણું નુકસાન છે. એક વૃદ્ધ સાધ્વીજી મને કહે કે "સાહેબ! અત્યારે દીક્ષા થોડી થાય છે તેથી સંતોષ માનો, ભવિષ્યમાં તો દીક્ષાની શક્યતાઓ ઘણી ઓછી છે. કારણકે જૈનોમાં આ 'બે બસ'નું તૂત ચાલી રહ્યું છે, તેમાં બેમાંથી એક છોકરી, એક છોકરો હોય. તેમાં પોતે ધર્મી હશે તો પણ એક છોકરો, એક છોકરી હોવાના કારણે શાસનને કેટલા આપશે?" હકીકતમાં સાધ્વીજીની આ વાત સાચી છે. શાસ્ત્રમાં નિયમ છે કે, ઉત્તમ જીવ મનુષ્યભવ પામતો હોય તો તેને અટકાવવાનો અધિકાર શું? તમે બધા ગણિત ભૂલીને સામાજિક ક્ષેત્રે જે લાઈફ સ્ટાઈલ અપનાવી રહ્યા છો, તેમાં આર્યપરંપરાના સંસ્કારમાં તમને ગોઠવી રાખવા તે મુશ્કેલ વાત છે.

અમારો આ વિષય મુખ્ય નથી, વિસ્તૃત ચર્ચા પણ નથી કરતા, પણ પૂછ્યું માટે કહ્યું છે. આધ્યાત્મિક કહેવાનું ન રહી જાય માટે તેના પર વાત કરું છું. પરંતુ તમે સાંસારિક જીવનમાં ભૂલો છો માટે લાલબત્તી તરીકે કહીએ છીએ. જીવનમાં ઈન્દ્રિયોના ભોગ-પ્રમોદમાં અંકુશ નથી જોઈતો, અને તેના દ્વારા આવતી જવાબદારીઓ જોઈતી નથી, તેને પોષવા આ તૂત કાઢ્યું છે. અત્યારે તો ફોરેનમાં ઘણા લગ્ન કરવા જ માંગતા નથી, લગ્ન કરે તો બાળક નથી જોઈતું. કહે છે કે લગ્ન તો મોજમઝા માટે છે.

સહુથી પહેલાં તો બ્રહ્મચર્ય જ પાળવાનું છે, પણ કદાચ ભોગ સેવે તો પોતાની ખામી, નબળાઈ સમજીને સેવે. પરંતુ તે દ્વારા ખાનદાન સંતતિ પ્રાપ્ત થાય અને આર્યપરંપરાનો વારસો જળવાય તેને ગુણ કહેવાય. આર્યધર્મ, આર્યકુળોની આ વાત છે.

પરંતુ આવાં અનાચારી ધોરણો આવવાથી જીવનમાં માનવીય આત્મીયતા પણ નાશ પામશે. ફેમીલી પ્લાનીંગ પાપ છે. અબ્રહ્મથી પાપ લાગે છે. પંચેન્દ્રિય જીવોની હિંસાનું પાપ લાગે છે. ઓપરેશન કરાવો  છો તેમાં, બાળકને જન્મ પહેલાં જ રહેવાની જગ્યા શરીરમાંથી કાઢી નાંખી. હવે ફલીકરણ થાય પણ વિકાસ કરવા જગ્યા ન હોવાના કારણે કમોતે મોત સ્વીકારે છે. પોતાના બાળકને વગર દેખે મોતને ભેટવા દો છો. ઘણા શું કહે છે કે ગર્ભ રહે પછી એબોર્શન કરાવીએ તો પાપ લાગે; પણ બાળકને ફલીકરણ પછી જગ્યા નથી અને તેથી મૃત્યુ થાય તો શું પાપ નથી લાગતું? અને બીજી બાજુ અનાચાર માટે મોકળો માર્ગ મળે છે.

**૧૦. સભા :-** પહેલાંના વખતમાં બાળકીને દૂધ પીતી કરતા હતા તે શું ગણાય?

**સાહેબજી :-** બાળકને જન્મ્યા પહેલાં કે જન્મ્યા પછી મારી નાંખવાં તે પાપ જ છે. સમાજમાં દૂષણ જ ગણવામાં આવે છે. કોઇ ધર્મવાળાએ એને સમર્થન નથી આપ્યું, ટીકા-ટિપ્પણ જ કરી છે. એ વસ્તુ પણ છૂટી છવાઇ હતી. કોઇ વ્યક્તિ પોતાના બાળકનું ખૂન કરે એટલે તેનાથી જનરલ સ્ટેટમેન્ટ ન અપાય. તમને જે આજે ઇતિહાસમાં ભણાવે છે તેમાં ભૂતકાળની વાતોને ટચ આપીને એક ટકાને ૫૦ ટકા બનાવીને બતાવે છે. સ્કૂલ-કોલેજમાં ભણાવાતો ઇતિહાસ સાચો નથી. બ્રિટીશરોએ જે લખેલો છે, તે ભણાવાય છે, જે વિકૃત કરેલો છે. માનવની નબળાઇના કારણે દૂષણો પેદા થાય પણ તેને ક્યાંય બિરદાવવામાં આવતાં નથી.

તમે family planning વિકાસના નામથી અપનાવ્યું છે. તમે શું કહો છો કે છ છોકરાની લંગર લઇને નીકળીએ તો અમારી ફજેતી થાય છે. માટે તમે 'બે બસ'ને સ્ટેટસનું સીમ્બોલ બનાવવા માંગો છો ને? જ્યારે ભૂતકાળમાં છ છોકરાનો બાપ કહે કે મેં કાંઇ દુરાચાર કર્યા નથી, લગ્નવ્યવસ્થા જાળવીને જીવ્યો છું, તો છ છોકરાનો બાપ હોઉં તેટલા માત્રથી શું કલંકિત? પરંતુ બેને રાખીને પોતાના દામ્પત્યજીવનમાં અસંયમથી ગમે ત્યાં રખડતા હોય તે ફોરવર્ડ ને? ફેમીલી પ્લાનીંગને કલંક માનો છો? પરંતુ આ એક કલંક છે. ભૂતકાળમાં ખૂન-બળાત્કાર, ગુંડાગીરી થતી, જે સમાજનાં ભૂષણ કે દૂષણ? ભૂતકાળમાં આ થતું પણ આજના કરતાં વધારે કે ઓછું? કલ્પના કરી શકો છો?

તમારા હિસાબે તો આ day by day વિકાસ જ છે ને? માનવજાતે દુરાચારમાં વિકાસ ઘણો કર્યો છે, તે અધોગતિ છે. માટે તેની સાથે ન સરખાવાય.

દૂધ પીતી કરી હોય તેને ખરાબ જ માન્યું છે, આ વાતને કોઇએ સપોર્ટ આપ્યો નથી.

૧૧. **સભા :-** અધોગતિનું કારણ?

**સાહેબજી :-** વ્યક્તિગત અધોગતિનું કારણ પોતાની જાત બને, પણ આ તો સામૂહિક અધોગતિ છે. આખા સમાજને અધોગતિનું વાતાવરણ આપે છે જે કૃત્રિમ છે. પશ્ચિમના દેશો દ્વારા બીજા ધર્મની સંસ્કૃતિ તોડવા શિક્ષણ દ્વારા, મિડીયા દ્વારા આ બધું ઊભું કર્યું છે. તમે આદર્શ કુટુંબ કોને માનો? વિચારજો.

શ્રેણિકને કેટલા રાજકુમાર હતા? શાલિભદ્ર બત્રીસને પરણ્યા છે. રાજાને અનેક પુત્રો હોય, જેથી રાજકાજમાં સુવિધા રહે, સામાજિક શક્તિ, સંગઠન વધે. માનવ આર્થિક દૃષ્ટિએ કાંઇ ભારે પડે? અત્યારે આર્થિક દૃષ્ટિએ ખોટાં ગણિત ઊભાં કર્યાં છે અને ભરમાવવામાં આવે છે. પશ્ચિમના દેશોને બીજા દેશોની વસ્તી વધે તે ગમતું નથી, માટે આ પ્લાનીંગ છે. તમે એક જાતના પ્રચારથી વાસ્તવિકતાને ભૂલી ગયા છો.

ઋષભદેવને ૧૦૦ પુત્રો હતા. બાહુબલીને ૩ લાખ પુત્રો હતા. પરંતુ ક્યાંય તેમને દુષ્ટ કહ્યા છે? ત્યારે અનાજ ઓછું હતું? ના, વગર કારણે mis-guide કરવાની વાતો છે. આ બધી આંકડાંની રમતો છે. સંસારમાં માણસની સંખ્યા વધે તેનાથી ધરતીને અને સમાજને નુકસાન નથી. જંગલી માણસ પેદા થશે તો નુકસાન છે, પરંતુ ઉચ્ચકુળમાં સંખ્યા વધે તેટલું સારું છે. તત્ત્વ નહિ સમજવાના કારણે ભૂત ભરાયું છે.

૧૨. **સભા :-** નાલાયક પાકે તો?

**સાહેબજી :-** આ કાળમાં જન્મે છે તે બધા કાંઇ નાસ્તિક જનમતા નથી, પરંતુ તમે તેને પછીથી નાસ્તિક બનાવો છો. તમે વ્યવસ્થા જ એવી ગોઠવી છે કે એવા પાકે. જૈનકુળ, આર્યજાતિ, મનુષ્યભવ પામે તે પૂર્વભવનું પુણ્ય લઇને જન્મે છે. તેને સારું વાતાવરણ આપો તો ચોક્કસ ઉત્તમ પાકી શકે. બાળક જન્મે ત્યારે કાંઇ લુચ્ચું હોય છે? કોરી પાટી જેવું હોય છે. માટે તેને જેવું વાતાવરણ આપો તેવું પાકે. તમારા જીવનની life style બદલવાને બદલે, નાલાયક પાકી જશે માટે જન્મ જ બંધ કરો, તેમ ન કહેવાય.

**સાહેબજી :-** હા, ચોક્કસ. તમે જેવું વાતાવરણ, શિક્ષણ આપો તેવું બાળકનું માનસ તૈયાર થાય. નાસ્તિકતાનું શિક્ષણ આપો તો નાસ્તિક પાકે. અમે એમ નથી કહેતાં કે તમે અશિક્ષિત રહો. ભગવાનના શાસનમાં શ્રાવકો સંતાનોને કળાઓ શીખવતા તેવી વાતો આવે છે ને? પણ તમે અત્યારે શું ભણાવો છો? આપણી પરંપરામાં નથી તે ભણાવો છો, જેમ કે બાપદાદા વાંદરામાંથી પેદા થયા છે, sex natural છે, વગેરે.

૧૪. **સભા :-** તો પછી શું ભણાવવું તે આપે ગોતી આપવું પડે.

**સાહેબજી :-** હું બતાવું તો મારું માનશો? કે ઉલાળિયાં કરશો? એવા તમે સદ્ગુરુને સમર્પિત છો કે ભગવાનની આજ્ઞા મુજબ જે કહે તે સ્વીકારશો? તમારે ખાલી વાતો કરવી છે.

અમારે એમ નથી કહેવું કે સ્કૂલમાં જૈનધર્મ ભણાવો. સ્કૂલમાં ધાર્મિક શિક્ષણ હોય કે વ્યવહારિક શિક્ષણ હોય? ધર્મ ભણવા ધર્મગુરુ પાસે આવવાનું છે. ધર્મ ભણાવવાનો અધિકાર કોને? દુનિયાનો કોઈપણ ધર્મ ભણાવવાનો અધિકાર તેના ગુરુને જ હોય. કોઈ કહે, સાહેબ! કોલેજમાં બધે જૈન ધર્મ ભણાવવાનું ચાલુ કરીએ. જર્મનીમાં ભણાવાય છે. મેં કહ્યું, તે બરાબર નથી. ધર્મ ભણાવવાનો અધિકાર ધર્મગુરુને જ છે.

૧૫. **સભા :-** તો પાઠશાળા કેમ છે?

**સાહેબજી :-** પ્રાથમિક સૂત્રો માટે, અને તે પણ પાછું ધર્મગુરુની સંમતિ લઈને જ ને? ભૂતકાળમાં આવી વ્યવસ્થા નહોતી. તમારી ખામીના કારણે પાઠશાળાઓ કાઢવી પડી છે.

વ્યવહારિક શિક્ષણમાં ગમે તે ધર્મવાળો હોય, તેને શું જૈનધર્મ ભણવા બેસાડી દેવો? બીજા ધર્મવાળાને અન્યાય કરાય નહિ. વ્યક્તિ ધર્મ કરવા સ્વતંત્ર છે. ગમે તેનો તે અનુયાયી બની શકે છે. જૈનેતરને જૈનતત્ત્વ ભણવું હોય તો ભણી શકે છે.

ધાર્મિક શિક્ષણ આપવા ધર્મસ્થાનકો જ છે. પાઠશાળા પણ શું ગમે ત્યાં ચાલુ કરાય છે? તે હોટેલોમાં હોય કે ધર્મસ્થાનકમાં હોય? વ્યવહારિક શિક્ષણ અપાય પણ તે કઈ રીતે? આર્યપરંપરા, આર્યસંસ્કૃતિને વિરોધ ન થાય તે રીતે શિક્ષણ આપવાનું છે. સામાજિક ક્ષેત્રમાં પણ તમે નહિ જાણો તો ગોથાં ખાશો.

ધર્મવ્યવસ્થા અને સામાજિક વ્યવસ્થા જુદી રાખવાની વાત છે. આપણે ઋષભદેવ ચરિત્રમાં આ બધું આવશે. શિક્ષણ, સમાજવ્યવસ્થા સૌ પોતપોતાને સ્થાને છે. તમે અત્યારે તે બધાથી કેટલા દૂર ગયા છો? ભૂલ્યા છો તેમાં ફેરફાર કરવા પણ વિવેક જોઈશે.

❀ **રાગ, દ્વેષ, મોહ, માન, માયા, અસૂયા, આસક્તિઓની પરિણતિઓ ભાવમનમાં રહે છે. આવા અસંખ્ય ભાવોથી આત્મા પર સતત કર્મ આવ્યા કરે છે. ભાવમનથી જ કર્મબંધ થાય છે.**

❀ **ધર્માત્મા વ્યક્તિ પ્રથમ તો નિષ્પ્રયોજન વિચારે જ નહિ, અને કદાચ નિરર્થક વિચાર આવી જાય તો પણ વાણી દ્વારા તેને વ્યક્ત તો ન જ કરે અને કદાચ વાણી દ્વારા વ્યક્ત થઈ જાય તો આચરણ તો ન જ કરે.**

❀ **પૈસાના વિચાર કરવા માત્રથી કર્મબંધ નથી થતો પણ મનમાં રહેલી પૈસાની આસક્તિથી વગર વિચારે પણ ચોક્કસ કર્મબંધ થાય છે.**

❀ **શક્તિ મળવાનું કારણ પુણ્ય છે અને પુણ્યથી જે શક્તિ મળી છે તેનો જો સદુપયોગ ન કરો તો અનંત જન્મ સુધી તે શક્તિ ફરી મળે નહિ. કુદરતમાં શક્તિ મળવી દુર્લભ છે અને શક્તિનો સદુપયોગ કરવો અતિ દુર્લભ છે. શક્તિનો સદુપયોગ ન કરે તો તેની પાસેથી કુદરત તે શક્તિ ઝૂંટવી લે છે. આ કુદરતનો સનાતન કાયદો છે.**

❀ **મન-વચન-કાયાની બિનજરૂરી પ્રવૃત્તિ કરવી તે અધર્મ છે. મન-વચન-કાયાની જરૂરી પ્રવૃત્તિ કરવી તે ધર્મ છે.**

# 3

તા. ૬-૮-૯૫, રવિવાર , શ્રાવણ સુદ દસમ, ૨૦૫૧

**૧૬. સભા :-** અકાળ મૃત્યુ થઈ શકે?

**સાહેબજી :-** જૈનશાસ્ત્રોએ અકાળ મૃત્યુ માન્યું છે. એક માણસ એંસી વર્ષનું આયુષ્ય બાંધીને પૂર્વભવમાંથી આવે છે. આયુષ્યકર્મ પૂર્વના ભવમાં બંધાય છે. તેથી આગલા ભવનું આયુષ્ય અહીંયાં બાંધીને મરવાના છીએ, જે એક જ વખત બંધાય છે. આ રીતે ક્રમમાં જ ચાલે છે.

**૧૭. સભા :-** જો એંસી વર્ષનું આયુષ્ય બાંધ્યું છે, તો ૨૫ વર્ષમાં કેમ પૂરું થાય?

**સાહેબજી :-** તમારે કર્મગ્રંથ ભણવા જેવો છે. જે રીતે કર્મો બંધાય છે, તે રીતે ઉદયમાં આવે તેવું નથી. લાંબા સમયની સ્થિતિ, અલ્પ સમયમાં પણ ભોગવાઈ જાય. જેમ દોરડાને તમે એક છેડેથી સળગાવવાનું ચાલુ કર્યું, તો તે આગ ધીમે ધીમે સામે છેડે જતાં અર્ધો કલાક થાય; પણ તેને ગૂંચળું વાળીને સળગાવો તો તરત જ ભડકો થઈને બળી જાય. માટે કર્મની સ્થિતિમાં વધઘટ ન થાય તે વાત ખોટી છે. એંસી વર્ષમાં ભોગવવાનું હતું તે આયુષ્ય પચ્ચીસ વર્ષમાં ભોગવાઈ જાય, એવું પણ બની શકે.

**૧૮. સભા :-** જ્ઞાની જ્ઞાનમાં અકાળ મૃત્યુ જુએ કે નહિ?

**સાહેબજી :-** આની બહુ જ અર્ધસમજ છે. અમુક એકાંત નિશ્ચયનયને માનનારા છે, તેમણે ઘણો પ્રચાર કર્યો છે કે જ્ઞાનીના જ્ઞાનમાં દેખાય છે તે ભવિષ્ય નિશ્ચિત છે. પરંતુ તેમણે નયવાક્ય પકડી ન શકવાના કારણે ઊંધો અર્થ કર્યો છે. પ્રસંગ એમ છે કે આદિનાથ ભગવાનને ભરત ચક્રવર્તીએ સમવસરણમાં પૂછ્યું કે, "ભાવિ તીર્થંકરનો જીવ આ પર્ષદામાં છે કે નહીં?" પ્રભુએ જવાબ આપ્યો "હા, તમારા દીકરા અને મારા પૌત્ર જે ત્રિદંડીના વેશમાં છે, તે ચોવીસમા તીર્થંકર થવાના છે." ઘણાએ આ વાક્યનો સાર નહીં સમજવાના કારણે, નયની વાત ન

પકડી શકવાના કારણે, છબરડા વાળી ઊંધો અર્થ કર્યો છે. તેઓ કહે છે કે, આટલા ભવ પછી મહાવીરસ્વામી બનશે, આવું પ્રભુએ જ્ઞાનમાં જોયું માટે તેમણે આ ભાખ્યું છે, માટે તેમના બધા જ ભવો ક્રમસર નક્કી થયેલા નિશ્ચિત હતા, માટે તેમાં ફેર થવાનો સવાલ જ નથી. મોક્ષ કઇ રીતે, કેટલા ભવે, કેટલા પુરુષાર્થથી થવાનો છે, તે હારમાળારૂપે નિશ્ચિત હતો; એટલે ભવિષ્યમાં ફેર ન થઇ શકે. આમ કહે અને બોલે કે વિધિના લેખ લખાયેલા હોય છે; એટલે ભવિતવ્યતા પ્રમાણે નક્કી હોય તેમાં ફેર થવાનો સવાલ નથી, તેથી પુરુષાર્થની વાતોથી કંઇ વળે નહીં.

૧૯. **સભા :-** આ ક્રમબદ્ધ પર્યાય જ કહેવાય ને?

**સાહેબજી :-** હા, બરાબર. બધા આ શબ્દો સમજી ન શકે માટે ક્રમબદ્ધપર્યાય શબ્દ બોલ્યો નહીં. બાકી શાસ્ત્રમાં જ ક્રમબદ્ધ પર્યાયનું પણ વર્ણન આવે છે. અત્યારે જેને ક્રમબદ્ધ પર્યાયનું પૂંછડું પકડાઇ ગયું છે તેઓ માને છે કે આ રીતે ભવિષ્ય નિશ્ચિત છે. પરંતુ જ્ઞાનીનું જ્ઞાન ભવિષ્યની ઘટનાનું કારણ નથી, કોઇ પણ ઘટના બને છે તે તેના કારણથી સર્જિત છે. માટે જે નિયતિએ ધાર્યું છે તે રીતે ભવિષ્યમાં થશે, આવું જે બોલશે તે જૈનશાસનની બહાર છે.

આ અંગે કલ્પસૂત્રમાં જેનો દાખલો આવે છે તે જોઇએ. ગોશાળો મહાવીરપ્રભુનો જાતે બની બેઠેલો શિષ્ય છે. ભગવાન સાથે તે વર્ષો સુધી વિચરે છે. તેને પ્રશ્ન થાય છે કે ભવિષ્યમાં જે બનવાનું હોય તે બનીને રહે છે કે કેમ? માટે તેને મન થયું કે પ્રભુનું જ્ઞાન કેવું છે તેની કસોટી કરું. હજુ ચોમાસું બેઠું નથી. પહેલો જ વરસાદ છે. તે વખતે વિહાર કરતાં રસ્તામાં ઘાસ ઊગી નીકળ્યું છે તેમાં એક તલનો છોડ જુએ છે. તેને જોઇને ગોશાળાએ પ્રભુને પ્રશ્ન કર્યો, "હે પ્રભુ! આ તલનો છોડ ઊગતી કળી જેવો છે તે ઊગશે કે નહિ, તેમાં તલ પેદા થશે કે નહિ? તેને મનમાં હતું કે ભગવાન કહેશે કે ઊગશે, તો મારે ઉખેડીને ફેંકી દેવો, અને એમ કહેશે કે નહીં ઊગે, તો તેને રાખી મૂકવો; કારણ કે તેને ઊલટું કરવું હતું. પ્રભુ આ જાણે છે છતાં પણ પોતાની રીતે જવાબ આપે છે કે, તલનો છોડ ઊગશે અને તેમાં જે શીંગ છે, તેમાં સાત જીવ પેદા થશે. આ ભવિષ્ય ભાખીને તેમણે આગળ વિહાર કર્યો ત્યારે ગોશાળાએ ઝાડને ઉખેડીને ફેંકી દીધું અને તેને નક્કી થઇ ગયું કે ભગવાનનું વચન ખોટું પડશે. પરંતુ પાછળથી વરસાદ વધારે પડ્યો, કાદવ વધારે થયો, અને એક ગાયનો પગ તે ઝાડના મૂળિયા પર પડ્યો,

જેથી મૂળિયું માટીમાં ઘૂસી ગયું; અને તેને પોષણ મળવાથી ઊગી નીકળ્યું, અને તેમાં સાત જીવ ઊગી નીકળ્યા. પછીથી પ્રભુ જ્યારે પાછા ફર્યા ત્યારે, ગોશાળાએ ફેંકી દીધેલું ઝાડ હતું ત્યાં, તલનો છોડ ઊગી નીકળેલો ગોશાળાએ જોયો. તેણે તેમાંથી શીંગ તોડીને જોઇ તો તેમાં સાત જીવ હતા. માટે તેણે નિયમ બાંધ્યો કે ભાવિરૂપે જે હોય છે, તે બનીને જ રહે છે, તેમાં મીનમેખ ફેરફાર થતો નથી. આમ માની નવો સિદ્ધાંત અપનાવ્યો. માટે પ્રભુની માન્યતાઓથી જુદો પડ્યો અને તે પછીથી તે સિદ્ધાંતના અનુયાયી વર્ગને લઇને જુદો ફરે છે. પ્રભુને કેવળજ્ઞાન થયા પછી ગૌતમ મહારાજ જાહેરમાં પૂછે છે કે, ગોશાળો પોતાની જાતને સર્વજ્ઞ કહેવડાવે છે, તો તમારા અને એનામાં સાચા સર્વજ્ઞ કોણ? ત્યારે પ્રભુ જવાબ આપે છે કે એણે નવો મત સ્થાપ્યો છે કે "ભવિષ્ય જેવું જ્ઞાનીએ જોયું હોય તેવું ભવિતવ્યતા પ્રમાણે થાય." પરંતુ તે મત ખોટો છે. માટે ગોશાળાના મતમાં મિથ્યાત્વ છે.

"જે જ્ઞાનીના જ્ઞાનમાં ભાખ્યું હોય તેવું જ થાય," તેવું એકાંતે માનનારા અત્યારે ઘણા નવા પાક્યા છે, અને જેમણે ફેલાવ્યું છે તેમણે મોટી થાપ ખાધી છે. હા, તમે પણ મહાવીરના અનુયાયી ભૂલમાં બની ગયા છો. જૈનશાસન કહે છે કે નિયતિમાં પણ પુરુષાર્થ દ્વારા ફેરફાર થઈ શકે છે. જૈનશાસનમાં અનેકાંતદષ્ટિ છે. વ્યવહારનય શું કહે છે તે તમને ખબર નથી, નિશ્ચયનય શું કહે છે તે ખબર નથી. એક ભાઈ મને કહે છે કે "સાહેબ, આપણે ભગવાનને કેવળજ્ઞાની માની લીધા તે મોટી ભૂલ છે." મેં પૂછ્યું કે શું થયું ભાઈ? તો કહે કે "કેવળજ્ઞાન આવી જવાથી ત્રિકાળજ્ઞાન આવી ગયું, માટે આખું ભવિષ્ય તે જાણે છે. માટે જે ભવિષ્ય નક્કી છે તે બનવાનું નક્કી છે." આવું બોલ્યા એટલે મે કહ્યું કે, તો પછી આ ભવિતવ્યતાવાદ આવી ગયો. તમને ખબર છે કેવળજ્ઞાન શું છે? ગોશાળાનો મત શું છે? જાણતા નથી માટે આવા ગોટાળા કરો છો. એકલી ભવિતવ્યતા, કર્મ, પુરુષાર્થથી કાંઈ થતું નથી; પરંતુ બધાં કારણોનું સંયોજન થવું જરૂરી છે. "ભવિષ્યમાં ફેરફાર ન જ થાય" તેવું માનનારા અનેકાંતવાદ સમજ્યા નથી. નિયતિ પણ એકાંતે નિયત નથી, પણ નિયતાનિયત છે, પુરુષાર્થ દ્વારા પરિવર્તનનો scope છે. કર્મમાં પણ પરિવર્તનનો scope છે, કાળ-સ્વભાવમાં પણ ફેરફારનો scope છે. કોઈપણ કારણને એકાંતે નિશ્ચિત માની લેવું તે નક્કી મિથ્યાત્વ કહેવાશે.

હવે ભવિષ્ય નિશ્ચિત છે કે અનિશ્ચિત છે? જો અનિશ્ચિત છે,.તો જ્ઞાનીએ

જોયું કેવી રીતે? અને નિશ્ચિત છે, તો તેમાં ફેરફાર થવાનો સવાલ ક્યાંથી?

ભવિષ્ય ભાખ્યું તે નિશ્ચયનયથી નક્કી છે અને વ્યવહારનયથી અનિશ્ચિત છે. તમારું ભવિષ્ય સાંજે શું થવાનું છે તે નક્કી નથી, તેમ વ્યવહારનય કહે છે. તમારો જેવો પુરુષાર્થ, જેવાં કારણ તેવી ઘટના. માટે ભવિષ્ય અનિશ્ચિત છે. માટે ભાવિનું સર્જન કરવું તે તમારા હાથમાં છે તેમ વ્યવહારનય કહે છે. વ્યવહારનય કહે છે કે પદ્ધતિસર જીવશો તો આયુષ્ય પૂરું ભોગવશો.

૨૦. **સભા :-** તો પછી એંસીનું પંચ્યાસી વર્ષ આયુષ્ય થશે?

**સાહેબજી :-** આયુષ્યને વધવાનો તો સવાલ જ નથી, પણ પદ્ધતિસર ભોગવે તો જ એંસી વર્ષ થાય.

ક્રમબદ્ધ પર્યાયથી એંસીનું પચ્ચીસ વર્ષનું થવાનું નક્કી હતું, જ્યારે અક્રમબદ્ધ પર્યાયથી એંસીનું પચ્ચીસ વર્ષનું થવાનું નક્કી ન હતું. એકને જ માનો તો મિથ્યાત્વનું લક્ષણ છે. ભગવાન ઋષભદેવને મરીચિ માટે જે પ્રશ્ન પુછાયો હતો તે નિશ્ચયનયથી પૂછ્યો હતો. માટે તેમણે જવાબ નિશ્ચયનયથી આપ્યો હતો. જો તેમણે વ્યવહારનયથી પૂછ્યો હોત તો વ્યવહારનયથી જવાબ આપત. ભગવાન તો કેવળજ્ઞાની છે, માટે તેઓ બેઉ નયથી જાણી શકે. એટલે બેઉ નયથી માન્ય પદાર્થોનું સ્વરૂપ કેવળજ્ઞાની જોઈ શકે. મરીચિના જીવને જો મોક્ષે વહેલા જવું હોય તો કઈ રીતે જવાય? એવો કોઈએ પ્રશ્ન પૂછ્યો હોત તો "જો એ જીવ ભૂલ કર્યા વગર, જ્ઞાનીએ કહ્યા પ્રમાણે આરાધના-સાધના કરે, તો પુરુષાર્થથી વહેલો મોક્ષે જાય." એમ કહે. માટે જ્ઞાનીને કયા એંગલથી પૂછે છે તે સમજવું પડે. જેમ અત્યારે કોઈ પૂછે કે આત્માનું મૂળ સ્વરૂપ કેવું? તો કહે શુદ્ધ. અને હાલમાં આત્મા કેવો? તો કહે અશુદ્ધ. તો પછી આ તો ઊલટપૂલટ જવાબો થયા. પરંતુ તેમને પૂછો એ રીતે કહે છે. માટે બંનેને સાચા કહેવા પડે.

ભવિ જીવો આટલી આટલી આ રીતે આરાધના કરશે અને આટલી આટલી વિરાધનાથી બચશે તો નક્કી ઉદ્ધાર થશે. તમે પણ વિરાધના કરશો તો સંસારમાં રખડશો.

"જ્યારે મોક્ષ થવાનો હશે ત્યારે જ થશે", તેવું જ હોત, તો ભગવાને ગૌતમસ્વામીને ન કહ્યું હોત કે "જરાપણ પ્રમાદ કરશો તો ડૂબી જશો."

**વ્યવહારનયથી પાંચે કારણ અનિશ્ચિત છે, નિશ્ચયનયથી પાંચે કારણ નિશ્ચિત છે.** નિશ્ચયનયથી આખા જગતનું ભવિષ્ય નક્કી છે, જ્યારે

વ્યવહારનયથી આખા જગતનું ભવિષ્ય અનિશ્ચિત છે. તેથી તમે એક જ નયને સંપૂર્ણ સત્ય માનો અને બીજાને ન માનો તો મિથ્યાત્વ લાગે. આ જગતમાં ક્ષણ પછી શું થવાનું છે, તે નક્કી નથી, પરંતુ જેવો પુરુષાર્થ કરશો તે પ્રમાણે થશે. તમે પુરુષાર્થના માલિક છો. વ્યવહાર આખો પુરુષાર્થપ્રધાન છે. વ્યવહારનયથી ભવિષ્યની બાજી ગોઠવવી તમારા હાથમાં છે. તમારી પોતાની ઈચ્છા પર તમારું ભાવિ છે. માટે ભવિષ્યમાં ફેરફાર થઈ શકે છે.

જ્ઞાની તેમના જ્ઞાનમાં ભવિષ્યને નિશ્ચિત પણ જુએ છે અને અનિશ્ચિત પણ જુએ છે, માટે તેઓ બોલે છે કે અકાળે મૃત્યુ થઈ શકે છે. જ્ઞાનીએ ૮૦ વર્ષનું આયુષ્ય જોયું હતું અને તેમાંથી ૨૫ વર્ષનું થઈ શકે તે પણ જોયું હતું.

૨૧. **સભા :-** સાહેબજી! આયુષ્ય પૂર્વના ભવમાં બંધાય ને?

**સાહેબજી :-** હા, છતાં કેટલાં વર્ષ ભોગવશે, કઈ રીતે ભોગવશે તે નક્કી નથી. એક જીવનું ૫૦ વર્ષનું આયુષ્ય બંધાયું તે નક્કી, પણ કઈ રીતે, કેટલું ભોગવશે તે નક્કી નથી. તેમાં અનિશ્ચિતતા પૂરેપૂરી છે. વ્યવહારનયના એંગલથી આ વાત છે.

૨૨. **સભા :-** સાહેબ! ઓરાનો મીનીંગ શું?

**સાહેબજી :-** તેજોવર્તુલ જેવું હોય છે. તમે જ્યાં બેઠા હો ત્યાં તમારા શરીરમાંથી અમુક કિરણો નીકળે છે. જેમ તીર્થંકરને ભામંડળ આવે છે, તેમના ઉત્કૃષ્ટ પુણ્યના કારણે ઉચ્ચ કક્ષાનું તેજસ્વી ભામંડળ સર્જાય છે, તેમ દરેક જીવને તેના પુણ્ય પ્રમાણે કાંતિ ફેંકાય છે અને તેનાથી આભામંડળ થતું હોય છે. પડછાયો સાથે આવે તેમ આભા સાથે જ જાય છે.

૨૩. **સભા :-** આભા દ્વારા મરણ નક્કી કરી શકાય?

**સાહેબજી :-** હા, આભા દ્વારા મરણ નક્કી કરી શકાય છે. યોગશાસ્ત્ર, યોગશતક બધા ગ્રંથોમાં મૃત્યુ જાણવા કેવા પ્રયોગ કરવા તે બતાવ્યું છે.

૨૪. **સભા :-** મનોવૃત્તિ અને લેશ્યા જુદી કે એક જ?

**સાહેબજી :-** મનોવૃત્તિ એ મનના વલણને સૂચવનાર છે અને તે વૃત્તિનો Base (પાયો) માન્યતા છે, જ્યારે લેશ્યા વિશાળ શબ્દ છે. મનોવૃત્તિ ટૂંકા અર્થમાં છે,

જ્યારે લેશ્યા મોટા અર્થમાં છે. જેમ મોટો હૉલ છે તેમાંનો એક ભાગ કાંઈ આખો હૉલ નથી, તેમ મનોવૃત્તિ તે લેશ્યાનો વિભાગ છે.

૨૫. **સભા :-** લેશ્યા એ જ ઓરા?

**સાહેબજી :-** ઓરાને જે લેશ્યામાં અત્યારે ખતવી છે, તે શાસ્ત્રવિરુદ્ધ છે. કારણ કે તમે ઓરાને લેશ્યા કહી પણ ઓરા તો જડ છે, જડ પુદ્‌ગલની રચના છે. પુદ્‌ગલમાંથી બને તેને તમે ભાવલેશ્યા કઇ રીતે કહી શકો?

૨૬. **સભા :-** દ્રવ્યલેશ્યા કહેવાય?

**સાહેબજી :-** દ્રવ્યલેશ્યા મનોવર્ગણાનાં પુદ્‌ગલ છે, અથવા કાર્મણવર્ગણાનો પેટા વિભાગ છે. તે visible નથી. જ્યારે ઓરા તો visible(દૃશ્ય) છે. માટે ઓરાને દ્રવ્યલેશ્યા કે ભાવલેશ્યા કહી શકાય નહિ. અત્યારે ધર્મના ક્ષેત્રમાં ગમે તે વાતને વિજ્ઞાન સાથે સરખાવવાનો લોકોને મોહ જાગ્યો છે. એકબીજા સાથે ટાંટિયા જોડી દે, પણ તે જોડાય કે નહિ તે ખબર નથી. માટે જે ઓરાને લેશ્યામાં ઘટાવે છે તેઓ લેશ્યાને સમજ્યા નથી, સમજવામાં ભીંત ભૂલ્યા છે. ઓરાને લેશ્યામાં મેળ બેસે તેમ જ નથી. કોઈ પણ વ્યક્તિ જતી હોય તો ઓરા સાથે જ જાય.

તમારા શરીરમાંથી સ્કંધો કે અણુનો ધોધ વહી રહ્યો છે અને વાતાવરણના અમુક પરમાણુ સંક્રાંત પણ પામે છે, પરંતુ ઓરા તો કોઈપણ વ્યક્તિના દેહ સાથે જાય છે. માટે ઓરાને લેશ્યા કહેવાય નહિ.

૨૭. **સભા :-** ચિત્તવૃત્તિ તે લેશ્યા છે?

**સાહેબજી :-** ચિત્તવૃત્તિ તે લેશ્યા નથી પણ લેશ્યાનો એક વિભાગ છે. લેશ્યાના બે પ્રકાર છે. (૧) દ્રવ્યલેશ્યા, (૨) ભાવલેશ્યા. દ્રવ્યલેશ્યા અણુ-પરમાણુરૂપ હોય છે. જેમ દ્રવ્યમન અદૃશ્ય છે, તેમ દ્રવ્યલેશ્યા અદૃશ્ય છે, છતાં તેની અસર છે; જ્યારે તમારા sub conscious mind (લબ્ધિમન)માં રહેલા જે સમગ્ર મોહાત્મક ભાવો છે તેને ભાવલેશ્યા કહીએ છીએ. ચિત્તવૃત્તિ ભાવલેશ્યાનો એક વિભાગ છે.

૨૮. **સભા :-** કષાય અનુરંજિત ભાવો તે ભાવલેશ્યા?

**સાહેબજી :-** કષાય કયા લેવા છે? કષાયોદય એટલે મનની સપાટી પર જે ભાવો તરવરે છે તે કષાયોદય છે. તે ઉપયોગ મનના ભાવો છે પણ લેશ્યા નથી. પરંતુ

કષાયો લબ્ધિમનના લેવાના. તેને સક્રિય કહ્યા છે. મનની ક્રિયા તે યોગ છે, જ્યારે લબ્ધિમનના કષાયરૂપે પ્રવર્તતા માનસિક ભાવો લેશ્યા છે અને તે યોગ નથી.

૨૯. **સભા :-** લેશ્યા સરખી હોઈ શકે?

**સાહેબજી :-** લેશ્યા કેવી ચીજ છે? દા.ત. આ દુનિયામાં સરખા મોંવાળા ઓછા મળશે. તેમ સરખી પ્રવૃત્તિવાળા કદાચ મળશે, પણ સરખી પ્રવૃત્તિમાં સરખા વિચારવાળા તો ઓછા જ મળે. જેમ ૧૦૦ માણસ જમી રહ્યા છે, ઊંઘી રહ્યા છે, બોલી રહ્યા છે; આ બધાની પ્રવૃત્તિ સમાન છે. તેમાં સાથે વિચારો સરખા એવા કેટલા મળશે? હવે પ્રવૃત્તિ અને વિચાર સરખા તેવા કદાચ લાખમાં બે મળી પણ જાય. દા.ત. એક માણસ ખાવા બેઠો છે. તેના ભાણામાં કારેલાનું શાક આવ્યું. ખાતાં તેને કડવું લાગ્યું. અણગમો થયો. માટે થયું કે આ તો માથે પડ્યું. તેમ બીજો માણસ પણ ખાવા બેઠો છે અને તેના ભાણામાં કારેલાનું શાક આવ્યું. ન ભાવતું હોવાના કારણે કડવું લાગ્યું, અણગમો થયો, માટે તેને પણ થયું કે આ તો માથે પડ્યું. આમ બંનેના વિચાર સરખા છે. બંનેને દ્વેષ છે. કારેલાના શાક પર અરુચિ છે. પ્રવૃત્તિ-દ્વેષ સરખા છે, છતાં પણ કદાચ તેનો આવેગ સરખો ન હોય, તફાવત હોય. અરે ચાલો, સરખો આવેગ પણ હોય, માટે દ્વેષ સમાન હોય, જેનાથી આવેગ સરખો થયો; પણ લેશ્યા તો જુદી જ પડવાની.

આમ, પ્રવૃત્તિ-વિચાર-કષાય-આવેગ સરખા હોય છતાં લેશ્યા જુદી પડે. અસંખ્ય તફાવત હોઈ શકે. આમાં તફાવત ક્યાં આવે? તો કહે છે લબ્ધિમનમાં તફાવત આવે. એકની એક પ્રવૃત્તિમાં પણ એની પ્રકૃતિમાં, માન્યતામાં, વૃત્તિમાં લાખ ગણો તફાવત હોય છે.

લબ્ધિમનમાં જે જે ભાવો છે તેનું નામ લેશ્યા છે. એક એક લેશ્યામાં અસંખ્ય અસંખ્ય સ્થાન માન્યાં છે, પણ આ લેશ્યાનાં છ નામ આપ્યાં છે. પ્રાયે કરીને માણસમાં સમાન સ્વભાવ, વૃત્તિ, પ્રકૃતિ સરખી કદાચ મળે, પણ કોપી ટુ કોપી મન અનંતામાં કેટલાનાં મળે?

૩૦. **સભા :-** અધ્યવસાય એટલે લેશ્યા?

**સાહેબજી :-** અધ્યવસાય એ ભાવોનો સમૂહ છે. અધ્યવસાયનો પેટા ભેદ લેશ્યા, અને તેના પેટા ભેદો વૃત્તિ અને પરિણતિ છે. આ બધાં સબડીવીઝનો છે. સરખા કષાયોદયવાળામાં પણ એક લેશ્યા કે અધ્યવસાય હોય તેવું નથી.

૩૧. **સભા :-** એક સાથે કેટલા કષાયોદય હોઇ શકે?

**સાહેબજી :-** તેનું પણ વર્ણન છે. આ ગહન વાત છે. તેને સમજવા ઘણો ટાઇમ જોઇએ. માટે અત્યારે આ વિષય લેતા નથી.

૩૨. **સભા :-** રક્ષાબંધન મનાય કે નહિ?

**સાહેબજી :-** રક્ષાબંધન તે લૌકિક પર્વ છે, લોકોત્તર પર્વ નથી. આપણા ધાર્મિક પર્વને આપણે લોકોત્તર પર્વ કહીએ છીએ. લૌકિક વ્યવહારથી જે પર્વો છે તેના ઉદ્દેશો ધર્મને અનુરૂપ હોતા નથી. તે પર્વોને ઊજવવાની પદ્ધતિ પણ ધર્મની વિરુદ્ધ હોય છે. માટે લૌકિક પર્વને આપણે ઊજવવું વાજબી નથી. પારકાં પર્વ છે માટે આવી વાત નથી. જૈન ધર્મ, સાચા પર્વને યોગ્ય રીતે સ્થાન આપવા તૈયાર છે. જેમાં ધર્મ સમાયેલો હોય તેની ઉજવણી કરતાં ધર્મનો વિકાસ થાય. ધાર્મિક ઉદ્દેશવાળાં પર્વ હોય તો ધાર્મિક પર્વ છે, પરંતુ તેમને ત્યાં તો મોજ-શોખ, રંગ-રાગ, વિકારોનું સાધન બને, કષાયોનું પોષણ થાય તે રીતે પર્વની ઉજવણી હોય છે. એટલે સંસારનો ઉદ્દેશ હોવાના કારણે તેને ધાર્મિક પર્વ કહેવાં વાજબી નથી.

દુનિયાના જેટલા ધર્મો છે તેમાં જૈન ધર્મનાં પર્વ અણિશુદ્ધ છે. જેમ.હવે પર્યુષણ આવશે, જે મહાન પર્વ છે. તેની ઉજવણી કઇ રીતે? તપ-ત્યાગ, અહિંસા, દયા, પરોપકાર, ક્ષમા વગેરે કેટકેટલા ગુણોનો તેમાં વિકાસ થશે, જેમાં પોતાના ગુણોનો વિકાસ થાય છે. દુનિયાનાં પર્વોમાં ઉદ્દેશ શું હોય છે? રક્ષાબંધનમાં ઉદ્દેશ શું છે?

૩૩. **સભા :-** ભાઇ-બહેનનો પ્રેમ.

**સાહેબજી :-** પણ તેમાં ભાવના શું? સંસારમાં સુખી થાઓ, દીર્ઘ આયુષ્ય થાઓ. શુભકામનાઓ બધી સંસાર માટે ને?

૩૪. **સભા :-** બેન પાસેથી ભાઇ રક્ષા માંગે છે.

**સાહેબજી :-** શેની રક્ષા? પાપની કે ધર્મની?

૩૫. **સભા :-** બેઉના પરિણામ છે.

**સાહેબજી :-** આ બધુ તમે બાંધો ત્યારે બોલો છો? રક્ષા જોઇએ છે માટે તમને ભય છે. હવે ભય શાનો છે? તે નક્કી કરવું પડે.

૩૬. સભા :-બેન પોષ્ય છે.

**સાહેબજી :-** તેમાં ના નથી. પણ રક્ષા શેની? અહીંયાં સંસારિક ભાવોમાં વાંધો પડે છે. તેમને ત્યાં આત્મિક હિતના ભાવો નથી. મારો ભાઇ જીવનમાં દુરાચારથી દૂર રહે, સુરક્ષિત રહે, દુર્ગુણો જીવનમાં ન આવે, સદ્‌ગુણોથી તેનું જીવન સુરક્ષિત રહે; આ ભાવથી બાંધે છે?

૩૭. સભા :- આ રીતે તે દિવસે રક્ષાપોટલી બંધાય?

**સાહેબજી :-** રક્ષાપોટલી ક્યારે કઇ રીતે બાંધવી તેની પણ શાસ્ત્રમાં વિધિ છે. જૈન ધર્મનાં પર્વ છે તેવાં ઉદ્દેશવાળાં આ પર્વો નથી. માટે તેમાં ભળો તો મિથ્યાત્વને પોષણ મળશે, જેથી પાપ જ બંધાશે.

---

- **યોગ્ય કામ કરવામાં વ્યક્તિ સ્વતંત્ર છે, પણ અયોગ્ય કામોમાં રાચવું એ સ્વચ્છંદતા છે, સ્વતંત્રતા નથી.**

- **ચિંતામણિ રત્ન કરતાં પણ ધર્મ દુર્લભ છે, સમ્યગ્દષ્ટિને ચિંતામણિ રત્નની જેટલી કિંમત ન હોય તેટલી ધર્મની કિંમત હોય છે.**

- **સંસારનું સુખ જેમ ભોગવો તેમ ઘટે, જ્યારે આત્માનું સુખ જેમ ભોગવો તેમ વધે.**

- **નવતત્ત્વનું જ્ઞાન કદાચ ઓછું હોય તો હજુ ચાલે, પણ નવતત્ત્વની ભાવથી શ્રદ્ધા ન હોય તો ન ચાલે. ભાવથી શ્રદ્ધા કરવા માટે આખું માનસ બદલવાની જરૂર છે.**

- **સુખ તો પરમગતિરૂપ મોક્ષમાં જ છે.**

✿ સુખની સંવેદના એ આત્માનો ઈજારો છે. સુખ એ આત્માનો ગુણ છે. સુખની ઉત્પત્તિ આત્માથી જ છે.

✿ ગુણસ્થાનકનો બોધ હોય તેને જ ખબર પડે કે ભગવાનના સાચા ભક્ત બનવું કેટલું દુષ્કર છે. ભવ્યત્વની છાપ મળી જાય તેથી કાંઈ નિસ્તાર થતો નથી. સંસારના સુખથી મુક્તિ તે જ સાચી મુક્તિ છે. આવી સંવેદનાત્મક શ્રદ્ધા અતિ દુષ્કર છે.

✿ સંસારનું સુખ જેમ ભોગવો તેમ ઘટે, જ્યારે આત્માનું સુખ જેમ ભોગવો તેમ વધે.

✿ તત્ત્વનું અજ્ઞાન એ જ મોહનું શરીર છે, જ્યારે તત્ત્વનું જ્ઞાન એ જ ચારિત્રધર્મનું શરીર છે.

✿ સંસારમાં જીવ પરતંત્ર છે, મોક્ષમાં જીવ સ્વતંત્ર છે.

✿ અધ્યવસાયની મધુરતા માણે તે જ મોક્ષે જાય છે. જેના અધ્યવસાય કલુષિત છે તે રિબાઈ રિબાઈને મરે છે.

✿ જ્ઞાનને આત્મામાં પચાવવાની જરૂર છે. જૈનશાસનમાં કોરા જ્ઞાનની કોઈ કિંમત નથી, પરિણત જ્ઞાનની જ કિંમત છે. જ્ઞાનની જ્ઞાનમાં સાર્થકતા નથી, એના પરિણમનમાં સાર્થકતા છે.

✿ જેને મોક્ષ નથી ગમતો તેણે હજી સમજણરૂપે મોક્ષને જાણ્યો નથી. અભવ્યને એ જ વાત નથી સમજાતી કે પુદ્ગલના અભાવમાં સુખ હોઈ શકે છે. સંસારમાં રહીને સંસારાતીત અવસ્થાનું ભાન કરવું, તેને પામવાનું લક્ષ્ય કેળવવું અને તેમાં પુરુષાર્થ કરવો તે અલૌકિક કામ છે, દુષ્કર કામ છે.

# ૪

તા. ૧૩-૮-૯૫, રવિવાર, શ્રાવણ વદ ત્રીજ, ૨૦૫૧

૩૮. **સભા :-** અમે ચોવિહાર ગૃહ ચલાવીએ છીએ તે બરાબર છે કે?

**સાહેબજી :-** તમારે ચોવિહાર ગૃહ કેમ ઊભાં કરવાં પડ્યાં તે વિચારવા જેવું છે. જેમ ભૂતકાળમાં મોટાં મોટાં શહેરો હતાં, માઈલોના માઈલોમાં વિસ્તૃત શહેર હતાં, છતાં પણ ત્યાંનાં તંત્ર એવાં હતાં કે તેમને આરાધના કરવામાં ક્યાંય બાધ ન આવે. પરંતુ અત્યારે તમારી વ્યાખ્યા શું છે? કામ ઘણું છે, ટાઇમ નથી. દોડાદોડી પણ તમે બીનજરૂરી કરો છો. આ મુંબઇમાં સવારે દરરોજ ચાલીસથી પીસ્તાલીસ લાખ માણસો પરામાંથી પાર્સલની જેમ ઠલવાય છે, બીજી બાજુ સાંજે બકરાની જેમ ભરાઇને પાછાં જાય છે. આ બધામાં સમય, શક્તિ, પૈસા કેટલા બરબાદ થાય છે? દેશને તેનાથી શું મળે છે? પરંતુ તમે તો તેને આધુનિક વિકાસ કે પ્રગતિ માનો છો. પરંતુ અમારી દૃષ્ટિએ આર્થિક કે સામાજિક દૃષ્ટિએ લાભ નથી. રેલ્વે લાઇન પાછળ કેટલા ખર્ચા થાય? તમારો આજનો જમાનો આ પ્રમાણે છે, માટે ચોવિહાર હાઉસ ઊભાં કરવાં પડ્યાં છે. હવે આ કરવા પાછળ એવા ભાવ હોય કે આના દ્વારા સાધર્મિકના રાત્રિભોજનની અટકાયત થાય છે, તો પુણ્ય બંધાય. તેમાં પાપ ક્યારે લાગે કે તેમને ખપે તેવું ન હોય અને આપો તો પાપ લાગે છે, માટે જયણા બરાબર સાચવવી પડે. ભક્તિનો ભાવ છે, માટે જયણા સાચવવાની જવાબદારી આવે છે. પણ ઊંધું કરો તો પાપ લાગે અને કરવા પાછળ શુભ ભાવ જોઈએ.

૩૯. **સભા :-** જય જિનેન્દ્ર બોલવું એટલે શું?

**સાહેબજી :-** આત્મામાં જિનશાસન વસેલું છે, માટે તમે જિનેશ્વરદેવોનો જયકાર બોલો છો. જિન એટલે પરમાત્મા. આ જિનો તો સાધના કરીને મોક્ષે ગયા, પણ તે જિનેશ્વરે બતાવેલો મોક્ષમાર્ગ જગતમાં પ્રવાહરૂપે ફેલાય, તે સોળે કળાએ ખીલે, તેનો જયજયકાર થાય; આ બધા શુભ ભાવ જય જિનેન્દ્રમાં સમાયેલા છે.

૪૦. **સભા :-** સાહેબજી! હવે તો જય જિનેન્દ્ર શબ્દ 'શબ' ઉપાડીને લઇ જતાં બોલાય છે.

**સાહેબજી :-** તે ખોટું છે. આ શબ્દ પવિત્ર વાતાવરણમાં બોલાય, અપવિત્ર સ્થાનોમાં નહિ. ભગવાનનું નામ પવિત્ર સ્થાનમાં જ લેવાની વાત છે. યોગબિંદુમાં લખ્યું છે કે મા-બાપનું નામ પણ અપવિત્ર સ્થાનમાં લેવાય નહિ, લો તો અવિનય છે. હવે જો સંસારી પૂજ્ય વ્યક્તિનું નામ અપવિત્ર સ્થાનમાં ન લેવાય તો જિનેશ્વરદેવોનું નામ કેમ લેવાય? ઘણાને એમ છે કે આપણો ધર્મ બધે ગોઠવી દો, પણ એમ ગોઠવાય નહિ. તે વખતે કાંઇ હોહા મચાવીને જવાનું નથી, શોકાતુર થઇને જવાનું છે.

૪૧. **સભા :-** સાહેબજી! હવે તો સ્મશાનમાં નાસ્તાપાણી કરે છે.

**સાહેબજી :-** તે તમારી હૈયાની લૂખાઇનો નમૂનો છે.

૪૨. **સભા :-** સાહેબજી! મહાત્મા કાળધર્મ પામે ત્યારે પણ બોલાય છે ને?

**સાહેબજી :-** ત્યારે શું બોલાય છે ખબર છે? તે વખતે 'જય જય નંદા, જય જય ભદ્દા' બોલાય છે, અને બીજી બાજુ મહાત્માના દેહને પવિત્ર મનાય છે; જ્યારે ગૃહસ્થદેહને તો પવિત્ર મનાતો નથી. મહાત્માએ આ દેહનો આત્મકલ્યાણ માટે પંચ મહાવ્રતો પાળવામાં ઉપયોગ કર્યો છે. તપ-ત્યાગ-સંયમથી આત્મસાધના કરવામાં ઉપયોગમાં આવેલો દેહ છે, માટે તે પવિત્ર છે. છતાં પણ ત્યાં તીર્થંકર ભગવાનનું નામ નથી લેતા.

૪૩. **સભા :-** સાહેબજી! ધાર્મિક આમંત્રણ પત્રિકામાં ભગવાનના ફોટા છપાય છે, નામો લખાય છે, તેમાં આશાતના ખરી?

**સાહેબજી :-** હા, આશાતના ખરી. અમે કાંઇ તેવું કરવાનું કહેતા નથી. તમારી નવા જમાનાની લાઇફ સ્ટાઇલનો આ પડઘો પડ્યો છે. પહેલાં આટલો વ્યવહાર નહોતો, પણ હવેથી આ ચાલુ થયું છે અને તેનો પડઘો ધર્મના ક્ષેત્રમાં પણ ચાલુ થયો છે. અત્યારે ધર્મના પ્રસંગોની ઉજવણી કરવા આના સિવાય કોઇ માધ્યમ રહ્યું નથી. માટે પત્રિકા મોકલાય છે. તેમાં જયણા જળવાય તો સારું. પ્રત્યેકની જૈન તરીકે આ ફરજ છે. ફોટા ન છપાય છતાં લખાણ અને નામ તો આવશે. આટલો વ્યવહાર પહેલાં નહોતો. જેમ પહેલાં વાહનો હતાં, છતાં પણ લોકો

આટલું રખડતા ન હતા, જ્યારે અત્યારે આખું ગામ રખડે છે. માટે અમે કહીએ કે તીર્થયાત્રા વધારે કરો. અત્યારે ઘણા પત્રિકાને ખોટા ખર્ચા માનીને તૂટી પડે છે, તે પણ બરાબર નથી. તમે ધર્મપ્રભાવના, શાસનપ્રભાવનાનો અર્થ સમજ્યા નથી. પણ તેમાં મર્યાદા-જયણા સાચવવાની છે.

૪૪. **સભા :-** લગ્ન પત્રિકામાં ભગવાનનું નામ લખાય?
**સાહેબજી :-** હા, મંગળ તરીકે લખવું જોઈએ. પરમાત્માનું નામસ્મરણ કરી શ્રાવક સંસારનાં દરેક કામ કરે. ભગવાનનું નામ શું કામ લેવાનું છે, તે વિચારવું પડે, સમજવું પડે.

૪૫. **સભા :-** ઘણા દેરાસરમાં પહેલી કંકોત્રી મૂકે છે તે બરાબર છે?
**સાહેબજી :-** હા, વાંધો નથી. દેવ-ગુરુને યાદ કરીને સંસારનાં કોઈ પણ કામ કરે તે શ્રાવકનો ઉચિત ધર્મ છે, પણ આશય શું છે તે વિચારવું જોઈએ. જેમ તમે ધંધો કરવા જતાં ભગવાનનું નામ લો છો, તેનું શું કારણ? તમે ત્યાં સારી રીતે ઘરાકને શીશામાં ઉતારી શકો, જેનાથી સારો લાભ મળે, શું તે માટે ભગવાનનું નામ લેવાનું છે? તમે ખોટા કામમાં સફળ થાવ, પાપમાં પણ સફળ થાવ, તે માટે લેવાનું નથી; પરંતુ ધંધો કરવામાં સદ્બુદ્ધિ મળે, સત્યનિષ્ઠા જળવાઈ રહે, ભગવાનની આજ્ઞા મુજબના ભાવો રહે તે માટે દેવ-ગુરુનું નામ લેવાનું છે. આપણે ત્યાં શાસ્ત્રમાં દાખલો પણ આવે છે કે, લગ્ન કરવા જતાં પહેલાં હજારો સખી સાથે સાધ્વીજી પાસે વંદન કરી આશીર્વાદ લેવા ગયાં. પવિત્ર આશય રાખીને દેવ-ગુરુનું નામ લો તેમાં ખોટું નથી, સંસારમાં પણ બધું પવિત્ર આશય રાખીને કરવાનું છે.

તમે વચમાં પ્રશ્ન પૂછ્યો એટલે આગળના સવાલનો જવાબ અધૂરો રહી ગયો હતો, તેનો હવે જવાબ આપી દઉં છું. તમારાં સગાંસંબંધીઓ મૃત્યુ પામે ત્યારે તમને શોકની લાગણી થાય તે યોગ્ય છે અને જો ન થાય તો તે હૃદયની લુખ્ખાઈ છે. અત્યારે ઘણા શું કહે છે કે રડવાનું નહિ, શોક સંતાપ નહિ કરવાનો, જરૂર પડે પ્રાર્થનાસભા ગોઠવી દેવાની અને આવનાર વ્યક્તિના હાથમાં માળા આપી દેવાની. આ આપણી આર્ય પ્રણાલિકા નથી. આ બધા તો નવા નવા કરી દીધેલા વ્યવહારો છે. પણ આર્યદેશના ઉચિત વ્યવહારો સમજવા જોઈએ. જેમ લગ્ન આનંદનો પ્રસંગ છે, તેમ મૃત્યુ એ સ્વજનના શોકનો પ્રસંગ છે. જેમ તમને

ગૂમડું થાય તો પણ તમે સવારથી સાંજ સુધી ચિંતા કરો છો અને રોગ થયો હોય તો તેનો તમારા મોં ઉપર આઘાત પણ દેખાય છે; જ્યારે તમને જેની સાથે લોહીનો સંબંધ હતો, વર્ષો સુધી સગા-સંબંધી તરીકે સાથે રહ્યા હતા, અને તે મરી જાય અને કશું ન થાય, તો તમે હૈયાફૂટ્યા છો. માટે શોક-સંતાપ ન થાય તેવું નથી. પરંતુ શોક-સંતાપ કરવાથી આર્તધ્યાન થાય છે. કારણ કે ત્યાં તમે સ્વાર્થના કારણે રડો છો. હવે તમે રડવાનું બંધ કર્યું છે અને સ્મશાનમાં નાસ્તા-પાણી કરતા થઇ ગયા છો. જેની સાથે પચ્ચાસ વર્ષ રહ્યા તે કાયમ માટે વિખૂટો પડે છતાં તમને તેની કોઇ અસર નહીં, અને સાંજ સુધીમાં તો તમે ટોળટપ્પા કરો છો, તે શું બરાબર છે? શ્રાવક લાગણીશીલ હોય કે ધીઠ્ઠો હોય? તેનું કેવું હૃદય હોય તે ખબર છે? **તમે સ્વજનના મૃત્યુ વખતે તેના ગુણો અને સારી વાતો યાદ કરી રડો કે શોક થાય તે બરાબર છે, પણ સ્વાર્થ ખાતર રડશો તો આર્તધ્યાન થશે.**

૪૬. **સભા :-** ગુરુ કાળધર્મ પામે ત્યારે શિષ્યથી શોક કરાય ખરો? અને શિષ્ય કાળધર્મ પામે ત્યારે ગુરુથી પણ શોક કરાય ખરો?

**સાહેબજી :-** હા, થાય. ગુરુ પોતાના ઉપકારી છે, માટે શિષ્યને પ્રશસ્ત શોક થાય છે. શાસ્ત્રમાં દૃષ્ટાંત આવે છે. પૂ.આ.ભગવંત શ્રીશય્યંભવસૂરિજી, ભગવાન મહાવીરસ્વામીના ચોથા પટ્ટધર છે. તે સંઘના નાયક છે, લાખો શિષ્યોના ગુરુ છે. જ્યારે મનકમુનિ કાળધર્મ પામ્યા ત્યારે તેમની આંખો ભીની થઇ ગઇ હતી. ત્યારે ઘણા શિષ્યોને થયું કે આવા ધીર-ગંભીર મહાત્માએ ઘણા જીવોને અંતિમ સમયે નિર્યામણા કરાવી આરાધના કરાવી છે, છતાં પણ તેમની આંખમાં પાણી જોયું નથી; માટે તેમને પૂછ્યું કે, "આપનો આ બાળક જેવો શિષ્ય, માત્ર છ મહિના જ આપની સાથે રહ્યો છે, છતાં પણ શું કામ શોક થયો?" ત્યારે જવાબ આપે છે કે, શોકનાં આંસુ નથી હર્ષનાં આંસુ છે. અને આ વાક્યનો અર્થ નહિ સમજનારા ઊંધો અર્થ ઘટાવે છે; કહે છે, દીકરાની મમતા હતી માટે પાણી આવ્યાં હતાં. પરંતુ દીકરાની મમતાથી પાણી નથી આવ્યાં. તેમણે કહ્યું કે તેની સાથે મારે પુત્રનો સંબંધ હતો. તેનું આત્મકલ્યાણ કરવું જોઇએ તે હું કરી શક્યો છું. માટે તે હર્ષનાં આંસુ હતાં.

૪૭. **સભા :-** સાહેબજી! તે સત્કૃત્યની અનુમોદના હતી?

**સાહેબજી :-** હા, કર્તવ્ય બજાવ્યાની અનુમોદના હતી. માટે શિષ્યો કહે છે કે,

અમને પહેલાં કહ્યું હોત તો ગુરુપુત્રની વૈયાવચ્ચનો લાભ મળત. ત્યારે ગુરુએ કહ્યું કે મેં એટલા માટે જ ન કહ્યું, નહીં તો તમે ગુરુપુત્ર માની તેને ફૂલની માફક સાચવત; તો તે જીવને મહાત્માઓની વૈયાવચ્ચનો કઇ રીતે લાભ થાત? માટે પ્રશસ્ત શોક અને પ્રશસ્ત હર્ષ થાય તેમાં વાંધો નથી. શિષ્ય, ગુરુ કે શ્રાવકના શોક કે હર્ષમાં ગુણાનુરાગ જોઇએ, તે ગુણજન્ય જોઇએ, જો તેવું હોય તો માન્ય છે. પરંતુ સ્વાર્થ સાથેના હર્ષ-શોકને આપણે બિરદાવતા નથી. પરંતુ અત્યારે તમે તો માનવતાના ગુણોને પણ ગુમાવી રહ્યા છો.

૪૮. **સભા :-** સાહેબજી! તપ-ત્યાગ-સંયમમાર્ગથી વાસના-વિકારોને વશ કર્યા, જેનાથી બાહ્ય મન શાંત થશે, પણ તેને જડમૂળથી ઉખેડવા શું કરવું?

**સાહેબજી :-** મૂળભૂત પાયાની વૃત્તિઓને ઉખેડવાનું વર્ણન આગળ આવશે. મૂળમાંથી આખું સંશોધન કરવાનું આવશે. ધ્યાન, ઉપયોગમન સાથે સંકળાયેલું છે; જ્યારે લેશ્યા, લબ્ધિમન સાથે સંકળાયેલી છે. જ્યારે છેલ્લે આ બંનેનું વિવેચન આવશે ત્યારે બંનેને સાથે લઇને છણાવટ કરીશું.

૪૯. **સભા :-** શ્રીમદ્ રાજચંદ્રને મનાય કે નહિ?

**સાહેબજી :-** જાહેરમાં પૂછ્યું છે માટે ખુલાસો કરું છું. જૈનધર્મનો જૈનેતર ધર્મ પ્રત્યે અભિગમ શું? જ્યાં પણ જેટલું સારું અને સાચું છે તે અમને અહીં બેઠાં મંજૂર છે. માટે જ અમે તેની પ્રશંસા, સમર્થન, વખાણ કરી સપોર્ટ પણ આપીએ છીએ. સત્ય ગમે ત્યાં રહેલું હોય તેને અપનાવવામાં મતભેદ કે પૂર્વગ્રહ રાખવાનો નહિ. તેથી કોઇ પણ ધર્મના સ્થાપક પ્રત્યે અમને રાગ-દ્વેષ નથી. માટે એ વ્યક્તિ સાથે અમારે અંગત મતભેદ કે અણગમો નથી. પણ જ્યાં ખોટી વાત છે તેને તો અવશ્ય ખોટી કહેવી જ પડે. ઘણા કહે છે કે બધાનું સારું જ જોવું, ખોટી વાતમાં પડવું નહિ; પરંતુ આવી ઘાલમેલ તો થાય જ નહિ. સત્ય-અસત્યનો શંભુમેળો કરવાની વાત નથી. માટે જાહેરમાં વાત આવે ત્યારે તટસ્થતાથી સમીક્ષા કરવી પડે. જેટલું સાચું છે તેટલું સાચું, પણ જેટલું ખોટું છે તેટલું ખોટું તો કહીશું.

શ્રીમદ્ ગૃહસ્થ હતા, માટે તેમને ગુરુ તરીકે મનાય નહિ. તેમણે ગૃહસ્થપણામાં રહીને બધાં લખાણો કર્યાં છે. તેમાં તત્ત્વની વાતો, વૈરાગ્યસભર લખાણ પણ છે. તેમના બેકગ્રાઉન્ડમાં તેઓ નોનજૈન હતા. પછી જૈનોના પરિચયમાં આવવાથી ધર્મના વિષયમાં સ્વપ્રજ્ઞાથી વિચારીને લખાણ કર્યું છે.

પણ તેમાં ઘણી જ ત્રુટિઓ છે. કારણ તેમને શાસ્ત્રનો સાંગોપાંગ અભ્યાસ કરવાનો મોકો મળ્યો ન હતો. તેમના લખાણનાં અનેક પાનાંમાંથી હું ભૂલો કાઢી આપી શકું તેમ છું. માટે અમે શાસ્ત્રદષ્ટિએ બધું જ સાચું છે તેમ તો ન જ કહી શકીએ.

**શ્રીમદ્ રાજચંદ્રનો જે સંપ્રદાય ચાલે છે, તેનાથી એક મોટો ઉન્માર્ગ સ્થપાયો છે. આપણા શાસ્ત્રમાં કદી ગૃહસ્થ, ગુરુ તરીકે પૂજાય નહિ. ગુરુપદ ગૃહસ્થને હોય જ નહિ. જે ગૃહસ્થ ગુરુપદને આચરે અને માને તેનામાં મહામિથ્યાત્વ છે.** આપણા શાસ્ત્રમાં આવે છે કે ભગવાન સુવિધિનાથ અને ભગવાન શીતલનાથની વચ્ચેના પીરીયડમાં શાસનમાં સાધુસંસ્થા નાશ પામી ત્યારે, વિદ્વાન-પ્રજ્ઞાવાળા શ્રાવકોને લોકોએ ગુરુ તરીકે પૂજ્યા. ત્યારે લખ્યું કે "આ જે એક મિથ્યામાર્ગ ચાલ્યો, તે અચ્છેરું હતું"

૫૦. **સભા :-** અસંયતિની પૂજા થઇ ને?

**સાહેબજી :-** હા, જે કંચન-કામિનીના ત્યાગી નહિ, તેને ગુરુપદમાં પૂજાય નહિ. ભરત મહારાજાને આરીસાભુવનમાં કેવળજ્ઞાન થયું ત્યારે, ઇન્દ્રમહારાજા ભક્તિથી દેવલોક છોડીને આવ્યા છે. પણ આવીને હાથ જોડીને કહે છે કે "પહેલાં આપ વેશ બદલો." વેષ બદલ્યા પછી જ તેઓ વંદન કરે છે. હવે કેવળી પણ જ્યારે ગૃહસ્થપણામાં પૂજાતા નથી, તો બીજા ગૃહસ્થ તો કઇ રીતે પૂજાય? માટે શાસ્ત્રદષ્ટિએ આ એક મોટો ઉન્માર્ગ છે. જો ગૃહસ્થ ગુરુપદમાં પૂજાય તો કંચન-કામિનીના ત્યાગી જ ગુરુપદમાં હોય એ વાત કેન્સલ થઇ જશે. આ તો શીર્ષાસન છે. તે સંપ્રદાયમાં આવી તો બીજી ઘણી વાતો છે કે જે ખોટી કહેવી પડે.

વીતરાગ તત્ત્વ, ઈશ્વર તત્ત્વનું તેમનું લખાણ વાંચતાં થાય કે તેઓ જૈનશાસનના પરમાત્મ તત્ત્વને સમજી શક્યા નથી. તેમને ઘણી બાબતમાં ભ્રમણા રહી છે. ઈરાદાપૂર્વક નથી, પણ અજ્ઞાનદશાના કારણે ઉપદેશમાં ઘણી જ ભૂલો થઇ છે. એમની વાતોને એક્ઝેટ માને તે ઉન્માર્ગે જશે, જેથી સમકિતનો તેને સવાલ આવતો જ નથી.

અમે આ બધું પ્રામાણિકતાથી, તટસ્થતાથી સમાલોચન કરીએ છીએ. મનમાં જરાપણ અકળાશો નહિ. જેનો પણ તમને અનુરાગ થઇ ગયો હોય, તેની પછીથી જો ખોટી વાતની સમીક્ષા સાંભળવાની આવે, તો પણ તમે પ્રમાણિકતાથી સાંભળી શકો તેવું તમારું માનસ જોઇએ. ખ્યાલ ન આવે તો ખુલાસો કરશો, પણ મનમાં કદાગ્રહ રાખી અકળાતા નહિ અને ગમે તેવો

અભિપ્રાય બીજા માટે બાંધતા નહિ. આટલી પ્રમાણિકતા તો તમારે આરાધક બનવું હોય તો જોઇએ જ. અમે તેમની સારી અને સાચી વાતોનાં વખાણ જાહેરમાં કરવા તૈયાર છીએ, પણ ખોટાની તો ભેળસેળ થાય જ નહિ. અન્ય ધર્મની સારી વાતો અમે જાહેરમાં કરીએ છીએ. પૂ. ઉપાધ્યાયજી અને પૂ. હેમચંદ્રસૂરિજીએ ઘણે ઠેકાણે વખાણ કરી ગીતાનાં પણ ક્વોટેશનો આપ્યાં છે, મહર્ષિ ભગવાન પતંજલિ વગેરેનાં પણ વખાણ કર્યાં છે. સાચુ ગમે ત્યાં હોય તે સ્વીકારવા તૈયાર છીએ. અમને સત્ય સાથે વિરોધ નથી. સત્ય અને ધર્મનો અભેદ છે માટે અમે સાચાનાં વખાણ કરવા તો તૈયાર છીએ.

૫૧. **સભા :-** સાહેબ! તેઓ માનતા કે તેઓ શુદ્ધ સમકિતી છે.
**સાહેબજી :-** અંગત અભિપ્રાય જુદી વસ્તુ છે, પણ શાસ્ત્ર સર્ટીફાઇડ કરે તો જ ભૂમિકાનો નિર્ણય સત્ય ગણાય. સમકિતના શાસ્ત્રીય લક્ષણ પ્રમાણે દેવ-ગુરુ-ધર્મતત્ત્વની ઓળખ ભ્રમરહિત જોઇએ, પરંતુ ઇશ્વર સૃષ્ટિનો કર્તા-હર્તા છે તેવી સમજણ તેમના વિધાનોમાંથી વ્યક્ત થતી દેખાય છે, જે જૈનશાસ્ત્રવિરુદ્ધ છે.

૫૨. **સભા :-** તેમનામાં માર્ગાનુસારીના ૩૫ ગુણ હતા?
**સાહેબજી :-** તમે માર્ગાનુસારીના કયા ૩૫ ગુણ લો છો? માર્ગાનુસારીના ગુણ બે પ્રકારે છે. (૧) લૌકિક માર્ગાનુસારીના ગુણ અને (૨) લોકોત્તર માર્ગાનુસારીના ગુણ, જે મોક્ષમાર્ગના છે.

જયવીયરાયમાં બોલો છો ને? 'ભયવં! ભવનિવ્વેઓ મગ્ગાણુસારિયા'. એટલે 'સંસારમાં વૈરાગ્ય' પછી 'મગ્ગાણુસારિયા' મૂક્યું. માટે વૈરાગ્ય વગરના આ ૩૫ ગુણ હોય તો તે લૌકિક થશે. વૈરાગ્ય સાથેના ૩૫ ગુણવાળો ગમે ત્યાં રહેલો હશે તો પણ તે મોક્ષમાર્ગમાં છે. જે સાચા અર્થમાં સંસારથી વિરક્ત અને મુમુક્ષુભાવને પામેલો હોય અને જેને પોતાનો કદાગ્રહ ન હોય, તે મોક્ષમાર્ગને પામેલો છે. માટે પોતાના માર્ગનો કદાગ્રહ ન જોઇએ.

તેમનામાં વૈરાગ્યની ઘણી વાતો છે, પણ કદાગ્રહ છે કે નહિ તે તો પરિચય કેળવવાથી જ ખબર પડે. હું કાંઇ તેમને મળ્યો નથી, માટે વ્યક્તિગત રીતે હું નહીં કહી શકું. જો મારામાં પણ પૂર્વગ્રહ હોય તો મારામાં પણ માર્ગાનુસારીના ગુણ નથી. માટે સારી-સાચી વાતોની પ્રશંસા કરવાની અને ઉન્માર્ગની વાતોનું ખંડન પણ કરવાનું.

તેઓ પોતાની જાતને પરમાત્મા તુલ્ય માનતા હતા. તેઓ કહેતા "ભગવાન મહાવીર જે દશા અનુભવી રહ્યા છે, તે દશા હું અનુભવી શકું છું." આના કરતાં પણ ઘણી ભયંકર વાતો તેમણે કહી છે.

એક વખત પ્રભુનું જન્મકલ્યાણક હતું. વરઘોડો જતો હતો. રથમાં પ્રભુની પ્રતિમા બિરાજમાન કરી જયજયકાર કરતા લોકો જઇ રહ્યા છે ત્યારે, તેઓ ગ્લાન, ઉદાસીન થઇ ગયા. ત્યાં તેમના અનુયાયીઓએ પૂછ્યું, હરખાવાના બદલે આપ શોકાતુર કેમ થઇ ગયા? ત્યારે જવાબ આપ્યો કે, આ લોકો મૂર્ખા છે; જીવતા મહાવીરને છોડીને મરેલા મહાવીરને પૂજી રહ્યા છે. "આ વાત કહીએ છીએ તેમાં અમને ગર્વ આવી રહ્યો છે તેવું નથી, પણ મહાવીર જે દશા અનુભવી રહ્યા છે, તે દશા હું અનુભવી રહ્યો છું." હવે તેમને ખબર નથી કે ભગવાન મહાવીરની કઇ કક્ષા હતી, કઇ અવસ્થા હતી, તેનો તેમને કેવો અનુભવ હતો. કઇ કક્ષામાં કેવી મનોદશા હોય તેની તેમને જાણકારી નહોતી.

મેં ૧૬ વર્ષની ઉંમરે એમનું સાહિત્ય વાંચેલું, ત્યારે થયું હતું કે આપણાં શાસ્ત્ર સાથે માન્ય થાય તેમ નથી. ગુરુ મહારાજે સાઉથમાં મને દર્શનશાસ્ત્રનો અભ્યાસ કરવા મોકલેલો. આંધ્રમાં અનંતપુર ગામ હતું. ત્યાં લગભગ ૧૦૮ જેટલાં જૈન મારવાડીનાં ઘર હતાં. સુખી શ્રાવક પરમાત્માના ભક્ત હતા. તેઓને ખબર પડી એટલે મારી પાસે આવીનેં કહે, પર્યુષણની આરાધના કરાવો. પછી પરિચય વધતાં શ્રીમદ્‌ના એક શ્રાવકે ખૂબ જ આગ્રહ કર્યો કે, આ સાહિત્ય વાંચો, તેમાંથી પ્રેરણા લો અને અનુરાગી બનો. પણ મેં તો તટસ્થતાથી વાંચ્યું. પછી ચર્ચા પણ તેઓએ ઘણી કરી. સેંકડો પોઇન્ટ તેમાંથી નીકળ્યા. તેમાં શાસ્ત્ર સાથે ડગલે ને પગલે વાંધો આવે તેવું હતું.

તેઓ કહેતા "ધર્મ નિવૃત્તિમાં છે, પ્રવૃત્તિમાં ધર્મ નથી" પરંતુ એકાંતે એવું બોલાય નહિ. માટે ઘણી જ ભૂલો હતી. તેને અમે તટસ્થતાથી શાસ્ત્રીય રીતે પુરવાર કરી શકીએ તેમ છીએ. અમારી સામે ભગવાન મહાવીર માટે ઊંધું બોલે તો પણ અમે શાંતિથી સાંભળીને પ્રમાણિકતાથી સમીક્ષા કરીએ. માટે સાચી અને સારી વાતને તમે પણ જો નહિ સાંભળી શકો તો આત્મકલ્યાણનો માર્ગ બંધ થઇ જશે. માટે બહુ જ વિચારજો.

**૫૩. સભા :-** પાંચ સમવાય દૃષ્ટાંત સાથે સમજાવો.

**સાહેબજી :-** આ તત્ત્વજ્ઞાનનો વિષય છે. ઘણો જ ઊંડો અને ગંભીર છે. માટે

બરાબર સાંભળજો. જૈનધર્મમાં આખી વિશ્વવ્યવસ્થા શેના આધારે ચાલે છે, તેનું પાંચ સમવાયમાં વર્ણન છે. ઘણા ધર્મ માને છે કે, સૃષ્ટિના સર્જક, સંચાલક, સંહારક ઈશ્વર છે. પરંતુ જૈનધર્મની માન્યતા જુદી છે. તે મુજબ સૃષ્ટિનું સર્જન-સંચાલન અનાદિથી આપમેળે ચાલે છે. આપમેળે ચાલે છે એટલે શું? વિશ્વવ્યવહાર આકસ્મિક થતો નથી. જે પણ ઘટના બને છે તે ચોક્કસ રીતે, ચોક્કસ કારણે જ બને છે. અણધાર્યું કાંઈ બનતું નથી. તમને એમ લાગે છે કે અણધાર્યું બને છે, પણ તે તમારું અજ્ઞાન છે. આ વિશ્વવ્યવસ્થાનો પાયાનો સિદ્ધાંત છે કે કુદરતમાં જે બને છે તે તેના મૂળભૂત કારણોથી જ બને છે. કાર્ય-કારણના સિદ્ધાંતને આપણે અટલપણે સ્વીકારીએ છીએ અને સંક્ષેપમાં પાંચ સમવાયમાં તેનો સંગ્રહ કરીએ છીએ. સર્જન, સંચાલન, વિસર્જન આ પાંચ કારણોને આભારી છે. આ તત્ત્વજ્ઞાનની વાત છે. આ જૈનધર્મની કોસ્મોલોજી છે. આપણો કોસ્મીક ઓર્ડર આ પાંચ કારણોમાં છે. આમ તો આ એક સ્વતંત્ર વિષય છે. છતાં થોડું વિચારી લઈએ.

**કોસ્મોલોજી:-** વિશ્વવ્યવસ્થાતંત્ર

કોસ્મોલોજી એ પણ વિજ્ઞાનની એક શાખા છે. તેમાં હજારો વૈજ્ઞાનિકો કામ કરે છે. તેમની થીયરી વાંચો અને સાથે આપણા આ જૈનધર્મનું કોસ્મોલોજીનું વર્ણન વાંચો તો ખબર પડે. આશ્ચર્ય પમાય તેટલો તફાવત છે. મારે તો ઘણા સારા વૈજ્ઞાનિકો સાથે આની ચર્ચા પણ થઈ છે. તેઓ આશ્ચર્ય પામી ગયા છે. તર્કબદ્ધ રીતે વર્ણન આ પાંચ સમવાયમાં કરેલું છે. આ કુદરતમાં સર્જન-સંચાલન કે સંહારરૂપ પ્રત્યેક ઘટનામાં (૧) કાળ, (૨) સ્વભાવ, (૩) ભવિતવ્યતા, (૪) કર્મ અને (૫) પુરુષાર્થ, આ પાંચ પરિબળો નિયતપણે કામ કરે છે.

જેમ આ કપડું હલે છે તેમાં આ પાંચ કારણ છે. જેમ કે મેં આ આંગળી હલાવી. તમારા જીવનમાં નોંધ પણ ન લેવાય તેવી આ ઘટના છે, છતાં પણ તે બનવામાં આ પાંચ કારણ છે. જેમ આંખનું પોપચું હલાવ્યું. દિવસમાં હજારો વખત હલાવતા હશો. તેમાં પણ પાંચ કારણ છે. તેથી વિશ્વની નાનામાં નાની ઘટનામાં પણ પાંચેય કારણો સમાયેલાં છે.

હવે આપણે દૃષ્ટાંતથી વિચારીએ. મારી આંગળી હલે છે.

**(૧) પુરુષાર્થ કારણતા :-** હવે આ આંગળી હલે છે તેમાં મારો પુરુષાર્થ કારણ

ખરો ને? તે કરવામાં મારી શક્તિ વપરાણી ને? ભલે મામૂલી, પણ પુરુષાર્થ કર્યો ત્યારે હલી. હવે તમે માની લો કે મારા પુરુષાર્થથી હલી છે, તો ત્યાં કહેશે કે તમે થાપ ખાઓ છો; તે હલવામાં તો કર્મ પણ કારણ છે.

**(૨) કર્મ કારણતા :-** તમે ત્યારે કહેશો ભાઇ કર્મ માનવાની શી જરૂર? પુરુષાર્થવાદી તો કહેશે કે મહેનતથી સફળતા મળે જ છે. પરંતુ નાની આંગળી હલાવવામાં પણ જો પુણ્યકર્મ નહિ હોય, તો લકવો થવાથી નહિ હાલે ને? વા આવશે તો પણ નહિ હલાવી શકો ને? માટે હલાવવામાં પુણ્ય કારણ છે. આંખનું પોપચું પણ પુણ્ય વગર હલાવી શકતા નથી. અહીં કોઇ કહે કે તો પછી એકલું કર્મ જ કારણ માનો, પુરુષાર્થની શી જરૂર છે? ત્યારે કહેશે, જંગલીની જેમ જીવ્યા માટે લકવો આવ્યો ને? એમ ને એમ પેટમાં કચરો ભરે રાખો અને જીવતાં ન આવડે તો સર્વઘાત પણ થાય ને? માટે પુરુષાર્થ પણ સહાયક છે. તેથી એકલા કર્મથી કે એકલા પુરુષાર્થથી હલે છે તેમ ન કહેવાય, પણ બેઉનું કોમ્બીનેશન જોઇએ. ઘણા પુરુષાર્થવાદી કહે છે કે સંકલ્પ સાથે પડો તો ફતેહ આગળ છે. પરંતુ કર્મ વાંકું થશે તો પથારીમાં પડખું પણ નહિ ફેરવી શકો. માટે જીવો છો તેમાં પુણ્ય પણ ભાગ ભજવે છે. તમે ગમે તેટલા હોશિયાર હો પણ જો પુણ્ય પરવારે તો હાર્ટ બંધ થઇ જાય ને? માટે કોરા પુરુષાર્થવાદી મૂર્ખા છે. જે કર્મની અસરને ભૂલી જાય છે તે એકાંગી કે અધૂરા છે, માટે કર્મને પણ માનવું જ પડે.

**(૩) સ્વભાવ કારણતા :-** તે આંગળી હલાવવામાં પુરુષાર્થ અને કર્મ બંને કારણ છે, છતાં કર્મ અને પુરુષાર્થ બંનેની મજાલ નથી કે આંગળીના ગતિશીલ સ્વભાવ વિના આંગળીને હલાવી શકે. કારણ, આંગળી જડ અણુપરમાણુની રચના છે. તેની સાથે આત્મા, ચેતન ભળેલો છે. માટે આંગળી એકલી ચેતન નથી કે એકલી જડ નથી, પણ બંનેનું સંયોજન છે. અને જડ અને ચેતન બેઉમાં ગતિશીલ સ્વભાવ છે, માટે આંગળીમાં ગતિશીલ સ્વભાવ છે. તેથી જ તમે કર્મ અને પુરુષાર્થથી આંગળીને હલાવી શક્યા. તમે આકાશને કાંઇ હલાવી શકશો ખરા? વિજ્ઞાન પણ સ્પેસને માને છે. તમે સમયને હલાવી શકશો ખરા?

૫૪. **સભા :-** પોતે જ હલી જાય.

**સાહેબજી :-** હા, મહેનત કરવા જતાં પ્રયત્નથી પણ પોતે જ ગબડી પડશે. જ્યાં

સ્થિર સ્વભાવ છે, ત્યાં તમે ન હલાવી શકો. જેમ આંબામાં કેરી ઊગવાનો સ્વભાવ છે, કેરી કાંઇ લીંબોળીમાં ઊગશે ખરી? આગ ગરમ કેમ છે? પાણી ઠંડું કેમ છે? રૂ સુંવાળું કેમ છે? બધાના તે સ્વભાવ છે. માટે ગમે તેટલા કર્મ અને પુરુષાર્થ કામે લગાડો પણ વસ્તુના સ્વભાવ વિરુદ્ધ ઘટના નહિ કરી શકો. માટે સ્વભાવ અનિવાર્ય છે. તેથી સ્વભાવ પરિબળને પણ માનવું જ પડશે.

૫૫. **સભા :-** પણ ધર્માસ્તિકાયથી આંગળી ન હાલી?

**સાહેબજી :-** તે સાધન તરીકે સહાય કરે, પણ આંગળીનો મૂળ સ્વભાવ ગતિશીલતા છે, માટે હલાવી શક્યા છો. દાંતને હલાવી શકશો? માટે ઘણી વસ્તુ એવી છે કે જે સ્થિર છે.

૫૬. **સભા :-** સાહેબજી! સ્થિરનામકર્મના કારણે?

**સાહેબજી :-** હા, સ્થિરનામકર્મના કારણે સ્થિર સ્વભાવ આવ્યો. પણ મૂળથી સ્થિર સ્વભાવનું દૃષ્ટાંત તો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય છે, પણ કામ ચલાઉ દૃષ્ટાંતમાં આંગળી હલાવી શકો, દાંત નથી હલાવી શકતા તેમ કહેવાય.

**(૪) કાળ કારણતા :-** હવે આંગળી હાલી તેમાં કાળ પણ કારણ છે. જેમ આંગળી હલાવવામાં એક, બે સેકન્ડનો ટાઇમ ગયો. હવે કોઇ કહે કે, તમે સેકન્ડના અબજમા ભાગમાં આંગળી હલાવી આપો, તો હલાવી શકશો? અમુક ટાઇમ ફાળવી ન આપો તો હલાવી ન શકાય. માટે બધામાં કાળનું પણ નિયંત્રણ છે જ.

જેમ વિજ્ઞાન કહે કે, મગને રાંધવામાં આટલી હીટ આપો તો રંધાય. હવે તમે જેટલા દાણા છે તે ગણીને, હીટનો ગુણાકાર કરી એક સાથે આપો, તો શું મગ એક સેકન્ડમાં રંધાઇ જશે? કે બળી જશે? કારણ કે અમુક સમયની પ્રોસેસ તો જોઇએ જ, આઇનસ્ટાઇનની ગણિતની વાતોથી બધું સિદ્ધ કરાય નહિ, વાસ્તવિકતા સાથે મેળ ખાય નહિ. જેમ એક મકાન બાંધતાં ૨૫ માણસ રાખો તો ૧૨ મહિના લાગે; હવે તમે ૨૫ ના બદલે ૫૦ માણસો રાખો તો છ મહિનામાં બંધાશે. આગળ ૧૦૦ માણસ રાખો તો ૩ મહિનામાં બંધાશે. તેમ કરતાં લાખ માણસ કામે લગાડશો તો શું પાંચ મિનિટમાં મકાન બંધાશે? કે માણસો એક બીજા સાથે અથડાશે? માટે બધે સમય મર્યાદા છે. માટે કાળ પણ કારણ તરીકે

માનવો અનિવાર્ય છે.

**(૫) ભવિતવ્યતા કારણતા :-** કાળ છે, સ્વભાવ છે, પુણ્યકર્મ પણ છે, પુરુષાર્થ પણ છે, બધાં કારણો હાજર છે; છતાં ઘટના ન બને તો કારણ શું? ઘટના બનવાની ભવિતવ્યતા નથી. બીજું દૃષ્ટાંત આપું કે, જેમ ચાર માણસ રસ્તા પર જઈ રહ્યા છે. આ ચારેને આફત આવે તેવું કર્મ છે. સ્ટોકમાં કર્મ કેવાં કેવાં હોય છે તેનું પણ શાસ્ત્રમાં વર્ણન છે. ચારે બેદરકારીથી ચાલે છે. ટોળટપ્પા કરતા ચાલે છે. પુરુષાર્થ બેદરકારીનો છે. માટે લપસી પડતાં વાર ન લાગે તેવો પુરુષાર્થ છે. છતાં તેમાંથી એક જણનો પગ કેળાની છાલ પર આવ્યો અને પડી ગયો, ફ્રેક્ચર થયું. ત્યાં ચારેને ફ્રેક્ચર થાય તેવું કર્મ સ્ટોકમાં છે. ચારે બેદરકારીથી ચાલે છે, કાળ પણ પડવા માટે અનુકૂળ છે. ફ્રેક્ચર થવા યોગ્ય સ્વભાવ પણ છે. છતાં ચારમાંથી એકને જ ફ્રેક્ચર થાય છે. કારણ જેની ભવિતવ્યતા ખરાબ હતી તેને ફ્રેક્ચર થયું.

**૫૭. સભા :-** સાહેબજી! પાંચે પાંચ સાથે જ કામ કરે છે?

**સાહેબજી :-** હા, પાંચે સાથે જ કામ કરે છે. કોઈ મુખ્ય રીતે કામ કરે, બાકીનાં ગૌણ રીતે કામ કરે. એક સક્રિય વધારે હોય, બીજું ઓછું સક્રિય હોય. પણ ઘટના બનવામાં પાંચે કારણ ધરબાયેલાં હોય જ.

**૫૮. સભા :-** તમે અમને ઉપદેશ આપો છો, તેમાં મુખ્ય કારણ કયું?

**સાહેબજી :-** ભગવાનની આજ્ઞા મુજબ તમને પમાડવાની ઇચ્છા છે. કલાકો સુધી મગજનું દહીં કરી, ગળું દુ:ખાડીને, પાછું ફ્રી ઑફ ચાર્જ આપીએ છીએ. પરોપકારની ભાવનાથી નિ:સ્વાર્થ ભાવે પમાડવામાં અમને લાભ છે અને તેનાથી જગતને પણ લાભ છે, માટે જ મહેનત કરવાનું મન થાય છે. જો ભગવાનની આજ્ઞા ન હોત તો અમે પલાંઠી વાળીને સ્વાધ્યાય કરવા બેસી જાત. તેમાં જે અમને સ્વાદ આવત તે તમારી સાથે માથાફોડ કરવામાં ન આવે. પણ પ્રભુએ જવાબદારી મૂકી છે.

**૫૯. સભા :-** સમજીને ભગવાને જવાબદારી મૂકી છે ને?

**સાહેબજી :-** હા, સમજીને મૂકી છે. અહીંયાં ભગવાનની આજ્ઞા મુખ્ય કારણ છે.

# ૫

તા. ૨૦-૮-૯૫, રવિવાર, શ્રાવણ વદ દસમ, ૨૦૫૧

૬૦. **સભા :-** સ્ત્રી અને પુરુષ સમાન છે? પુરુષને પુરુષયોનિ તરત જ મળે? અને મળે તો કેવા પ્રકારનાં કર્મો તેમાં કારણ છે? અને સ્ત્રીયોનિ ટાળવા શું પુરુષાર્થ કરવો જોઇએ? અને બે વેદમાં કયો વેદ ઊંચો?

**સાહેબજી :-** અત્યારે તમારે ત્યાં સ્ત્રીસ્વાતંત્ર્ય, સ્ત્રીને સમાન અધિકાર, સમાન હક્ક, સમાનતાનો યુગ છે; પરંતુ સ્ત્રી અને પુરુષ સમાન નથી. જૈનધર્મ ક્યાં સમાનતાનો આગ્રહ રાખે છે તે બરાબર સમજવું પડે. જીવમાત્ર અંદરથી સિદ્ધ સ્વરૂપ છે. હકીકતમાં જીવમાત્ર મૂળથી સમાન છે, પરંતુ કર્મના કારણે આ બધા વિશેષ ભેદભાવો ઊભા થયા છે. માટે કુદરતે જે ભેદભાવ ઊભો કર્યો છે, તેને તમે સમાન કહો તો કેમ ચાલે? યોનિની સમાનતાનો સ્વીકાર નથી. બે આંખ, બે કાન, એક નાક, એક માથું, પણ બધાનાં માથામાં તો જુદું જુદું છે ને? અરે બધાનાં બ્લડ ગ્રુપ પણ એક નથી. માટે સ્ત્રી-પુરુષનો વેદ સ્વતંત્ર કર્મનો વિપાક છે. સ્ત્રીવેદનો ઉદય સ્ત્રીત્વ સાથે અને પુરુષવેદનો ઉદય પુરુષત્વ સાથે સંકળાયેલો છે; અને તેની સાથે ગુણ-દોષની સાંકળ છે. જેમ પુરુષવેદનો ઉદય થાય એટલે દેહ, આકારની સાથે પુરુષત્વ સંકળાયેલાં છે, તેની સાથે ગંભીરતા, શૂરાતન, પરાક્રમ વગેરે સંકળાયેલું છે. જ્યારે સ્ત્રીવેદના ઉદય સાથે ગભરુતા, ક્ષુદ્રતા, ડરપોકતા, નિઃસાત્ત્વિકતા સંકળાયેલાં છે; ઉપરાંત ગુણો પણ સંકળાયેલા છે, જેમ કે કોમળતા, વાત્સલ્ય સ્ત્રીઓમાં છે, જે પુરુષોમાં નથી; છતાં સ્ત્રીવેદને શાસ્ત્રમાં હલકો વેદ કહ્યો છે. તેમ પુરુષમાં પણ ઉતાવળ અને આક્રમક સ્વભાવ છે, છતાં પુરુષવેદમાં દોષ ઓછો હોય છે માટે પુરુષવેદ ઊંચો છે. અને સ્ત્રીવેદ એ પાપપ્રકૃતિ છે. તમને પુરુષવેદ મળ્યો છે માટે તમે ઊંચા અને સ્ત્રીવેદ જેને મળ્યો છે તે ખરાબ, તેવું માનતા નહિ. **પરંતુ સ્ત્રીવેદ પાપપ્રકૃતિનો ઉદય છે, જ્યારે પુરુષવેદ પુણ્યપ્રકૃતિનો ઉદય છે.**

અત્યારે સમાજમાં જે સ્ત્રીસ્વાતંત્ર્યની વાતો, સામાજિક હક્ક, સમાનતાની વાતો છે, તે હકીકતમાં તેના નામથી સ્ત્રીને પરતંત્ર બનાવવાની વાત છે. પહેલાં તેના જેટલા હક્ક હતા તેટલા પણ છીનવાઇ ગયા છે. આર્યદેશમાં જો સ્ત્રીનાં નગ્ન ચિત્રો બજારમાં વેચાય તો સમાજ સાંખે ખરો? તેના પર તરત જ એક્શન આવે. અત્યારે તો સ્ત્રી બજારુ ચીજ તરીકે બજારમાં આવી ગઇ છે. વચમાં લેખ હતો તેમાં લખ્યું હતું કે હવે સ્ત્રીઓને એક વેચાણ અને બજારુ વસ્તુ તરીકે મનાય છે. ભૂતકાળમાં આ કાંઇ શક્ય હતું? ત્યારે તો સ્ત્રીઓને મર્યાદામાં સુરક્ષિત રાખતા હતા, શું કારણ? અત્યારે તો સ્ત્રીઓની કફોડી સ્થિતિ છે. સ્વતંત્રતાના નામથી ક્યાં લઇ ગયા છે? દિવસે દિવસે બળાત્કાર, દુરાચાર વધતા ગયા છે. હકીકતમાં સ્ત્રીસ્વાતંત્ર્યના નામથી દૂષણો પેસાડવાની વાતો છે. અત્યારે તમારા ઘરની દીકરીઓની પણ શું પરિસ્થિતિ છે? વળી સ્ત્રીને જે અધિકાર આપેલા છે, તેને જો છીનવી લો તો પાપ લાગે, તેમ પુરુષને જે અધિકાર આપેલા છે, તેને પણ છીનવી લો તો પાપ લાગે. બંનેનાં કર્તવ્ય, અધિકાર જુદાં જુદા છે. પતિના અધિકાર, કર્તવ્ય તમે ચૂકો તો પાપ લાગે. સંસારમાં ભગવાનની આજ્ઞા શું છે તે સમજ્યા છો ખરા? કે પછી બધે એમને એમ ઝંપલાવો છો? મારા હિસાબે તો હજી સુધી તમને આજ્ઞાની જરૂરત જ લાગી નથી. ભગવાનની આજ્ઞાથી દૂર છો માટે જ તમે દુઃખી છો, નહિતર તો નંદનવન જેવું તમારું ઘર હોત. અમે કાંઇ જુનવાણી નથી, પણ ભગવાને કહેલું સમાજશાસ્ત્ર ઘણું જ ઊંડું છે, માટે કહીએ છીએ.

સ્ત્રીવેદ વક્રતા, માયા, ક્ષુદ્રતા, કપટ, સંકુચિતતાના ભાવોથી બંધાય છે. મિથ્યાત્વયુક્ત આવા ભાવોથી સ્ત્રીવેદ બંધાય છે. જ્યારે પુરુષવેદમાં ઉદારતા, સહિષ્ણુતા, સરળતા વગેરે ભાવો વણાઇ ગયેલા છે. આવા ભાવોથી પુરુષવેદ બંધાય છે.

૬૧. **સભા :-** વક્રતા અને જડતા એક જ છે?

**સાહેબજી :-** ના, વક્રતા અને જડતા જુદી વસ્તુ છે. જેમ વગર કારણે સ્વભાવમાં વાંકાઇ રાખો તે વક્રતા છે. દા.ત. તમને બહાર જતાં પાડોશી કાંઇ કામ સોંપે ત્યારે, તમારે તેને સીધી ના ન પાડવી હોય તો, તમે કાંઇક બહાનું શોધો. કહેશો ના, ના, હું તો આ બાજુ જવાનો છું. કંઇક કારણો આપો. કારણ કે તમને થાય કે આ કાંઇ મારું કામ છે? આ તમારી વક્રતા છે. જેમ કોઇ સંબંધી તમને ઘરે

મળવા આવે ત્યારે કહેશો, હા, તમને મળીને ખૂબ જ આનંદ થયો, તમને જ યાદ કરતો હતો; પણ તે વખતે અંદરમાં તો એમ હોય કે આ લપ ક્યાં વળગી? જલદી જાય તો સારું. કેમ? તમારા જીવનમાં આવું કેટલું ચાલે છે? અને પાછું તે ખરાબ પણ લાગતું નથી. જેના મનમાંથી આવા બધા ક્ષુદ્ર ભાવો જાય તે જ પુરુષવેદ બાંધી શકે. પુરુષવેદ મળ્યા પછી જો પુરુષવેદને યોગ્ય ભાવ ન કેળવી શકો, તો મરીને સ્ત્રીવેદ પણ થાય, અને તે પણ મનુષ્ય સ્ત્રીવેદ નહિ, પણ કદાચ કૂતરા, બિલાડાના ભવમાં પણ જાય.

ભયાનક ભવિષ્ય ભીંત પર દેખાતુ નથી, માટે જ ખોટા ખોટા ભાવો કેળવો છો. જેમ એક આખા મકાનમાં આગ સળગી રહી છે, પણ તેમાં નાનું બાળક પડ્યું પડ્યું હસે ને? તેવી તમારી સ્થિતિ છે, કારણ તમે ધર્મમાં બાળક જેવા જ રહ્યા છો.

૬૨. **સભા :-** પરમાત્મા મહાવીર નયસારના ભવમાં સમકિત પામ્યા પછી નરકે કઈ રીતે ગયા? સમકિતની હાજરીમાં નરકે કઈ રીતે જવાય?

**સાહેબજી :-** અમે એવું કહેતા નથી કે, સમકિતની હાજરીમાં જીવ નરકે ન જાય; પણ સમકિતની હાજરીમાં જીવ નરકનું આયુષ્ય ન બાંધે. સમકિત પામતાં પહેલાં જો દુર્ગતિનું આયુષ્ય બાંધી લીધેલું હોય તો તેટલો ટાઈમ તો તેને નરકમાં જવું જ પડે. **સમકિતની હાજરી દુર્ગતિના ઉદયને નથી અટકાવતી પણ દુર્ગતિના બંધને અટકાવે છે.**

પ્રભુએ નરકને યોગ્ય આયુષ્ય બાંધ્યું ત્યારે તેમણે સમકિત ગુમાવી દીધું છે. દા.ત. જેમ કરોડપતિને ગમે તેટલી મોંઘવારી હોય તો પણ ખાવાના સાંસા ન પડે; પણ કરોડ ગુમાવીને ભિખારી થાય તો, ભૂખે મરવાનો વારો આવે ને? પણ અબજપતિ હોય ત્યાં સુધી મોજમજા. તેમ સમકિત હાજર હોય ત્યાં સુધી તેના લાભની ગેરંટી છે, પણ એક વખત સમકિતને ગુમાવો એટલે મિથ્યાત્વ આવે, એટલે દુર્ગતિ બંધાઈ શકે છે; છતાં સમકિતના કાયમી ધોરણના લાભ તો તેને મળવાના છે. જેમ અબજપતિ થતાં પહેલાં જો તેણે ૨૫ લાખ રૂપિયાનું નુકસાન કર્યુ હોય તો તેને અબજમાંથી ૨૫ લાખ રૂપિયા ચૂકવવા પડે, પણ તેણે અત્યારે નુકસાન કર્યું ન કહેવાય. તેની જેમ સમકિત પામતાં પહેલાં આત્માએ મોટી ભૂલ કરી હોય તો તેનું લેણું તો ચૂકવવું જ પડે. પણ જો સમકિતને ટકાવી રાખો તો દુર્ગતિના બંધની કોઈ શક્યતા નથી.

નયસારે ભૂલ શું કરી? મરીચિના ભવમાં જ્યારે તેમણે ઉત્સૂત્ર ભાષણ કર્યું, ત્યારે ઉન્માર્ગરૂપ ઉત્સૂત્ર કરી મહાપાપ બાંધ્યું, જેથી તેમને સમકિતમાંથી ગબડવાનું આવ્યું. માટે નાની ભૂલથી કોઇ ગબડતું નથી અને ગમે તેવો ઊંચો જીવ પણ જો મોટી ભૂલ કરે તો તે ઠેકાણે રહી શકતો નથી.

**જગતમાં નાની ભૂલની નાની સજા છે. જગતમાં મોટી ભૂલની મોટી સજા છે.**

જિનશાસન તો લોકોત્તર શાસન છે. એટલે તેનો અર્થ શું? દુનિયા જેને મોટાં પાપ માને છે, તેને જૈનશાસન મોટાં પાપ નથી માનતું; પણ મોટા પાપની વ્યાખ્યા જૈનશાસનમાં જુદી પડે.

કોઇનું ખૂન કરવું તે મોટું પાપ કે કોઇને ખોટી સલાહ આપવી તે મોટું પાપ? તમે શું માનો છો? તમે આત્મિક દૃષ્ટિએ કોઇને ઊંધી સલાહ આપો અને જે પાપ બંધાય તેના કરતાં ખૂન કરો ને જે પાપ બંધાય તે ઘણું જ નાનું પાપ છે.

જેમ તમે કાંઇ તમારા દીકરાને મારી નાંખો તેમ નથી, આવું અપકૃત્ય કરો તેમ નથી, પણ તેના આત્માનું અહિત થાય તેવી સલાહ તો આપો ને? દીકરાના આત્માનો પરલોક ભૂલીને શું કહો કે, દીકરા ભણીગણી આગળ વધજે, ડીગ્રી મેળવી વિકાસ કરજે. આવી કેટલી શિખામણ આપો? તથા સાથે સાધન-સામગ્રી પણ કેટલી પૂરી પાડો? પણ તમને ખબર છે કે તે વખતે તેના આત્માનું તમે કેટલું અહિત કરી રહ્યા છો? આત્મદૃષ્ટિએ અહિત થાય તેવી સલાહ આપનારાં મા-બાપ કસાઇ કરતાં ભૂંડાં છે. આ ઉપમા ભયંકર છે. પરંતુ ઉત્સૂત્ર ભાષણ, ઉન્માર્ગ સ્થાપન, ઊંધી સલાહ, ઊંધો ઉપદેશ તે બધાં મહાપાપ છે.

અત્યારે તમારે શિક્ષણમાં આત્મા-પરલોક ઉડાડવાની જ વાત છે. અત્યારે ઘણા આત્મા, પુણ્ય, પાપ, પરલોકની ઠેકડી ઉડાડનારા છે અને જેઓ આવી વાતો ફેલાવે છે તેમને કેટલું પાપ લાગે છે? અને આ બધાને પ્રોત્સાહન આપનારા પણ ભયંકર પાપ બાંધે છે. મરીચિ શું બોલ્યા છે? **"कपिला इत्थंपि, इहयंपि"** ભગવાને કહેલા આચાર-વિચારથી વિરોધી આચાર-વિચાર છે, છતાં પણ તેણે ત્યાં ધર્મ છે તેમ બતાવ્યું, જેનાથી તેમનો ૧ કોટાકોટી સાગરોપમનો સંસાર વધી ગયો. તમે વિચારજો કે જિનાજ્ઞા વિરુદ્ધ કેટલાં સલાહ-સૂચન તમે આપો છો? અને સામાને મનાવો પણ છો, માટે કેવાં પાપ બાંધો છો?

**૬૩. સભા :-** આ રીતે પાપ બંધાય તે ખબર જ નથી.

**સાહેબજી :-** બસ, તે જ અંધાપો છે. સીધો લાફો મારીને દુઃખ નહીં આપી શકાય, પણ તેના કરતાં કંઇ ગણું અધિક દુઃખ સામાને તમે ઊંધી સલાહ આપીને આપો છો.

અમે પણ ગમે તેમ બોલીએ, અમારું મન પણ ઠેકાણે ન હોય અને ગમે તેમ વિચારીએ, તો અમને પણ પાપ લાગવાનું જ છે. અતિચારમાં તમે બોલો છો ને કે "વીતરાગની આજ્ઞાવિરુદ્ધ કીધું, કરાવ્યું, અનુમોદ્યું હોય.." ભગવાનની આજ્ઞાવિરુદ્ધ વિચાર્યું , બોલ્યા, કે વર્તન કર્યું, કરાવ્યું, તે બધાનું મિચ્છા મિ દુક્કડં છે. તે પાપમાંથી તમારો બચાવ કરવા અતિચાર મૂક્યા છે.

૬૪. **સભા :-** માટે સાંજે પ્રતિક્રમણ કરી લઇએ છીએ.

**સાહેબજી :-** કેટલા સાંજે પ્રતિક્રમણ કરે છે? કરતી વખતે કહેલા ભાવોને કેળવો છો? જેને આ બધું બરાબર હૃદયમાં બેઠેલું હોય તે તો, પછી પાપ કરતાં હચમચી જાય. કોઇનું ખૂન કરવું, દારૂ પીવડાવવો, વિશ્વાસઘાત કરવો આ બધાં દુનિયાની દૃષ્ટિએ મોટાં પાપ છે; પણ લોકોત્તર દૃષ્ટિએ ઉન્માર્ગ સ્થાપવો, ઉત્સૂત્ર ભાષણ કરવું, ગુરુદ્રોહ કરવો, શાસનની અપભ્રાજના કરવી, ધર્મદ્રોહ કરવો આ બધાં મહાપાપ છે. મરીચિના ભવમાં તેમણે મોટી ભૂલ કરી છે, માટે જ મોટી સજા થઇ છે. માટે જ આગળ જતાં સાતમી નરકે પહોંચ્યા છે, અને અસંખ્ય ભવ સુધી રખડ્યા છે.

૬૫. **સભા :-** ભૂલ કરી કે ભૂલ થઇ ગઇ?

**સાહેબજી :-** ભૂલ કરી. ભૂલ થઇ ગઇ તેમ ન કહેવાય. જાતે જ કરી છે. તમે જાતે જીવનમાં ભૂલ કરો અને કહો કે થઇ ગઇ, પણ તેમ ન કહેવાય. અજ્ઞાનદશામાં ખોટી સમજણના કારણે કરે તો પણ પાપ તો લાગે, પરંતુ ખબર પડે પછી તેનું શુદ્ધિકરણ કરે, અને પછીથી ફરી ન થાય તેની તકેદારી રાખે, તો તેનો ઘણો બચાવ થાય. પરંતુ તમે બધાને આવી ઊંધી સલાહ કઇ રીતે આપો છો? પાવરધો બનજે, ભણીગણીને તૈયાર થજે તો ફોરેન પણ મોકલશું. પરંતુ તે વખતે વિચાર આવે ખરો કે, હું તેનું કાસળ કાઢી રહ્યો છું? તમે સલાહ આપવામાં કાંઇ બાકી રાખો તેમ નથી. મરીચિને સાચા માર્ગનો રાગ હતો, આગ્રહ હતો ત્યાં સુધી તેમણે દીક્ષા છોડી છતાં ખરાબ થઇ ગયા નથી; પણ "કપિલા ઇથ્થં..." બોલ્યા ત્યારે ધર્મથી-માર્ગથી ભ્રષ્ટ થઇ ગયા. તમારે લેવા દેવા ન હોય તો પણ

તમે આવી કેટલી સલાહ આપો છો? આ ટી.વી., છાપાં, મેગેઝીનોના પ્રચાર દ્વારા કેટલાય આસ્તિકમાંથી નાસ્તિક થઇ ગયા. જેથી આત્મા, પરલોક, પુણ્ય, પાપની શ્રદ્ધા ઊઠી ગઇ. હવે તમે આ બધા મિડિયાની પ્રશંસા કરો ત્યારે વિચાર આવે છે ખરો કે હું કોની પ્રશંસા કરું છું? વર્તમાન દુનિયામાં તમે જો આ રીતે પણ સાવચેત થઇ જાઓ, તો વગર કારણે બંધાતાં ૯૦ ટકા પાપોથી બચી જશો. જીવનમાં પ્રતિજ્ઞા કરો કે "ભગવાનની આજ્ઞાવિરુદ્ધની વાતને કદીપણ સમર્થન આપવું નહિ."

અરે ઘરડાઓ પણ બોલતા હોય છે કે અત્યારે ઘણું બધું સુધરી ગયું, વિકાસ ઘણો જ થઇ ગયો. પરંતુ શું જૂનું હતું તે બધું બગડેલું હતું? શું ભૂતકાળમાં વિકાસ જ ન હતો? આધુનિક બાબતોમાં અભિપ્રાય આપતાં સાત વાર વિચારવું પડશે.

અત્યારે તો કહે છે કે બુફે કરવામાં શું વાંધો? સાધુને માઇક પર બોલવામાં શું વાંધો? કેટલાને લાભ મળે છે, હવે તો આમ જ કરવું જોઇએ. પણ ખબર નથી કે આ બધું જે સાંભળે છે તેને પણ શાસ્ત્રવિરુદ્ધ વિચાર કરવા પ્રોત્સાહન આપે છે. પેલા કરે છે અને તમે તેને અનુમોદન આપો છો, ખોટી વાતને સંમતિ આપો છો.

•

**૬૬. સભા :-** અત્યાર સુધી આ બધી વાતોની ખબર નહોતી.

**સાહેબજી :-** હા, ખબર ન હોય, પણ ખબર પડે તો ખોટામાંથી નીકળી જવાની તૈયારી ખરી? તૈયારી હોય તો બચાવ થાય. કર્મના સિદ્ધાંતો કોઇના માટે પણ જુદા નથી. પ્રભુ મહાવીરના જીવને "અહીંયાં ધર્મ છે અને ત્યાં પણ ધર્મ છે" તેટલું બોલવામાં કેટલું ફસાવાનું આવ્યું? તો પછી આપણી શું હાલત થશે?

દુનિયામાં ઊંધી વિચારધારા ફેલાય છે તેના કારણે લાયક જીવો ખરો ધર્મ પામી શકતા નથી; ભોળા લોકો તેમાં અટવાઇ જાય છે. જેમ અત્યારે ઘણા કહે છે કે સ્વર્ગ-નરક નથી, તે તો ગપ્પું છે. આવી ખોટી વિચારધારા ફેલાવે છે. જ્યારે શાસ્ત્રો કહે છે સ્વર્ગ છે, ક્ષમા કેળવશો તો સ્વર્ગ મળશે; ક્રોધ કરશો તો નરકે જશો. એટલે સ્વર્ગ-નરક છે, અને તેની સાધક સચોટ દલીલો પણ શાસ્ત્રોમાં છે. પરંતુ પેલી ઊંધી વિચારધારા જેના મનમાં ઠસી જાય અને તે અટવાય, તેનું પાપ કોને લાગવાનું? એક જીવને અટવાવીને તેના અસંખ્ય ભવ બગાડ્યા, માટે તે જીવની અસંખ્ય વખત હિંસા કરી કહેવાય.

અત્યારે નવો વર્ગ વિવેક વિના વિજ્ઞાનની વાતો ૧૦૦ ટકા માનતો થઇ

ગયો છે, માટે પુણ્ય, પાપ, આત્મા, પરલોક માનતો બંધ થઈ ગયો છે. ઊંધી વિચારધારાના કારણે જ દુનિયા અધર્મના માર્ગે રખડે છે.

૬૭. **સભા :-** સ્કૂલમાં ન ભણાવીએ તો કેમ ચાલે?

**સાહેબજી :-** તમારામાં વીલ પાવર અને ગટ્સ જોઈએ. ઘણાં શ્રીમંત કુટુંબોમાં પહેલાં છોકરાઓ ઘરે ભણતા. શાલિભદ્ર પણ ઘરે ભણતા હતા. મા-બાપ ધારે તો તે રીતે બાળકોનો સારો વિકાસ કરી શકે તેમ છે. દીકરાઓને શું ભણાવવું જરૂરી છે, તે મા-બાપ નક્કી કરી શકે તેમ છે. અત્યારે તો સ્કૂલમાં એવું ભણાવાય છે કે જેના કારણે છોકરાઓનું માથું જ બગડી જાય. તમારે તો અત્યારે ડીગ્રી જોઈએ છે ને? ત્યાં તમારે કહેવાતા વિકાસ સાથે જોખમ કેટલાં છે? જો કદાચ તમારે છૂટકો ન હોય ને ભણાવો, પણ સારું માનીને તો ન ભણાવો ને? સારા માર્કે પાસ થાય તો પાછું ઈનામ આપો ને? દુર્ગતિમાં બરબાદ થવા રૂપ ઈનામ આપો છો ને? આવી તો કેટલીય વાતો છે કે, જેનાથી તેઓને કેટલુય નુકસાન થાય છે અને આ બધાંમાં જવાબદારી તમારી જ છે.

મરીચિની ભૂલનો દાખલો લઈ તમે તમારા જીવનની ભૂલોનો વિચાર કરો તો ભડકી જવાય તેવું છે. સવારથી સાંજ સુધીમાં ભગવાનની આજ્ઞાવિરુદ્ધ કેટલુંય બોલાતું હોય છે. ભલે તમે આજ્ઞા પ્રમાણે કદાચ પાળી શકો ઓછું, પણ આજ્ઞા જ બરાબર છે તે માનવાની તૈયારી કેટલાની?

૧૮ પાપસ્થાનકમાં ૧૮મે મિથ્યાત્વ લખ્યું છે, જે સૌથી મોટું પાપ છે. ભગવાન મહાવીરને પણ આ જ નડ્યું છે. ભગવાન સમકિત પામ્યા પછી જીવનમાં ભારે ભૂલ કરવાના કારણે તેમને આ સજા થઈ છે. આ સજા પણ તેમને મધ્યમ છે, જો ઉત્કૃષ્ટ સજા થઈ હોત તો અનંતો કાળ તેઓ સંસારમાં રખડ્યા હોત.

૬૮. **સભા :-** મધ્યમ જ સજા થવાનું કારણ શું?

**સાહેબજી :-** તે વખતે ઉત્કૃષ્ટ ભાવ ન હતો માટે. જેવા ભાવ હતા તેવું ફળ મળ્યું છે.

૬૯. **સભા :-** પર્યુષણના નવમા વ્યાખ્યાનમાં આવે છે કે જેનું શરીર હૃષ્ટ-પુષ્ટ હોય તેવા સાધુને નવ વસ્તુ દૂધ, દહીં, માખણ, મદીરા... લેવી કલ્પે નહિ. તો અહીં બારસા સૂત્રમાં હૃષ્ટપુષ્ટ સિવાયના ગ્લાન દેહવાળા સાધુને કલ્પે તેવા ભાવાર્થવાળું

વિધાન કેમ લખ્યું?

**સાહેબજી** :- સંવત્સરીના દિવસે અમે મૂળથી વાંચીએ છીએ. તમારી ધીરજ રહેતી નથી, માટે અમે અર્થઘટન કરતા નથી. સાધુનો આચાર સામાચારીમાં છે. તેમાં તમારો પહેલો પ્રશ્ન:- જે વસ્તુઓ કલ્પે નહિ, તેવી વસ્તુ વપરાય તેમ આડકતરી રીતે કેમ કહ્યું છે? જૈનશાસન બંને બાજુથી ગંભીર છે, માટે બંને પાસાં સમજવાં પડે. અહીંયાં મહાત્યાગ, મહાકઠોર સાધનાની વાત છે. ભગવાનના શાસન જેવા કઠોર આચાર-વિચાર ક્યાંય નથી. એક બાજુ જૈનશાસનમાં આચાર-વિચારની પરાકાષ્ઠા છે, પણ તેમાં એકાંતવાદ નથી. સાધુને છ કારણ વગર ગોચરી પણ ન જવાય, જેમ તમારે સામાયિકમાં વગર કારણે હાથ પણ હલાવવાનો નથી. જયણા કેટલી છે? અને જરૂર પડે તો જયણાપૂર્વક માઈલ પણ દૂર જવાય? કારણ કે ત્યાં પ્રવચન, ઉપદેશ સારો મળે તેમ છે, તો ભણવા જવાથી સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શનની શુદ્ધિ થતી હોય, પ્રભુભક્તિ વિશેષ થતી હોય તો છૂટ ને? જ્યારે આમ તો એક હાથ હલાવવાની પણ છૂટ નથી. માટે વિચારજો. તેમ સાધુ માટે પણ વગર કારણે ખાવાની છૂટ નથી. અમે ટેસ્ટ કરવા ખાઈએ તો પાપ લાગે, તેમ દૂધ-દહીં વગર કારણે વાપરવાની ના છે. પણ જ્ઞાન, ધ્યાન, તપ, ત્યાગની આરાધના કરવા તથા વિશેષ શાસનપ્રભાવક ધર્માચાર્યને શક્તિ વધારવા માટે વાપરવાની છૂટ છે. તેથી દૂધ-દહીં કારણે વાપરવાની છૂટ છે. તેમ મહાગંભીર પ્રસંગ આવે તો એમાંથી નવ વસ્તુ વાપરવાની છૂટ આપી છે. તેમાં દારૂ લેવાની વાત આવે છે, તે તો ઔષધ તરીકે કદાચ લેવું પડે. શાસ્ત્રમાં દૃષ્ટાંત આવે છે કે,

શેલક નામના રાજા છે. પ્રતાપી, પુણ્યશાળી રાજા છે. તેમણે અમુક ઉંમર થતાં મહાવૈરાગ્ય સાથે દીક્ષા લીધી છે. તેમણે તેમના મંત્રી પંથક અને બીજા ૫૦૦ શિષ્યો સાથે દીક્ષા લીધી છે. તેઓ ૫૦૦ શિષ્યોને દરરોજ વાચના આપે છે. તેઓ જ્ઞાની છે, મહાતપસ્વી પણ છે. તપથી કાયાને નિચોવી નાંખી છે, આત્મબળથી તપ-ત્યાગ-સંયમની પુરબહારમાં સાધના કરી રહ્યા છે. પણ આમ અતિકઠોર ચર્યા કરવાથી તેમને પેટમાં ભયંકર રોગ ઊભો થયો. તકલીફ-વેદના ઘણી જ સહન કરે છે. પણ હવે જો ઉપચાર ન કરે તો દેહ સાધનામાં સાથ આપે તેમ નથી અને અત્યારે અણસણ પણ થાય તેમ નથી, માટે ઉપચાર કરાવવા વૈદને બોલાવે છે. વૈદ રોગની ગંભીરતા જણાવે છે. કહે છે, તેના જે અમુક ઉપચાર છે, તે નહિ કરો તો હવે સાધના આગળ કરી શકાય તેવી સ્થિતિ નથી. માટે જણાવે છે કે, ઉપચારમાં તમારે અનુપાનમાં આસવો લેવા પડશે, બીજો

વિકલ્પ નથી. પથ્ય પાળવું જ પડશે, ચરી પાળવી પડશે. માટે ન છૂટકે લેવાનું ચાલુ કર્યું. માટે શું અહીંયાં તેમણે સ્વાદ, મજા માટે લીધું છે? એક બાજુ મહાત્યાગની વાત છે જ્યારે બીજી બાજુ આરાધના માટે કરવાનું છે. ત્યાગ એવો કરાવાય છે કે જેથી શરીરબળ સચવાય.

૭૦. **સભા :-** આ રીતે મદિરાની છૂટ આપી તો માઇકની છૂટ કેમ નહિ?

**સાહેબજી :-** આવી વસ્તુ અપવાદમાર્ગે પણ થાય નહિ. અપવાદ બે માર્ગે હોય છે. એક જાહેર અપવાદમાર્ગ અને બીજો વ્યક્તિગત અપવાદમાર્ગ. વ્યક્તિગત અપવાદમાર્ગ કેમ સેવાય કે તે વ્યક્તિને સંયોગ પ્રમાણે ગુરુ તેને આજ્ઞા આપી ગુપ્ત રીતે અપવાદમાર્ગ સેવરાવી શકે છે, જ્યારે જાહેર પ્રસંગમાં જાહેર અપવાદમાર્ગ જુદા છે. વ્યક્તિગત અપવાદ સેવતાં જે ગંભીરતા સાચવવી પડે, તેના કરતાં જાહેરમાં અપવાદમાર્ગ સેવતાં ઘણી જ ગંભીરતા સાચવવી પડે. શેલક રાજાને જે કારણ આવ્યું તેવું કારણ તો કોઇકને જ આવે. માટે અપવાદમાર્ગ ક્યાં સેવવાનો છે, તેનો પહેલો વિચાર કરવાનો આવે. આવી રીતે જાહેરમાં એક અપવાદમાર્ગ સેવતાં પછીથી તેની પાછળ બીજાં બધાં દૂષણોની લાઇન લાગશે.અત્યારે તમારે ત્યાં આ બધાની જ ડીમાન્ડ છે, માટે જ્યાં ભગવાનની આજ્ઞા નેવે મુકાય છે, ત્યાં જ ટોળુ વધારે ને? અને જ્યાં ભગવાનની આજ્ઞા સાથેનું કહેવાય છે ત્યાં Limited(મર્યાદિત) ને? તમારી વિચારધારા સાથે ત્યાં Tussle(અથડામણ) જ હોય ને? જ્યારે જૈન મુનિની દેશના તો તત્ત્વથી ભરેલી જ હોય. પરંતુ આવી દેશના કાંઇ બધાને ગમવાની નથી. માટે ઘણાને આવવાનો પ્રશ્ન જ નથી. તેથી માઇકની જરૂર પડે તેમ જ નથી. અને કદાચ એવા સારા વક્તા હોય કે આજ્ઞા સાથેની દેશના આપતા હોય અને તેમને કદાચ માઇકની જરૂર પડે, પણ આવા બે-ચારને માટે થઇને જો વાપરવાનું ચાલુ કરે, તો પછી બધા જ વાપરવા માંડશે. તેનાથી કેટલું નુકસાન થશે તે વિચાર્યું છે ખરું? અમારે ઘણાને આ વાત માટે ના પાડવી પડે છે, ત્યારે તેમને લાગે છે કે સાહેબ જુનવાણી, રીજીડીટીવાળા છે. પણ અમને આગળ ઘણું જ લાંબુ નુકસાન દેખાય છે. ખરેખર તો કોઇપણ અપવાદમાર્ગ સેવતાં લાભ વધવો જોઇએ અને ગેરલાભ ઘટવો જોઇએ. જે માર્ગ સેવતાં નુકસાન ઓછું અને લાભ વધારે થવાનો છે, તે જ અપવાદમાર્ગ કહેવાય. શેલકરાજા આ જે ઔષધનું સેવન કરશે તેમાં જીવહિંસા છે, બીજા દોષો પણ છે, પણ તેની સામે જે ઘણા જ લાભો છે, તે જોઇને

અપવાદમાર્ગ સેવ્યો છે. આવા તો શાસ્ત્રમાં ઘણા જ દાખલા છે. ગાઢ કારણે જ આવી વસ્તુઓ વાપરવાની છૂટ છે.

૭૧. **સભા :-** સભા વધારે ભેગી થાય છે તેમાં કારણ શું?
**સાહેબજી :-** ભગવાનની આજ્ઞા મૂકીને બોલો તે જ કારણ છે. તમને મનોરંજન ન થાય તેમ બોલવું તે ઘણાને ગમતું નથી. અમે તત્ત્વની વાતોને છોડી, ચટાકેદાર દૃષ્ટાંતો આપીએ, જેમાં શાસ્ત્રને છોડીને ફોરેનના કે નોનજૈનના દૃષ્ટાંતો આવે અને તેની સાથે જૈનશાસનના મહાપુરુષોને તેમની હરોળમાં મૂકીને સાથે જોક્સ કરીએ, એટલે તમે બધા ખુશ. તમે જે સીધું વાંચી વાંચીને ન મેળવી શકો તેવી દુનિયાદારી માહિતી અમે તમને વ્યાખ્યાનમાં રોચક શૈલીથી આપીએ. પછી તો અમારી વાહ વાહ ને? આના કારણે ચાર મહિનાના વ્યાખ્યાનમાં ૫ ટકા મોક્ષમાર્ગ કે તત્ત્વની વાતો પણ તમને સાંભળવા ન મળે.

૭૨. **સભા :-** સંસારના આશયથી પણ પાપને બદલે ધર્મ કરે તે સારું જ છે ને?
**સાહેબજી :-** મોક્ષને કેન્દ્રમાં રાખીને જ ધર્મની વાત છે. તમે તપ-ત્યાગ-સંયમ પાળો, સદાચાર કેળવો, અબજો રૂપિયાનું દાન કરો, બ્રહ્મચર્ય પાળો, નિર્વિકારીતા કેળવો પણ જો મોક્ષનું લક્ષ્ય ન હોય તો, તે ધર્મની ફૂટી કોડીની કિંમત નથી. જૈનશાસનમાં પરમ તત્ત્વ મોક્ષ છે. આ જ ધર્મ કરીને જો ૮૪ લાખ જીવાયોનિમાં ફરવાનું હોય, તો પછી ધર્મ કરવાની શું જરૂર? જે ધર્મ તમારા અને પરના આત્માનું હિત કરે તેવો જ ધર્મ જોઇએ. જેને આત્મકલ્યાણ સાથે મતલબ નથી, તેનો પહાડ જેવો ધર્મ, રાઈ જેવડો પણ નથી.

અભવ્યના જીવો કેટલો ધર્મ કરે છે, છતાં તેની શાસ્ત્રકારોએ ક્યાંય પ્રશંસા ન કરી ને? માટે ખાલી ધર્મનું મૂલ્ય નથી, પણ આત્મકલ્યાણસાધક ધર્મનું મૂલ્ય છે. જે મોક્ષને નકામો માને તેને માટે આ સંસારમાં ધર્મ કાંઇ કામનો નથી. જગતમાં ખરું સુખ-વિકાસ મોક્ષમાં જ છે. હવે તે જેને જોઇતું નથી તે વ્યક્તિ ધર્મના શરણે જાય તો તે શું કામ જાય છે, તે જ પ્રશ્ન છે.

તમારો પેલો પ્રશ્ન હવે પૂરો કરી લઉં કે, શ્રાવકના વંદિત્તા સૂત્રમાં આવે છે કે "મજ્જંમ્મિ અ મંસમ્મિઅ"; માટે અપવાદમાર્ગે આવી શકે છે; પણ વગર કારણે ખાય કે સેવે તો તેને સારું ન જ કહેવાય. જૈનશાસનમાં અપવાદમાર્ગ બધી વાતોમાં આવશે. પણ અપવાદમાર્ગને ખૂબ જ ગંભીરતાથી સમજી વિચારીને

તેનો ઉપયોગ કરવાનો છે. જિનેશ્વરદેવોએ કોઇ વસ્તુનો એકાંતે નિષેધ કર્યો નથી. જે હિતકારી હોય તે રીતે પ્રવૃત્તિ કરવાની છે.

એકાંતે અહિંસા જ પાળવી અને હિંસા ન કરવી અને એકાંતે સત્ય જ કહેવું અને અસત્ય ન કહેવું, એમ ન કહેવાય. પરંતુ પ્રસંગે આત્મહિત થતું હોય તો અસત્ય પણ બોલવું ; પરંતુ બધે ગંભીરતાથી વિચારવાનું આવશે. આપણો ધર્મ સ્યાદ્વાદમય છે.

✤ જે વ્યક્તિની જેટલી પાત્રતા હોય, તેના કરતાં અધિક પૂજા-ભક્તિ કરો તો પણ અવિવેક છે. જૈનશાસન વિવેકમય છે. ઓછા ગુણવાળાને અધિક ગુણ માની બહુમાન કરો તો પણ મિથ્યાત્વ લાગે અને અધિક ગુણવાળાને ઓછા ગુણ માની આશાતના-હીલના કરો, તો પણ મિથ્યાત્વ લાગે. આપણા શાસનમાં વ્યક્તિની પૂજા નથી, પણ ગુણની પૂજા છે. આપણે ત્યાં તો સાધુ પણ ગુણ વિનાના હોય, તો પૂજા-ભક્તિ નહિ કરવાની.

✤ કેવલજ્ઞાન સિવાય બીજું ગમે તેટલું જ્ઞાન હોય, છતાં શાસ્ત્ર કહે છે કે, આત્માનું તે જ્ઞાન અધૂરું છે. કેવલજ્ઞાન પાસે બીજાં બધાં જ્ઞાન બિંદુ સમાન છે. ગણધરોમાં અનંત અજ્ઞાન છે અને બિંદુ જેટલું જ્ઞાન છે. માટે તીર્થંકરો પણ સ્વયં પૂર્ણ જ્ઞાની બન્યા પહેલાં ઉપદેશ ન આપે.

✤ ધર્મ તે તીર્થંકરોની પેદાશ નથી, તીર્થંકરો તો ધર્મના દર્શક છે. સારાનું સારું ફળ, ખરાબનું ખરાબ; તે વિશ્વવ્યસ્થા છે.

✤ ધર્મ એ જગતની શ્રેષ્ઠ વસ્તુ છે, તેથી તેને મેળવવા માટે લાયકાતનું ધોરણ પણ ઉચ્ચ કક્ષાનું જ રહેવાનું.

* આ વિશ્વમાં પરમ સુખશાંતિનું સાધન ધર્મ છે. ધર્મથી આ ભવમાં અને પરભવમાં સુખશાંતિ મળે છે. ભગવાનની આજ્ઞા જ એનું નામ, જે એકાંતે સુખકારી હોય. વીતરાગની આજ્ઞા કદી દુઃખકારી હોય નહિ.

* મન-વચન-કાયાની યોગ્ય પ્રવૃત્તિ તે ધર્મ અને અયોગ્ય પ્રવૃત્તિ તે અધર્મ.

* ભૌતિક કામનાને અશુભ કહી છે અને તે પાપબંધનું કારણ છે જ્યારે આત્મિક કામનાને શુભ કહી છે અને તે પુણ્યબંધનું કારણ છે.

* શાસ્ત્ર કહે છે કે બે પ્રકારની લક્ષ્મી હોય. પુણ્યાત્માની લક્ષ્મી, એક પૈસો બીજા પૈસાને લાવે તેવી હોય; જ્યારે પાપાત્માનો પૈસો, ભવિષ્યમાં ગરીબીને લાવે તેવો હોય. તેમ આત્માનું સુખ બીજા સુખને લાવવાનું કારણ છે, માટે જેમ જેમ ભોગવો તેમ તેમ સુખનો ગુણાકાર થશે; જ્યારે ભૌતિક સુખમાં સુખ જેમ જેમ ભોગવો તેમ સુખનો ભાગાકાર થશે.

* ધર્મનું મૂળભૂત લક્ષ્ય આત્માનું પરિવર્તન છે.

* સંસારનો રસ આત્મામાં રહેલી ધર્મજિજ્ઞાસાને હણી નાંખે છે અને ભૌતિક જિજ્ઞાસા પેદા કરે છે, માટે આપણને જ્ઞાનાવરણીય નડતું નથી પણ દર્શનમોહનીય નડે છે.

* જો કોઈ પૂજા ન કરે તો તેટલું ભયંકર નથી, પણ એવું વર્તન કરે કે જેથી કોઈના મનમાં પૂજા કરવા જેવી નથી એવું ઘૂસી જાય, તો મહાભયંકર છે.

* ધર્મ એ તો આખી જિંદગીની સત્યની શોધ છે. જેને કરતાં આવડે તેનું જ કલ્યાણ થવાનું.

# ૬

### તા. ૧૦-૯-૯૫, રવિવાર, ભાદરવા વદ એકમ, ૨૦૫૧

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવ માત્રને આત્મતત્ત્વનો સમ્યગ્ વિવેક કરાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

૭૩. **સભા :** ૧૧મા ગુણસ્થાનકે બંધ નથી પડતો, પરંતુ અનુબંધ પડે છે? વીતરાગ એવા આત્માને બંધ નથી, પણ શક્તિરૂપે કષાય પડ્યા છે, તો અનુબંધ પડે છે?
**સાહેબજી :** તમે અનુબંધ શબ્દ બોલ્યા તે કર્મ માટે લેવાનો છે. અનુબંધ શબ્દ ઘણો જ વ્યાપક છે. માટે તેમાં કર્મના અર્થમાં લેતા હો તો મોહનીયકર્મને છોડી અનુબંધ પડતો નથી. અનુબંધનું કારણ મોહ છે. આઠ કર્મમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ પ્રત્યેક કર્મનો બંધ માન્યો, પણ ક્યાંય તેમાં અનુબંધ લખ્યો નથી. મોહનીયકર્મને છોડીને બીજા કર્મથી અનુબંધ શક્ય નથી. અનુબંધ મોહમાં જ છે, અને અગીયારમે તો મોહનો ઉદય જ નાબૂદ થયેલ છે, તો ત્યાં અનુબંધ ક્યાંથી હોય? અનુબંધ, ભાવમન હોય તો પડે છે. જ્યારે અગિયારમા ગુણસ્થાનકે અમનસ્ક યોગ છે. ત્યાં મનના મોહાત્મક ભાવો જરાય નથી, માટે નવો અનુબંધ નથી. શાતાવેદનીય પણ કેવું બંધાય? જેમ હવામાંથી ધૂળ ભીંત પર પડે અને ખરી જાય, તેની જેમ તેમને કર્મ અડીને ખરી જાય. જેમાં તાકાત હોય તેવું કર્મ વીતરાગને બંધાતું નથી.

૭૪. **સભા :-** "ચિત્ત પ્રસન્ને પૂજન ફળ કહ્યું રે" તે સમજાવો.
**સાહેબજી :-** આનો ખુલાસો આગળ થઇ ગયો છે. આ સ્તવન પૂ. આનંદઘનજી મહારાજાએ ગાયું છે, માટે તેમના વાક્યમાં શંકાનો પ્રશ્ન રહેતો જ નથી. અહીંયાં ફળ શબ્દનો અર્થ મુખ્ય ફળ કાં આનુષંગિક ફળ થઇ શકે છે.

આપણા શાસ્ત્રમાં ધર્મનો પ્રભાવ ગાવામાં આવે છે, તેમાં ઘણા ઠેકાણે આનુષંગિક ફળનું વર્ણન મળશે, ઘણા ઠેકાણે મુખ્ય ફળનું વર્ણન મળશે. જેમ કે પ્રભુભક્તિ કરવાથી રાજા, મહારાજા, છ ખંડના ચક્રવર્તી, દેવલોકના વૈભવ મળે છે; જે સામાન્ય ચીજ છે, તે તેનાથી અવશ્ય મળે છે. આવું વર્ણન પણ આવે

છે. બધી જ મનોકામના ધર્મ દ્વારા ફળે છે, અપુત્રને પુત્ર થાય, વાંઢાને પત્ની મળે, ગરીબને આ જગતમાં જે પણ સારું ભૌતિક દેખાય છે, તે બધું ધર્મના પ્રભાવે મળી શકે છે. જેણે ધર્મ નથી કર્યો તેને આ જગતમાં કાંઈ મળતું નથી. જે પણ મળે છે તે ભૂતકાળમાં ધર્મ આરાધના કરી છે, તેનાથી જ મળે છે. માટે બંને પ્રકારનાં ફળ ધર્મથી મળે છે.

અહીં આનુષંગિક ફળમાં ચિત્તની પ્રસન્નતારૂપ મનનું સુખ લેવાનું છે. જો મુખ્ય ફળ લેવું હોય તો આત્માની પ્રસન્નતા; ત્યાં બંનેનો અભેદ કરી લેવાનો છે. માત્ર ચિત્તની પ્રસન્નતાનું ફળ કહીએ તો મુખ્ય ફળ ન બને. જે વીતરાગને ઓળખીને પૂજા કરે તેને મનની પ્રસન્નતા ખાલી નથી મળતી, પણ સાથે આત્મશુદ્ધિ પણ મળે છે, જેનાથી આત્માનું ઉત્થાન થાય છે. તેથી તેમાં બંને ફળ લેવાનાં છે. માટે તેની સાથે આત્માનું મુખ્ય ફળ સાંકળી લેવાનું છે.

**"તેજોલેશ્યા વિવૃદ્ધિર્યા સાધોઃ પર્યાયવૃદ્ધિતઃ"**

ત્યાં પણ ઉપાધ્યાયજી મહારાજાએ કહ્યું છે કે, મન પ્રસન્ન અને આત્મા પણ પ્રસન્ન, બંનેની એક વાત કરી છે. અભેદ કરીને લેશ્યાનું સુખ અને આત્માનું સુખ એક કર્યું છે. આમ તો લેશ્યાનું સુખ અને આત્માનું સુખ જુદું છે, જેમ મુનિનો પર્યાય વધે તેમ લેશ્યાનું સુખ વધે છે, તેમાં આત્માનું સુખ સાથે લેવાનું છે. માટે અહીંયાં અભેદ કરીને આ પંક્તિ કહી છે.

૭૫. **સભા :-** ઘણા કહે છે ચિત્ત પ્રસન્ન હોય તો ધર્મ કરવાનો.

**સાહેબજી :-** આવું કહેનારા તો અક્કલ વગરના છે. મન અપ્રસન્ન હોય ત્યારે ધર્મ કરવાનો કે અધર્મ કરવાનો?

૭૬. **સભા :-** પ્રસન્નતા કોના બળે લાવવાની?

**સાહેબજી :-** ધર્મના બળે જ લાવવાની છે. પ્રભુનાં દર્શન, પૂજા તે મનની પ્રસન્નતા મેળવવાનાં સાધન છે. આ તો તમે ઊલટું કહો છો કે મોક્ષે ગયા પછી ધર્મ કરશું, પણ ધર્મ કરશો તો મોક્ષ મળશે ને? મોક્ષમાં તકલીફ, આધિ, વ્યાધિ, ઉપાધિ નથી; માટે ધર્મ કરવો ત્યાં ફાવે, કેમ ખરું ને? અહીંયાં તો ઘણી તકલીફો છે, તેથી ધર્મ કરવો ફાવે નહિ. માટે મોક્ષે જઈશું પછી જ ધર્મ કરીશું, કેમ ખરું ને?

૭૭. **સભા :-** વરખ આંગીમાં વપરાય કે નહિ?

**સાહેબજી :-** વરખનો ઉપયોગ આંગીમાં સેંકડો વર્ષોથી થાય છે. તમારે તે કઈ

પ્રોસેસથી થાય છે તે જ કહેવું છે ને? ચામડાના મસક પર કૂટીને થાય છે તેની ના નથી, એટલે હિંસાથી બને છે તેટલું જ તમારું કહેવું છે ને? પરંતુ સીધું ચામડું દેરાસરમાં તબલારૂપે વપરાય છે કે નહિ?

૭૮. **સભા :-** આ તો ભગવાન પર સીધા ચિટકાવાય છે.

**સાહેબજી :-** માટે ચામડાથી ન બનેલું હોવું જોઈએ તેમ કહેવું છે ને? પણ કસ્તુરી હરણના પેટમાંથી નીકળે છે, તેની નાભિમાં કસ્તુરી થાય છે. તે તેના ચામડાને અડેલી જ હોય છે છતાં તે લઈને તેનું ભગવાન પર વિલેપન કરાય છે. માટે ચિંતા કરવાની નથી. વરખ વાપરવામાં કશો જ વાંધો નથી. તમારું કહેવું છે કે ચામડાને અડેલી વસ્તુ ભગવાન પર કેમ ચઢાવાય? પણ મારે તમને પૂછવું છે કે, વરખ બને શેમાંથી? સોના-ચાંદીમાંથી બને છે જે પવિત્રમાં પવિત્ર ધાતુ છે. સોનું-ચાંદી પાણીની ગંદકીને પણ ચોખ્ખી કરે છે. પાણી કરતાં પણ આ ઉત્તમ ધાતુ છે. અપવિત્રને તે પવિત્ર કરે છે, પણ અપવિત્રને અડવાથી પોતે અપવિત્ર બનતું નથી. તેને અપવિત્રતા અભડાવતી નથી. આ વાત આયુર્વેદમાં પણ લખી છે. ત્યાં પણ સોનાના આઠ ગુણ બતાવ્યા છે. અપવિત્રને પવિત્ર બનાવે, ઝેરનો નાશ કરે છે. આવા આવા આઠ ગુણ છે. માટે ગંદી વસ્તુને તે પવિત્ર કરે છે.

તમારે ગોમૂત્ર પણ દેરાસરમાં છાંટે છે ને? સાધુ કાળ કરે પછી પણ ગોમૂત્ર છાંટવામાં આવે છે. મડદાને સ્પર્શ થયો હોય, તેમની ચરણરજ લીધી હોય, તો શુદ્ધિ માટે ગોમૂત્રનાં છાંટણાં કરે છે ને?

૭૯. **સભા :-** નોન-વેજીટેરીયન ગાય હોય તો પણ?

**સાહેબજી :-** હા, છતાં પણ ગોમૂત્ર પવિત્ર છે. તેના શરીરની રચના એવી છે. તેના મૂત્ર, છાણ, દૂધ, દહીંને પવિત્ર જ કહ્યાં છે.

૮૦. **સભા :-** જૈનેતરો ગાયને પગે લાગે છે.

**સાહેબજી :-** હા, તેઓ ગાયમાં ૩૨ કરોડ દેવતાનો વાસ માને છે, પરંતુ આપણે તે માનતા નથી. જો તે માનીને પગે લાગે તો મિથ્યાત્વ લાગે છે. ગાયની પાંચેય વસ્તુ પવિત્ર છે તેમ સોનું પણ પવિત્ર છે. માટે સોનાથી વાસિત થયેલું પાણી પણ છાંટો તો અપવિત્રતા દૂર થાય છે. આવું પવિત્ર સોનું ખાલી ચામડાને અડે છે, તેથી પ્રતિમા ઉપર સ્પર્શ થાય નહિ, તેમ માનવું ખોટું છે. વરખને પ્રભુજીનો

સ્પર્શ કરાવવામાં કશો જ વાંધો નથી. હવે તેમાં હિંસાની વાત પણ પહેલાં હું કહી ગયો હતો.

આવી હિંસા તમે જીવનમાં છોડી છે? ચામડાનો ઉપયોગ થતો હોય તેવી વસ્તુ હું નહિ વાપરું કે નહિ વપરાવું તેવાં તમારે પચ્ચક્ખાણ છે? તેના કરતાં પણ ભયંકર હિંસાથી બનેલી વસ્તુઓ વાપરો છો, જેમાં તમને જરાપણ વાંધો નથી. આ તમારું કોટન જુઓ. જે મીલમાં બને છે તેમાં પ્રોસેસ માટે મટનટેલો(પ્રાણીઓની ચરબી) વપરાય છે. હવે આવા પ્રોસેસ થયેલાં કપડાં વાપરવામાં તમને વાંધો નથી, પરંતુ પવિત્રતામાં હિંસા ઘૂસી ગઈ તેવું દેખાય છે. ધર્મના ક્ષેત્રમાં જ હિંસા દેખાય છે તે તમારી બુદ્ધિનું દેવાળું છે. અત્યારે તો તમે તમારા જીવનમાં મહાહિંસાઓ લઈ આવ્યા છો.

વરખ પોતે જ પવિત્ર વસ્તુ છે, માટે આંગીમાં ચોક્કસ વપરાય અને તબલાં સીધાં ચામડામાંથી બને છે, પણ તે ઉત્તમ ભાવોનું સાધન છે. બીજું દેરાસરમાં આમ તો લોખંડની એક ખીલી પણ ન વપરાય, જ્યારે તમે તો સ્ટીલની થાળી લઈને દેરાસર આવો તેમ છો, અને જો તે ના હોય તો ઘડિયાળ તો હાથ ઉપર હોય જ. પાછા ભગવાનને એવી રીતે ભેટી પડો કે જેનાથી ઘડિયાળનો પ્રભુને સ્પર્શ થાય.

૮૧. **સભા :-** શુદ્ધ વરખ વપરાય પણ જેમાં મિશ્ર થયેલો વરખ હોય તો વપરાય?

**સાહેબજી :-** આપણે જાતે ચાંદી આપી બનાવડાવવો જોઈએ. મિશ્ર થયેલો હોય તે ખબર પડે તો નહિ વાપરવો. બને તેટલી કાળજી રાખવી. કેસરમાં પણ મીક્ષીંગ આવશે, સુખડમાં પણ મીક્ષીંગ આવશે. એટલા માત્રથી અપવિત્ર છે? પણ તે વસ્તુ મૂળથી અપવિત્ર નથી, તેથી વપરાય જ. હવે જેઓ આમાં હિંસા છે માટે ન વપરાય તેવું બોલે છે, તે તો ભાન ભૂલેલા છે. તેમાં હિંસા છે, પણ હિંસામાં રહેલા શ્રાવકને તે હિંસાથી થતો ધર્મ બતાવ્યો છે. તમારે પહેલાં તમારી જાત માટે થતી હિંસામાં કાપ મૂકવો જોઈએ. પચ્ચક્ખાણ લો કે ચામડાથી બનેલી વસ્તુ, વાયા વાયા પણ બનેલી વસ્તુ, હું નહિ વાપરું. પણ તે કરવું નથી અને ખાલી ધર્મની વાત આવે ત્યારે બોલવું છે કે, આટલા બધા જીવો મરી જશે, માટે આમ કરાય નહિ; પણ આ બધા વેવલા ને વાયડા છે. પોતે ડોલ ભરીને પાણીથી નાહી લે, પણ ભગવાનનો પક્ષાલ કરતાં એક કળશ પાણીમાં જીવો મરી જતા દેખાય. માટે તમારી દયા ભગવાનની ભક્તિમાં જ ઊભરાય છે.

ઘણા એવા પણ મળ્યા છે કે, "સાહેબ, સાધર્મિકને પૈસા આપીએ અને તે પૈસાથી ધંધો કરે તો અમને પાપ લાગે?" એટલે તમારે ધંધો કરવો છે પણ સાધર્મિક ધંધો કરે તો પાપ લાગે, ખરું ને? અને આના કારણે તમે નવા ચીલા પાડ્યા છે. પ્રભાવનામાં પણ કાં ચોપડી આપો છો, કાં પૂજાની વાટકી આપો છો, કટાસણું આપો છો. કારણ કે બીજી વસ્તુ આપીએ તો પાપ લાગે, તેમ માનો છો. પહેલાં તો તેને સંસારમાં ઉપયોગી થાય તેવી વસ્તુની પ્રભાવના કરતા હતા, પરંતુ અત્યારે કહે છે કે, "ધર્મમાં ઉપયોગી વસ્તુ આપીશું તો તેનો ધર્મમાં ઉપયોગ કરશે, જ્યારે બીજી વસ્તુનો ઉપયોગ તો સંસારમાં કરશે. અધિકરણમાં દોષ છે, ઉપકરણમાં દોષ નથી." પણ શું આ શાસ્ત્રની વિધિ છે? ના, તમારે તપસ્વીની ભક્તિ કેમ કરવી છે? જેમ મારી ભક્તિ કરવી છે, ત્યારે મને અનુકૂળ હોય તે આપીને ભક્તિ કરો, તો ભક્તિ થાય ને? પણ મને અનુકૂળ ન હોય છતાં પણ પાતરા ભરી દો, તો ભક્તિ થાય કે કમભક્તિ થાય? તેમ અહીં આવનારની પાસે કટાસણાં આદિ તો હોય અને તેને પ્રભાવનામાં કટાસણું આપો તો શું થાય? **ધર્મ તો હંમેશાં સ્વદ્રવ્યથી જ કરવાનો છે.**

૮૨. **સભા :-** પણ ભેટ આપીએ એટલે સ્વદ્રવ્ય થઇ ગયું ને?

**સાહેબજી :-** પરંતુ હું પૂછું છું કે ભાવ ક્યારે આવે? પોતાની જાતે પોતાના દ્રવ્યથી લાવે તો વધારે ભાવ આવે કે નહિ? માટે તેને તરતમાં જ ઉપયોગી, અનુકૂળ હોય તેવી વસ્તુથી જ ભક્તિ કરવાની હોય છે.

તમે કહેશો સાહેબ, સાધર્મિકને ૧૦૦ રૂપિયા આપીએ તો તે સંસારના રંગરાગમાં વાપરશે તો પાપ લાગશે. પરંતુ તમને આવી બુદ્ધિ ક્યાંથી સુઝી? પોતાના નોકરને ૧૦૦ રૂપિયા આપતાં વિચાર આવે નહિ કે તે ક્યાં વાપરશે, પણ સાધર્મિકને આપવા હોય તો પાપ દેખાય છે. પરંતુ ભક્તિ તો તેને અનુકૂળ વસ્તુ આપીને જ કરાય. પૈસા આપો તો બધાને અનુકૂળ રહેશે, જેને જે જરૂરીયાત હોય તે પ્રમાણે લેશે. મીઠાઇ આદિ તથા વાસણ આદિની પણ પ્રભાવના કરી શકાય છે. માંટે સાચો લાભ લેવા માટે બધે વિચાર કરીને કરવાનું આવશે. પરંતુ તમે જાત માટે હિંસાનો વિચાર કરતા નથી અને બીજા માટે હિંસાનો પહેલો વિચાર કરો છો, તે બરાબર નથી.

૮૩. **સભા :-** ચાંદીની લગડી પ્રભાવનામાં આપી શકાય?

**સાહેબજી :-** હા, ચાંદી તો શું, સોનાની લગડી પણ આપી શકાય.

૮૪. **સભા :-** ઘણા તપસ્વી રોકડા નથી લેતા, કટાસણાં આદિ આપીએ તો લે છે.
**સાહેબજી :-** રોકડામાં તો જો તમે ચાંલ્લા તરીકે આપતા હો, ને તે જો ન લે તો તેમની ઇચ્છાની વાત છે. તે તમારી સામાજિક વ્યવસ્થા તરીકે કહેવાય છે. પણ પ્રભાવના તરીકે આપો તો ના પડાય નહિ, અને કોઇને એમ હોય કે આવી રીતે કોઇનું વાપરતાં મન બગડશે, મફતનું ખાવાની વૃત્તિ આવશે, તો તે લઇને તેનો તે સદુપયોગ કરી શકે છે, પણ પ્રભાવનાની ના તો ન જ પડાય. ના પાડે તો તેની અવગણના કરી કહેવાય, માટે દોષ લાગે.

૮૫. **સભા :-** વરખ અભક્ષ્ય કહેવાય?
**સાહેબજી :-** ભક્ષ્યાભક્ષ્યના દ્રવ્યની વ્યાખ્યામાં નથી, પણ આ રીતનાં પ્રોસેસથી બને છે માટે અમે ન કહીએ કે તમે ખાઓ, અમે તેની પ્રેરણા પણ કરતા નથી. મીઠાઇ પર લગાડેલું હોય છે, અભક્ષ્ય નથી માટે અમે પણ વહોરીએ છીએ. પરંતુ ઘણા તેને અભક્ષ્ય રીતે ચીતરે છે, જે કપોલ કલ્પના છે. સોના-ચાંદીથી પાણી પણ પવિત્ર થાય છે, માટે વાંધો નથી.

૮૬. **સભા :-** સોનું-ચાંદી તે એકેન્દ્રિયના જીવ છે ને?
**સાહેબજી :-** હા, પરંતુ ખાણમાંથી બહાર નીકળે છે પછી તે નિર્જીવ છે.

૮૭. **સભા :-** તો તમે તેને અડો ખરા?
**સાહેબજી :-** પરિગ્રહ તરીકે અમે તેને ન અડીએ. પણ પ્રતિષ્ઠા આદિ વખતે અડીએ છીએ. ભક્તિના સાધન તરીકે અડવામાં બાધા નથી. કારણ ત્યાં પરિગ્રહનો ભાવ નથી.

૮૮. **સભા :-** દરેક ચોવીસીમાં ૨૪ તીર્થંકર કેમ?
**સાહેબજી :-** ભરત અને ઐરાવતમાં જ ૨૪ તીર્થંકર થાય છે, જ્યારે મહાવિદેહમાં તો અસંખ્ય તીર્થંકર થતા રહે છે. ત્યાં ઋષભદેવ અને મહાવીરસ્વામીની વચમાં અસંખ્ય તીર્થંકરો થયા છે, અરે ઋષભદેવ અને અજીતનાથ પ્રભુની વચમાં પણ અસંખ્ય તીર્થંકરો થઇ ગયા છે. એક સાગરોપમ કાળમાં અસંખ્ય તીર્થંકરો થાય

છે. માટે ૨૪ તીર્થંકર જ છે, એમ કહી શકાય નહિ. એક પછી એક, એક પછી એક, એમ હારમાળારૂપે તીર્થંકરો થાય છે. મોક્ષ, મોક્ષમાર્ગ, મોક્ષમાર્ગના પ્રણેતા અનાદિના છે. માત્ર ભરત અને ઐરાવતની અપેક્ષાએ જ ૨૪ તીર્થંકરની વાત છે. કારણ કે આ ક્ષેત્રોમાં કાળના તબક્કા બદલાય છે, જ્યારે મહાવિદેહમાં એક જ કાળ છે. અહીંયાં શિયાળો, ઉનાળો, ચોમાસું આ બધી ઋતુઓ; દિવસ, રાત શેના કારણે છે? કાળના કારણે છે. માટે કાળની અસરો પ્રત્યક્ષ દેખાય છે. તેની મોટામાં મોટી અસર છ આરા છે. તેમાં તીર્થંકરોના જન્મનો કાળ ચોથો આરો છે. તીર્થંકરોને જન્મવા યોગ્ય બીજો કાળ નથી. પરંતુ એ આરામાં પણ ૨૪ તીર્થંકરો જ કેમ? તો આવા વિશિષ્ટ તીર્થંકરોને જન્મવા યોગ્ય તેમાં ૨૪ જ મુહૂર્ત આવે છે, માટે ૨૪ જ તીર્થંકરો થાય છે; પણ આખી સૃષ્ટિમાં તો અસંખ્ય અસંખ્ય છે. તીર્થંકર જેવી વિશિષ્ટ વ્યક્તિને જન્મવા પણ વિશિષ્ટ કાળ જોઇએ. અત્યારે પણ કાળની અસર પ્રત્યક્ષ છે. પુણ્ય, શરીર, આયુષ્ય પર પણ કાળની અસર પ્રત્યક્ષ દેખાય છે. તમારાં શરીર, સંઘયણ, બળ, આયુષ્ય ઘટવામાં કાળનો પ્રભાવ છે. માટે કાળની પક્કડ પ્રત્યક્ષ છે.

૮૯. **સભા :-** આ નિયત જ છે?

**સાહેબજી :-** મુહૂર્ત જ આટલાં આવે છે, કારણ કે કાળ જ એવો છે. માટે આમાં લોકસ્થિતિ સિવાય કોઇ જ કારણ નથી.

૯૦. **સભા :-** ૮ રુચક પ્રદેશો ક્યાં છે? ૭ ચક્રો ક્યાં છે? કયા કયા છે?

**સાહેબજી :-** ૮ રુચક પ્રદેશો આત્માના મધ્યમાં છે. આત્મપ્રદેશો સંખ્યામાં ૧૪ રાજલોકના પ્રદેશ પ્રમાણ છે, તથા આત્મપ્રદેશો જો વિસ્તૃત થાય તો ૧૪ રાજલોક વ્યાપ્ત થઇ શકે છે. પછી તે ઇલાસ્ટીકની માફક સંકોચાઇ જાય છે. હવે આત્મા વિસ્તૃત થાય ત્યારે, મેરુ પર્વતની મધ્યમાં જે પોઇન્ટ છે તેમાં જે આત્મપ્રદેશો આવે તેને રુચક પ્રદેશો કહે છે, તેના પર કર્મની અસર નથી.

હવે સાત ચક્રો ક્યાં છે? શાસ્ત્રમાં સાત ચક્રોની વાત આવે છે તેની ના નથી, પણ ઘણા લોકો તેની સમજણમાં ગોટાળા કરે છે. કુંડલિનીનું ઉત્થાન, સાત ચક્રના ભેદની જે વાત આવે છે, તે હઠયોગની પ્રક્રિયા છે. યોગમાર્ગમાં બે પ્રક્રિયા છે. એક હઠયોગ અને બીજો રાજયોગ છે. હઠયોગ તે સાઇડ ટ્રેક છે, અવળો રસ્તો છે; જ્યારે રાજયોગ તે અધ્યાત્મનો રાજમાર્ગ છે, જે સીધી દિશા

છે. હઠયોગમાં શરીર, ઇન્દ્રિય, મન બધાની કવાયત આવે છે. સાત ચક્ર આખા શરીરમાં ફેલાયેલાં છે. શરીરમાં અમુક અમુક અનુસંધાનો મળતાં હોય તેવાં મર્મસ્થાનોનાં બિંદુઓને ચક્રની ઉપમા આપી છે. જેમ ઉદરમાં નાભિચક્ર અને મસ્તકમાં સહસ્રારચક્ર વગેરે અમુક વિશેષ કનેક્શન હોય ત્યાં ચક્રની ઉપમા આપી છે. આવાં સાત ચક્ર છે. જ્યારે હઠયોગ કરે ત્યારે નાડીમાં ભરાયેલા દોષોની શુદ્ધિ થાય છે, જેનાથી મનની શુદ્ધિની પણ અનુભૂતિ થાય છે; જ્યારે રાજયોગમાં નાડીની આડકતરી રીતે પણ શુદ્ધિ થાય છે, પરંતુ તેની સાથે આત્માની શુદ્ધિ પણ થાય છે. હઠયોગમાં આનંદમય, ઉલ્લાસની ખાલી અનુભૂતિ થાય છે; તેમાં અમુક ચક્રનો ભેદ કરો તો ૨૪ કલાક જીભ પર મીઠાશનો અનુભવ થાય, કાનમાં મધુર ધ્વનિનો નાદ થાય, તેમ જ પાંચેય ઇન્દ્રિયોના વિષયોની વિશેષ અનુભૂતિ થાય છે; જે યોગમાર્ગમાં ચઢે તેને આ બધાની અનુભૂતિ થાય, પણ તે પહેલાં તો આ બધું વાતોનાં વડાં જેવું લાગશે. અત્યારે રાજયોગ શબ્દ વાપરનારા પણ ઘણા છે. ધ્યાન શબ્દ પણ ઘણા વાપરે છે. પરંતુ આનું perfect knowledge (સંપૂર્ણ જ્ઞાન) જોઈએ. બ્રહ્માકુમારી શિબિરમાં જઈ આવેલા રાજયોગની વાતો કરે છે, પણ તે હઠયોગ છે.

૯૧. **સભા :-** એટલે mis-guide કરે (અવળે રસ્તે દોરે) છે?

**સાહેબજી :-** ઈરાદો તેમનો તેવો ન હોય પણ ભૂલના કારણે, અજ્ઞાનતાના કારણે mis-guide થાય (અવળે રસ્તે દોરાય) છે. આ સાત ચક્રની વાત હઠયોગમાં વિસ્તૃત છે, રાજયોગમાં તે સહજતાથી સિદ્ધ થાય છે. હઠયોગ તે પ્રયત્નસાધ્ય છે, જ્યારે રાજયોગ તે સ્વાભાવિક યોગ છે. આપણે ત્યાં સાત ચક્રની વાત છે અને તેના ભેદની પણ વાત છે. છતાં તેના માટે અંતમાં લખ્યું કે, હઠયોગમાં મનુષ્યભવને વેડફી નાખશો નહિ, પરંતુ રાજયોગમાં મનુષ્યભવનો સદુપયોગ કરજો.

૯૨. **સભા :-** માતૃકાનું ધ્યાન શું?

**સાહેબજી :-** માતૃકાનું ધ્યાન કરતાં આવડે તો ૧૪ પૂર્વનું જ્ઞાન થાય છે. તે જીવ શ્રુતનો પાર પામી જાય છે. જે શાસ્ત્રો લખાયાં તેની આધારશિલા શું? તો અક્ષરો, સ્વરશાસ્ત્ર, વ્યંજનશાસ્ત્રના આધારે શાસ્ત્રો લખાયાં છે. આમ તો અવાજો ઘણા છે, પણ તે તાલબદ્ધ, નિયત, નિયંત્રિત નથી, પરંતુ ક,ખ,ગ,ઘ નિયંત્રિત છે.

મૂળભૂત ધ્વનિ બારાખડી ભારતીય ભાષામાં જ છે. આ તમારી ઇંગ્લીશ ભાષામાં મૂળ ખામી ક્યાં છે? તેના બધા આલ્ફાબેટો સાયન્ટીફીક (અક્ષરો વૈજ્ઞાનિક) નથી. કારણ કે અંગ્રેજી બારાખડીમાં ધ્વનિના કેટલાક મૂળભૂત સ્રોતો અને તેનાં સંયોજનો રદબાતલ થઇ જાય છે. આપણે 'પ' ઓષ્ઠ્ય છે, એટલે જેમાં હોઠ વગર ઉચ્ચાર ન થાય. તેમ 'ત' દંત્ય છે, એટલે દાંતથી ઉચ્ચાર થાય. આવું બધું વિશ્લેષણ ઇંગ્લીશ ભાષામાં મળશે ખરું? તેમાં ધ્વનિનું પાયામાંથી પૃથક્કરણ નથી કર્યું. સંસ્કૃત ભાષામાં મૂળ સ્રોતરૂપ ધ્વનિનું પૃથક્કરણ કરેલ છે. જો તે શબ્દોનું ધ્યાન કરતાં આવડે તો ધ્વનિના સર્વ પર્યાયોનું તેનાથી જ્ઞાન થઇ જાય. આ બધી મંત્રશાસ્ત્રની વાતો છે, જે તર્કબદ્ધ છે. પરંતુ તમે અત્યારે વિદેશી ભાષાથી જ અંજાઇ ગયા છો.

૯૩. **સભા :-** બ્રાહ્મી લિપી કેમ કહેવાય છે?

**સાહેબજી :-** બ્રાહ્મી-સુંદરીને આ લિપી પહેલી શીખવી છે, માટે બ્રાહ્મી લિપી કહેવાય છે. આ બતાવનાર ઋષભદેવ પ્રભુ છે. પહેલ વહેલાં બ્રાહ્મી-સુંદરી તે ભણ્યાં છે, માટે બ્રાહ્મી લિપી કહે છે. ધ્વનિનું પૃથક્કરણ સંસ્કૃત બારાખડીમાં છે, તેટલું ક્યાંય નથી.

૯૪. **સભા :-** તમને સાહેબજી! આટલું જ્ઞાન છે, માટે તમે માતૃકાનું ધ્યાન કર્યું જ હશે?

**સાહેબજી :-** તેમાં અમને દેવ-ગુરુ-ધર્મની કૃપા છે. પૂ. આ. શ્રીહેમચંદ્રસૂરિએ આટલા ઉપાય બતાવ્યા છે, આવો મહિમા ગાયો છે, તો પ્રસંગે કરીએ પણ ખરા. પરંતુ તેમાં ચોક્કસ દેવ-ગુરુ-ધર્મની કૃપા છે. આ શાસ્ત્રો અમને ન મળ્યાં હોત તો અમે રખડતા હોત. આ શાસ્ત્રો મળવાથી અમારી બુદ્ધિનો સોએ સો ટકા સદુપયોગ થાય છે.

૯૫. **સભા :-** મહાવિદેહમાં સંસ્કૃત ભાષા છે?

**સાહેબજી :-** સંસ્કૃત, પ્રાકૃત બંને છે.

૯૬. **સભા :-** પશુ-પંખીને ભાષા હોય છે?

**સાહેબજી :-** પશુ-પંખીને ભાષા હોય છે, પરંતુ મનુષ્યો જેવી વિકસિત નથી

હોતી, વળી તે કોઇ તેને શીખવાડતું નથી. જે તે ભવમાં જાય એટલે તેને સહજતાથી જાણકારી મળી જાય છે, જેમ કે તેઓ અમુક અમુક પ્રકારના અવાજ કાઢી શકે છે. તેમને કાંઇ કોઇએ ભણાવ્યાં હોતાં નથી. પણ natural insting(કુદરતી અંતઃસ્ફુરણા) હોય છે, તેના કારણે આપમેળે તે સંકેતો તેઓ સમજી શકે છે. પણ જે મનુષ્ય તેને ભણે તો તે સમજી શકે છે. જેમ ગાય ભાંભરે તો કોને ખબર પડે? તેમ કૂતરા, કાગડા, ગાય અમુક રીતે અવાજ કાઢે તો વાતાવરણ-કુદરતમાં અમુક ફેરફારના સૂચક થાય છે, તે નિમિત્તશાસ્ત્રનું અંગ છે, જેના પરથી ભૂત-ભવિષ્ય જાણી શકાય છે.

૯૭. **સભા :-** સાહેબજી! મહાવિદેહમાં કહ્યું દસ કરોડ સાધુ છે, તે હોઇ શકે?
**સાહેબજી:** ચોક્કસ હોઇ શકે, તેમાં ચિંતા કરવાની જરૂર નથી, ત્યાં ઘણી જગ્યા છે, ધક્કામુક્કીનો કોઇ સવાલ નથી. કૂવાનો દેડકો કૂવા સિવાય દુનિયા ન વિચારી શકે ને? તમને આ સંખ્યા વધારે લાગે છે, પરંતુ ૧૪ રાજલોકમાં મનુષ્યો બિંદુ જેટલા છે, દસ કરોડ તો કાંઇ નથી.

૯૮. **સભા :-** ભગવાન મહાવીર દેશના આપતા, તે પશુ-પંખીઓ કેવી રીતે સમજી શકતા?
**સાહેબજી :-** તમારે UNO(યુનો) છે, તેમાં ત્રણ ભાષામાં Lecture (ભાષણ) અપાય છે. ત્યાં જેની જેની Embassy(એલચી કચેરી) હોય, તે પોત પોતાની ભાષામાં સાંભળી શકે છે. હવે જો આટલું વિજ્ઞાન કરી શકે છે, તો પ્રભુના અતિશયો તો કર્મક્ષયના કારણે છે; તેથી બધા જ તેમની વાણીને સમજી શકે તેમાં કાંઇ અતિશયોક્તિ નથી, અને માટે જ આપણે અતિશય શબ્દ બોલીએ છીએ. પ્રભુના અતિશયોના કારણે કાંઇ અશક્ય નથી.

# ૭

તા. ૧૭-૯-૯૫, રવિવાર, ભાદરવા વદ આઠમ, ૨૦૫૧.

૯૯. **સભા :-** વરઘોડામાં પ્રાણીઓનો ઉપયોગ થાય છે, પ્રભુપૂજામાં હજારો ફૂલો વપરાય છે, તથા બધે પ્રસંગે ચોખા ઉછાળાય છે, તે બધું ઉચિત છે?

**સાહેબજી :-** ત્રણે વસ્તુ યોગ્ય છે, તેમાં કોઈ શંકાને સ્થાન નથી; પણ નહિ સમજનારા ગમે તેમ બોલે છે કે પ્રાણીઓને કષ્ટ થાય છે. તેઓ પ્રાણીના-માણસના કષ્ટના નામથી એવી વિચારધારા ફેલાવે છે કે, "ડોળીમાં બેસીને દાદાની જાત્રા કરવા જવું તે તો ભયંકર કહેવાય. કારણ ડોળી ઉપાડનારા તે વખતે કેવા હાંફતા હોય છે, બિચારા અધમૂઆ થઈ જાય છે, પસીને રેબઝેબ થઈ જાય છે. માટે આ રીતે ત્રાસ આપીને જાત્રા કરવાનું શું ફળ?" વળી કહેશે, "મેં તો એવું પચ્ચક્ખાણ લીધું છે કે ચાલીને જવાય ત્યાં સુધી જાત્રાઓ કરવી, નહિતર પછીથી દાદાને ભાવનાથી પૂજવા. કારણ કે ભાવનું ફળ વધારે છે." પરંતુ આવું બોલનારને ખબર નથી કે કષ્ટ કોને કહેવાય? તે તેમણે સમજવું પડે. ઘોડાગાડી વપરાય તો પણ ગમે તેમ બોલે અને ટેક્ષી, રીક્ષા, ગાડીની વાતો કરે. **પરંતુ કષ્ટના નામથી તેમનો ઉપયોગ બંધ કર્યો માટે મોટાભાગનાં પશુઓ કતલખાને ગયાં છે. પ્રાણીઓને આ રીતે કષ્ટના નામે મારી નાંખવાં તે દયા અને થોડું કષ્ટ આપીને જીવાડવાં તે પાપ, આ તે કેવી વિચારધારા?** ભૂતકાળમાં ઘોડા, વિક્ટોરિયા, રથો બધાં જ સાધનો હતાં. ઈતિહાસ વાંચો તો ખબર પડે કે ભૂતકાળમાં કરોડો ઘોડા હતા. કુમારપાળરાજાને ૧૮ લાખની અશ્વસેના હતી. જ્યારથી મોટર, સ્કુટર આવ્યાં, ત્યારથી એક એક મોટરે પાંચ, છ ઘોડાને કતલખાને મોકલ્યા છે. પશુઓની લોહીની નદીઓ પર મોટરો આવી છે. પહેલાં કેટલા ઘોડા હતા અને અત્યારે કેટલા છે? બધાને પરલોક મોકલી દીધા. ઘણા શું કહે કે, ગાય-ભેંસનું દૂધ પીવે તો non-vegetarian(માંસાહારી) કહેવાય, (હમણાં મેનકાએ કહેલું). પણ ગાય-ભેંસનું દૂધ માનવજાત પીવે છે, ત્યાં સુધી તેમના વંશવારસો જીવે છે. જે દિવસે માનવ તેમનું દૂધ પીતો બંધ થશે પછી તેમને જીવવા દેશે ખરો? દુનિયામાં પશુ સાથે માનવજાતને સંબંધ છે. હવે તમે જો ગાયનું દૂધ પીવે તેને Non-vegetarian કહો, તો નાનો બાળક માનું દૂધ લે છે, તો તે માનું

લોહી પીવે છે? માંસાહાર કરે છે? શું બધા મનુષ્યો જન્મે છે ત્યારથી માંસાહારી હોય છે? બચ્ચાની માને લોહીનું દૂધ બને છે તેવું નથી, કુદરતી રીતે દરેક માતાને દૂધ હોય છે. તેમાં દૂધાળાં પશુઓને Excess(વધારે) દૂધ થાય છે. તેઓ ૩૦-૩૫ લીટર પણ દૂધ આપતાં હોય છે. હવે તમે તાજા જન્મેલાને તેટલું દૂધ પીવડાવો તો મરી જાય. માટે પ્રાચીન ઋષિઓએ વિચાર્યું, માનવને તે દૂધ ઉપયોગી છે, સાત્ત્વિકતાની વૃદ્ધિ કરે છે, અનેક ગુણોનો વિકાસ કરે છે માટે તેને માનવના ઉપયોગમાં મૂક્યું.

આથી વરઘોડામાં પ્રાણીઓને વાપરો તે કષ્ટ નહિ પણ જીવતદાન છે. તેમાં થોડું કષ્ટ છે, હા, કાંઇ તેને ચાબુક મારવાની વાત નથી કે ઘણું કષ્ટ આપવાની વાત નથી; પરંતુ તમે અત્યારે આવી બધી હિંસામાં તો બેઠા છો; માટે વરઘોડામાં ઘોડા લાવો, રથમાં જોડો તેમાં કશું અનુચિત નથી, પરંતુ ઉચિત છે.

તમે ૨૪ કલાક વનસ્પતિનો ઉપયોગ કરનારા છો, માટે પ્રભુપૂજામાં ફૂલનો ઉપયોગ ન કરવાનો પણ તમારે સવાલ જ નથી. જ્યારે અમે કાંઇ આંગી કે પૂજા ફૂલથી કરતા નથી, કારણ અમારે વનસ્પતિની હિંસા ન કરવાના પચ્ચક્ખાણ છે. તેમ ચોખા ઉછાળવા પણ અનુચિત નથી. ભગવાન વધાવવામાં કે બીજી ઘણી શુભ પ્રવૃત્તિમાં અક્ષત ઉછાળાય છે જે ઉચિત છે,ભાવવૃદ્ધિનું કારણ છે.

૧૦૦. **સભા :-** પણ માણસોને ચોખા ખાવા નથી મળતા ને કેમ આમ Waste(બગાડ) થાય?

**સાહેબજી :-** તમને આખી દુનિયામાં બગાડ આ ચોખા ઉછાળવામાં જ દેખાય છે? તમારી આ મુંબઇની હોટલોમાં કેટલો એંઠવાડ નીકળે છે? ધર્મના ક્ષેત્રમાં કાંઇ પણ ખરચો કરવાનો આવે ત્યારે જ ગરીબો માટે તમારી આંતરડી કકળી ઊઠે છે. આવા વેવલા અને વાયડાને શું કહેવું? તમારા દેશમાં Entertainment (મનોરંજન)નો અબજોનો ખર્ચો છે. એક ભાઇ મને કહેવા આવ્યા કે, અત્યારે સંઘમાં જમણ કરાતું હશે? ઉપધાનો કરાતાં હશે? મારે તમને પૂછવું છે કે, આ પ્રસંગે જ તમને દુકાળ યાદ આવ્યો? ૯૦ કરોડની પ્રજાને દુકાળ પડ્યો ત્યારે એકનું પણ ટીવી અટક્યું? જૈનોમાં પણ મનોરંજનના ખર્ચામાં કરોડો વપરાય છે? પેટ્રોલમાં પણ પૈસાનો કેટલો ધૂમાડો થાય છે? અને પાછું મળે શું? પરંતુ ત્યાં તમને વિકાસ દેખાય છે; જ્યારે ધર્મમાં એકાદ કરોડ બધાના મળીને ખરચાય તો આંતરડી કકળી ઊઠે છે! કહેશે શું? કે ગરીબોને ઘી સુંઘવા નથી મળતું અને તમે

ચોખ્ખા ઘીના દીવા કરો છો? અહીંયાં ઘીના દીવા જોઇને ગરીબો યાદ આવ્યા, પણ તમારા જીવનમાં મોજમજા, લગ્નના ખરચા, પિક્ચર-નાટકના બધા ખરચાંમાં ગરીબો ક્યાંય યાદ આવે છે? માટે આવું કહેનારા માણસો અવિવેકી છે. શું ધર્મ આ તમારી ગરીબી ફેલાવે છે? તેને દૂર કરવાની જવાબદારી કોની? તમારી હોટલોનો જ Maintenance (ચલાવવાનો) ખર્ચ કેટલો? તેમાંય અડધા રૂમ તો કદાચ ખાલી રહેતા હશે. બાંધકામમાં પણ રોકાણ કેટલું? માટે બહુ જ વિવેક સાથે વિચારજો.

૧૦૧.**સભા** :- પ્રભુને ફૂલ ચઢાવે છે તેમાં ઘણી વખત કીડીઓ પણ હોય છે.

**સાહેબજી** :- જયણાની વ્યવસ્થા સાચવવાની હોય તેટલા માત્રથી કાંઇ ફૂલ ચઢાવવાનું બંધ ન કરાય. માટે કાલે જો પક્ષાલના પાણીમાં ક્યાંય જીવાત દેખાઇ તો પક્ષાલ કરવાનું બંધ કરશો? કેસર વાટવામાં, દેરાસર બાંધવામાં બધે જયણા રાખવાની છે. પણ જયણા સાચવવા માટે શું આખો ધર્મ બંધ કરાય? તેની પૂંજના-પ્રમાર્જના કરાય, પણ તેટલા માત્રથી વિધિ બંધ ન કરાય. આ ધર્મને દ્રવ્યસ્તવ કહ્યો છે. જે હિંસાથી થતો ધર્મ તેને દ્રવ્યસ્તવ કહે છે. તમે હિંસામાં બેઠા છો માટે ધર્મના સાધન તરીકે શ્રાવકને તે કરવાનો કહ્યો છે. આ સ્વરૂપહિંસા છે. એક દેરાસર બાંધતાં કેટલા જીવો મરે છે? સંઘ કાઢે તેમાં, જમણ કરે તેમાં કેટલી હિંસા થાય છે? તો પછી તમારી માન્યતા પ્રમાણે તો બધો ધર્મ જ બંધ કરવો પડશે. પરંતુ એમ થાય નહિ. માટે અમે જયણાનો ઉપદેશ આપીએ છીએ, પણ વિધિ બંધ ન કરાય. એક પૂજાની વાટકી થોડામાં ધોવાતી હોય તો બે લોટા પાણી ઢોળવાનું નથી અને ઢોળો તો દોષ લાગે; પણ થોડા પાણીમાં પણ ધોવી નહિ તેમ તો ન જ કહેવાય.

૧૦૨.**સભા** :- તો પછી જમતાં પણ જીવો મરે છે ને?

**સાહેબજી** :- હા, તો પછી ઉપવાસ કરશે, પણ ઉપવાસ કરતાં પણ અંદરમાં શરીરમાં રહેલ જીવો તો મરે છે. માટે આ બધી વિવેક વગરની વાતો છે. પરંતુ કઇ હિંસા ક્યા સ્તરમાં છોડવા લાયક છે તે જો બરાબર સમજશો, તો આવા ગોટાળા કરશો નહિ.

૧૦૩.**સભા** :- તો દાદાની જાત્રા કરવા ડોળીમાં જવાય?

**સાહેબજી :-** જે શરીરથી હટ્ટાકટ્ટા છે, છતાં ડોળીમાં જઇએ તો નિરાંતે જવાય, થાક ન લાગે, આવા વિચારોથી ડોળીમાં જાય તો દોષ લાગે. પણ જેને શક્તિ નથી પણ દાદાની જાત્રાથી તેને ભાવોલ્લાસ વધે તેમ છે, તેણે ડોળીમાં પણ જાત્રા કરવી જોઇએ; જેનાથી ડોળીવાળાને રોજગારી પણ મળે છે. એક કંપની ખોલો તો શું કહો છો? લોકોને રોજગારી મળે છે. જ્યારે અહીંયાં તમે કષ્ટ આપો છો તેમ લાગે છે, ખરું? તમારી દૃષ્ટિએ શું? મોટરમાં જવું દયા ને? સાધુ માટે શું લખ્યું છે કે, જો તે વિહાર ન કરી શકે તેમ હોય અને તેવી પરિસ્થિતિમાં ક્યાંય રોકાઇ શકે તેમ પણ ન હોય, તો પાલખી કે ડોળી વાપરવી, પણ વાહનમાં ન બેસવું. અત્યારે તો તમારી બુદ્ધિનું શીર્ષાસન થઇ ગયું છે. પૂ.આ. શ્રી શાંતિસૂરિ મહારાજ માટે વાત આવે છે કે ગુરુને ખભે ઉપાડીને ગયા છે.

**૧૦૪.સભા :-** હવે વ્હીલચેરમાં બેસે છે, તેનો ઉપયોગ થાય?

**સાહેબજી :-** તે વાહન જ કહેવાય. પૈડું આવ્યું એટલે વાહન આવ્યું કહેવાય. અમારે છેલ્લી મર્યાદા ડોળી છે. પૈડું, સાયકલ, લારી, રીક્ષા પછી શું? અમારા મહાવ્રતો સાજાં રહેશે ખરાં? પૈડું એટલે યંત્ર જ થયું. મોટરમાં એન્જીન હોય માટે તેમાં જ યંત્ર આવ્યું કહેવાય? પરંતુ પૈડું પણ યંત્ર છે અને તે તો વિજ્ઞાન પણ માને છે. પૈડાની શોધ કરી ત્યારથી યાંત્રિક યુગમાં સિદ્ધિ મળી છે, તેવો વિજ્ઞાન દાવો કરે છે. પૈડું યંત્ર ન હોત તો એન્જીન યંત્ર ક્યાંથી બને? યંત્રનો અર્થ પેટ્રોલથી જ ચાલે તેવો નથી, જેમાં યાંત્રિક ગોઠવણીથી ગતિ આદિ ગોઠવાય, તે યંત્ર છે. તો પછી તમારા હિસાબે તો સાઇકલ પણ યંત્ર ન ગણાય ને? તો પછી અમે સાઇકલ લઇને ફરી શકીએ ને? બળદગાડી પણ યંત્ર ગણાય છે, માટે જ અમે નથી બેસતા ને?

**૧૦૫.સભા :-** ડોળીની વ્યવસ્થા બરાબર સચવાતી નથી.

**સાહેબજી :-** આટલો મોટો સંઘ છે, ને સાતક્ષેત્રની વ્યવસ્થા સચવાય તો ડોળીની વ્યવસ્થા શું ન સચવાય? તમારે કેટલા સાધુ સાચવવાના છે? ૧૫૦૦ સાધુ પણ નથી. સાધ્વીજીને ભેગાં ગણો તો છ સાત હજાર થાય. તેમાં પાછા કાંઇ બધા ડોળીમાં બેસે છે ખરા? અને તમે કહો કે વ્યવસ્થા ન સચવાય. પરંતુ વાહન વાપરશે એટલે ખાલી કપડાં રહેશે, અને અમારાં મહાવ્રતો તૂટી જશે. તમને જેમાં માથાફોડ ઓછી હોય તેવું જોઇએ છે ને? ઇતર ધર્મના સંન્યાસીઓ મોટર-

પ્લેનમાં ઊડે છે, એ સ્તરે આપણા સાધુઓને લઈ જવા હોય તો આ રીતે ઉપયોગ કરાવો. ભગવાનના શાસનને ટકાવવા માટે કડક આચારો સાચવવા જ પડે.

**૧૦૬.સભા :-** તમને કોઈ પરસેવાવાળા વળગે તો ન ગમે, તો પછી ભગવાનને કેમ વળગાય? તથા તમને કોઈ ટીલાં ટપકાં કરે તો ન ગમે તો પ્રભુને કેમ કરાય?

**સાહેબજી :-** તમે કોઈનું પણ સન્માન કરો ત્યારે હાથ જોડો છો, તિલક કરો છો. હવે પોતાનું વ્યક્તિગત માનસ એવું હોય કે હાથ જોડે તો તેને ન ગમે, માટે શું હાથ ન જોડવા? આવા માણસનાં વખાણ કરે તો વાંધો નહિ અને બીજું કરે તો શું પાપ કહેવાય? આ તો વ્યક્તિગત પૂર્વગ્રહ છે. માટે ભગવાનને વિવેક સાથે, બહુમાન સાથે ભાવપૂર્વક તિલક કરો તો બહુમાન, ભક્તિ થાય છે. બધે વિવેક સમજવાનો આવશે.

**૧૦૭.સભા :-** મહાભારતમાં શ્રીકૃષ્ણે અર્જુનને લડવાનો ઉપદેશ આપ્યો, તે શું વાજબી છે? અને આ રીતે આપનાથી અપાય?

**સાહેબજી :-** ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણે લડવાનો ઉપદેશ આપ્યો તેની સમીક્ષા કરતાં કહ્યું છે કે, ધર્મયુદ્ધ હોય અને પ્રેરણા આપે તો હિંસાનો દોષ નથી. અમને નાનામાં નાના જીવની હિંસા ન કરવી તેવાં પચ્ચક્ખાણ છે. પરંતુ ધર્મયુદ્ધની વાત આવે તો કહીએ કે શાંત રહેવા જેવું નથી. માટે ધર્મયુદ્ધની વાત આવે ત્યારે ભલે લોહીની નદીઓ વહે, છતાં મારનારને હિંસાનું પાપ લાગતું નથી. પણ મહાભારતમાં પાંડવો અને કૌરવોને ગૃહકલેશનો પ્રસંગ છે. તેમાં તેમણે અર્જુનને સલાહ આપી તે વાજબી નથી. તે સંસારનું યુદ્ધ કહેવાય, જે પાપની જ ક્રિયા છે. પાંડવો ન્યાય-નીતિપૂર્વક યુદ્ધ લડે છે, જ્યારે દુર્યોધન અધર્મથી લડે છે. તેના પક્ષે અન્યાય, અનીતિ છે.

**૧૦૮.સભા :-** તો પછી ભરત-બાહુબલીજી લડ્યા તે ધર્મની ક્રિયા કે પાપક્રિયા છે?

**સાહેબજી :-** તે પાપક્રિયા જ છે. પરસ્પર રાજ્ય માટે લડ્યા છે. સંસારની પાપક્રિયા છે. પણ પરિસ્થિતિ શું છે કે બંને ન્યાય-નીતિપૂર્વક લડનારા છે, છેલ્લે ચૂક્યા છે. ભરતમહારાજા છ ખંડ જીત્યા, તેમાં ક્યાંય ન્યાય-નીતિ ચૂક્યા નથી, પણ અહીંયાં છેલ્લે નીતિ ચૂક્યા છે. આ યુદ્ધક્રિયા તે પાપક્રિયા જ છે. ધર્મની રક્ષા ખાતર લડે તો જ ધર્મયુદ્ધ કહેવાય.

**૧૦૯.સભા :-** ઉદયન રાજાનું યુદ્ધ તે ધર્મયુદ્ધ હતું?

**સાહેબજી :-** તેમનું યુદ્ધ ધર્મયુદ્ધ હતું. પ્રભુમહાવીરની પ્રતિમા દેવતાઇ હતી. તે ચંડપ્રદ્યોત રાજા ચોરી કરીને લૂંટી જાય તો કેમ ચાલે? તેને એક ધર્માત્મા ચલાવે ખરો? તેના રક્ષણ માટે હથિયાર ઉગામવાં પડે. તે વખતે હિંસાનું પાપ લાગશે તેમ માની ક્ષમા કેળવાય ખરી? તમારે દેરાસરમાંથી કોઇ દાગીના ચોરી જાય ત્યારે, તમે તપાસ કરીને ચોરને પકડો, તો તે વખતે તમારે તેની સામે ઉદારતા બતાવાય ખરી? અને ઉદારતા બતાવો તો ધર્મ કહેવાય કે અધર્મ કહેવાય?

**૧૧૦.સભા :-** મજબૂરીથી શ્રાવક ચોરી કરે તો?

**સાહેબજી :-** જો લાયક શ્રાવક હોય ને મજબૂરીથી ચોરી કરે તો જૈનશાસનની અપભ્રાજના ન થાય તે રીતે સમેટી લેવું જોઇએ, અને જો ગેરલાયક હોય તો કડકમાં કડક પગલાં લેવાનાં આવે. મોકળું મેદાન ન મળે તેને માટે પગલાં લેવાં પડે. બાતમી કઢાવવા ઠોકે પણ ખરો. માટે તમારી ફરજ શું આવે? તે વિચારજો.

ઉદયન રાજા શું વિચારે છે? "ચંડપ્રદ્યોત મારી દાસી ઉપાડી ગયો, તો ભલે તેને પટરાણી બનાવીને રાખે તેમાં મને વાંધો નથી, પણ મારા ભગવાન લઇ ગયો છે, તે બરાબર નથી. માટે મારા પ્રભુની પ્રતિમા માનભેર પાછી આપે." પણ તે માનવા તૈયાર નથી. માટે કહેણ મોકલ્યું કે, આનાં તમારે કડવાં ફળ ભોગવવાં પડશે. અને તેથી તે યુદ્ધ કરે છે. આ ધર્મયુદ્ધ જ કહેવાય. ઘોર મહાભયંકર યુદ્ધ થયું છે. તેમાં તેમનો વિજય થયો છે. આ યુદ્ધ કર્યું તેમાં ઉદયનરાજાને કોઇ દોષ લાગ્યો નથી. દાખલો બેસાડવા કડક થવું પડે. માટે ઉદયનરાજાએ તે ધર્મક્રિયા જ કરી છે.

**૧૧૧.સભા :-** સીતાના માટે રામે યુદ્ધ કર્યું તે કયું યુદ્ધ કહેવાય?

**સાહેબજી :-** રામના પક્ષે ધર્મયુદ્ધ છે. શીલવતી સ્ત્રીના શિયળનું રક્ષણ અને તેની સલામતી માટે રામે યુદ્ધ કર્યું છે. શીલરક્ષાનો ભાવ છે માટે ધર્મયુદ્ધ જ કહેવાય. પણ રામ શીલનિરપેક્ષ થઇને "સીતા મારી પત્ની હોવાના કારણે", તેના રક્ષણ માટે મમત્વથી યુદ્ધ કરે તો પાપક્રિયા કહેવાય.

**૧૧૨.સભા :-** સાહેબજી! આગળ આપે કહ્યું કે "ચિત્તશુદ્ધિની કિંમત નથી" માટે સદ્ગુણો કેળવવા જરૂરી નથી.

**સાહેબજી :-** મેં શું કહેલું? તમે અધૂરી વાત પકડી છે. આત્મશુદ્ધિ વગરની ચિત્તશુદ્ધિની કિંમત નથી, પણ ચિત્તશુદ્ધિ આત્મશુદ્ધિની સાથે હોય તો તેની ઘણી કિંમત છે. બરાબર સમજો, નહિતર બહાર જઈને ગોટાળા કરશો. આ જગતમાં ગુણો ઊંચા જ છે, પણ તે ગુણો ઊંચા ક્યારે બને? આત્મશુદ્ધિ સાથેના હોય તો. જીવ ગમે તેટલી નીતિ પાળે, પણ અધ્યાત્મ વગરની હોય તો આત્મકલ્યાણના માર્ગમાં નિરુપયોગી કહી છે. કારણ કે તેનાથી ખાલી પુણ્ય બંધાય, જેનાથી તે સંસારમાં રખડે. પણ એમ નથી કહ્યું કે નીતિ નહિ કેળવવાની. આત્મશુદ્ધિ વગરના બધા ગુણો એકડા વગરનાં મીંડાં બરાબર છે, પણ એકડો સાથે હોય તો બધાં મીંડાંની કિંમત કેટલી વધી જાય? માટે ચિત્તશુદ્ધિની કિંમત નથી તેમ તો ન જ બોલાય, પણ આત્મશુદ્ધિ વગર ચિત્તશુદ્ધિની કિંમત નથી તેમ બોલાય.

**૧૧૩.સભા :-** આત્માને ઊંચે લાવવા આ ગુણો કેળવવા તો પડે ને?

**સાહેબજી :-** હા, ચોક્કસ. આત્મસાધનામાં જે ગુણો કેળવવાના છે તેના બે પ્રકાર છે. એક મુખ્ય ગુણ અને બીજો પૂરક ગુણ છે. દા.ત. પૈસા કમાઈને શ્રીમંત બનવું છે. હવે શ્રીમંત બનવા અનિવાર્ય શું? ધંધો કરવાની આવડત જોઈએ. પણ ધંધો કરનારને બોલતાં સરસ આવડતું ન હોય, ભાષા ઉપર કાબૂ ન હોય, તેવા વેપારીને ધંધામાં થોડી અગવડતા પડે પણ ધંધો તો કરી શકે. પણ જો સાથે સરસ લખતાં-બોલતાં આવડે તો ઉપયોગી થશે જ. પણ તે મુખ્ય ગુણ નથી, પૂરક ગુણ છે. તેમ ડૉક્ટરનો મુખ્ય ગુણ મેડીકલ લાઈનની બરાબર જાણકારી છે, બીજા ગુણો ઓછા વધારે હોય તો ચાલે. સાઈડમાં સાથે બીજા ગુણો હોય તો તેને ઉપયોગી થાય, પણ મુખ્ય ગુણ તો મેડીકલની જાણકારી છે. પેલા બધા plus point છે, પણ અનિવાર્ય, must નથી. **તેમ ચિત્તશુદ્ધિ પૂરક ગુણ છે, પણ આત્મકલ્યાણના માર્ગમાં આત્મશુદ્ધિ અનિવાર્ય ગુણ છે.**

ચિત્તશુદ્ધિ પૂરક ગુણ છે માટે ન કેળવો તેવું અમે નથી કહેતા, જેટલા ગુણ કેળવો તેટલું વધારે સારું છે. ચિત્તશુદ્ધિ આત્મશુદ્ધિ માટે સહાયક બની શકે, માટે તે કેળવવાની ના નથી.

- એક નાસ્તિક ધર્મના માર્ગે વળે, આસ્તિક બને, ધર્મઆરાધના કરતો થાય, પછી તેને અહીં ટકાવી દિવસે દિવસે આગળ વધારે, તેવું કરનારા અમારી દૃષ્ટિએ શાસનની સારી સેવા કરનારા છે.

- સંસારી જીવોમાં સંસારની બધી વસ્તુઓ પર જે રાગ હોય, તેના કરતાં અનંત ગુણો ધર્મરાગ સમ્યગ્દૃષ્ટિને હોય. સમકિતીના ખુણે-ખુણામાં ગુણાનુરાગ ધરબાયેલો હોય અને દોષ પ્રત્યે ભારોભાર દ્વેષ ભર્યો હોય.

- સમકિતીનું કર્મ બળવાન હોય તો પાપ કરે ખરો, પણ તે પાપ તેનું છેલ્લી વખતનું હોય, કારણ પાપ કરતી વખતે પણ તેની વૃત્તિ એવી છે કે અનુબંધ તેને પુણ્યનો પડે છે, જેનાથી પાપની પરંપરા નહિ સર્જાય.

- "સંસારમાં જીવ મજૂરી કરી કરીને માંડ પલાંઠો વાળીને બેસે ત્યાં પરલોકનું તેડું આવી જાય." સંસારનાં નિમિત્તો એવાં છે કે કર્મોને સતત ટેકો મળ્યા કરે અને માટે જ કર્મ મોટી અસરો બતાંડી શકે છે. અહીનાં (ચારિત્રનાં) નિમિત્તો એવાં છે જે કર્મને તોડ્યા કરે.

- વૈમાનિક દેવના ભવો મળે તે પણ આનુષંગિક ફળ છે. તેના માટે ધર્મ નથી કરવાનો, ધર્મ તો વિરતિ મેળવવા માટે જ કરવાનો છે.

- સમકિતીનો વ્યવહારનયથી અર્થપુરુષાર્થ પણ નિશ્ચયનયથી ધર્મપુરુષાર્થ છે. કારણ કે વેપાર કરતાં પણ તેને થાય કે હું કમભાગી છું, લોભ મને સતાવે છે અને હું વેપાર કરું છું, આવશ્યકતા છે માટે કરું છું; પણ જો બાલ્ય અવસ્થામાં વિરતિ-દીક્ષા લીધી હોય, તો આ પાપના સેવનનો પ્રસંગ જ ઉપસ્થિત ન થાત. આ વિચારધારાથી તેને અનુબંધ શુભ પડે.

- અઢાર પાપસ્થાનકોથી વિરતિનો પરિણામ તે ચારિત્ર અને અઢાર પાપસ્થાનકોમાં પીડાના અધ્યવસાય તે સમકિત.

# ૮

તા. ૨૪-૯-૯૫, રવિવાર, ભાદરવા વદ અમાસ, ૨૦૫૧

૧૧૪.**સભા :-** કોઇ મહાન અર્થલાભ માટે વાસક્ષેપ નંખાવે અને જો અર્થલાભ થાય, તો આટલા ટકા ધર્મમાર્ગે ઉપયોગ કરવો, તેવી કબૂલાત કરાવે તે યોગ્ય છે?

**સાહેબજી :-** તમે લોકો જૈન ધર્મના ગુરુતત્ત્વને ઓળખતા નથી. તેમની પાસે જાઓ ત્યારે તેઓ આશીર્વાદ શું આપે છે? "ધર્મલાભ". આ આશીર્વાદનો અર્થ સમજતા હો તો બીજા કશાની અપેક્ષા રખાય ખરી? હજી પણ તમને બીજાનો ખપ હોય અને આ ક્ષેત્રમાં આવો, તો તમે ઊંધા રસ્તે ચઢી ગયેલા ગણાઓ; જેમ છત્રી લેવા કંદોઇની દુકાને જાઓ તેમ.

૧૧૫.**સભા :-** કોઇ એવો પણ હોય કે છત્રી આપીને રોકડા કરી લે.

**સાહેબજી :-** હા, તમને તમારા જેવો કોઇ ભટકાય તો બરાબર; પરંતુ જે વસ્તુ જ્યાંથી મળતી હોય ત્યાં જ લેવા જવાય, અને જો બીજે લેવા જાઓ તો કાં બુદ્ધુ છો, કાં દાળમાં કાંઇ કાળું છે. તેની જેમ અહીંયાં દેવ-ગુરુ-ધર્મ તમારા આત્માનું કલ્યાણ કરવા માટેનાં આલંબનો છે. હવે ત્યાં અર્થલાભ માટે જાઓ તો તે સોએ સો ટકા ખોટું કામ છે. આ બધાં પાપસ્થાનકો નથી, પણ પવિત્ર સ્થાનો છે. તેથી તેને પવિત્ર રાખવા માટે તેની મર્યાદાઓ અવશ્ય જાળવવી જોઇએ. અહીંયાં આવીને આત્મકલ્યાણ કરવાનું છે, પવિત્ર બનવાનું છે, સંસારનાં પાપોને પોષવા અહીંયાં આવવાનું નથી.

હવે તમે પૈસા મેળવવા માટે વાસક્ષેપ નંખાવવા ગુરુ પાસે જાઓ અને વાસક્ષેપ નાંખે, અને તે વખતે કબૂલાત કરાવે કે આટલા ટકા ધર્મમાં વાપરવા; તો કમાઓ તેમાંથી કહેલા ટકા ધર્મમાં વાપરો, પણ બાકીના ટકા તો પાપમાર્ગે સંસારમાં વાપરશો, માટે તેનું પાપ ગુરુને પણ લાગશે.

૧૧૬.**સભા :-** અત્યારે આવા ચમત્કાર છે ખરા?

**સાહેબજી :-** ચમત્કાર છે કે નહિ તે તો ભગવાન જાણે, પણ લાલચુને તો કહો ત્યાં

દોડે. ચમત્કારના નામથી જે ધર્મના ક્ષેત્રમાં આવે છે, તે ગુણાનુરાગી નથી પણ મિથ્યાદૃષ્ટિ છે. અતિચારમાં પણ બોલો છો ને? માટે હજી સાચો ધર્મ પામવાનો બાકી છે. ભગવાન પાસે પાપ વધારવા જવાનું છે કે પાપ ઘટાડવા જવાનું છે? તેમ ગુરુ પાસે પણ પાપ વધારવા જવાનું છે કે ઘટાડવા જવાનું છે? તમારે ઊંચાં ક્ષેત્રોનો શામાં ઉપયોગ કરવો છે? મારો ઉપયોગ તમે પાપ વધારવામાં કરો અને અમે કરાવીએ તો તેવાં કર્મો કરાવ્યાનું અમને પાપ લાગે. સારા માણસનો ઉપયોગ દુષ્ટતા કરાવવામાં કરો તો શું કહેવાય? ખોટા કામમાં સારા માણસનો ઉપયોગ કરો તે ખરાબ, કે ખરાબ માણસનો ખરાબ કામમાં ઉપયોગ કરવો તે ખરાબ? કયું ભયંકર ગણાશે? તેમ તમે સંસારમાં પૈસા કમાવા કે મેળવવા બીજા માણસોનો ઉપયોગ કરો તે મોટું પાપ, કે ગુરુનો ઉપયોગ કરો તે મોટું પાપ? તેમ ભગવાનની ભક્તિથી પૈસા મેળવો તે વધારે પાપ, કે સંસારના ક્ષેત્રથી પૈસા મેળવો તે વધારે પાપ? માટે સારા માણસનો હલકા કામમાં ઉપયોગ થાય જ નહિ.

અત્યારે લોકો શું કહેશે કે દુનિયામાં આરંભ-સમારંભ કરીને પૈસા કમાય, તેના કરતાં ભગવાનની ભક્તિ કરીને પૈસા કમાય તો શું વાંધો?

**૧૧૭.સભા :-** પણ સાહેબ ધંધો કરીને સફળતા મળતી નથી, તો ચોરી કરીને પૈસા મેળવવા તે ખરાબ કે ભગવાનની ભક્તિથી મેળવવા તે ખરાબ?

**સાહેબજી :-** આ તો કેવી વાત થઇ, કોઇ કહે હું ખૂન કરું કે વ્યભિચાર કરું? આવાને શું કહેશો? હું તો કહીશ કે બેઉ ખરાબ કામ છે. પાછા તમે કહો છો કે બેમાં ઓછું ખરાબ કયું? હવે આનો શું જવાબ આપવો?

**૧૧૮.સભા :-** ભગવાનની ભક્તિ કરનાર દુઃખી હોય ખરો?

**સાહેબજી :-** સાચી ભક્તિ કરવાવાળો અંતરથી દુઃખી ન હોય; પણ કદાચ કર્મના ઉદયે બહારથી દુઃખી હોઇ શકે. પુણિયો શ્રાવક સામાન્ય હતો એટલી વાત ચોક્કસ, પણ તે મનથી દુઃખી ન જ હતો. શાસન મળ્યાની તેને અદ્‌ભુત ખુમારી હોય. સીતાને, રામને, ચંદનબાળાને બધાંને દુઃખ આવ્યાં ને? માટે ધર્મીને દુઃખ ન આવે તેવું શાસ્ત્રમાં નથી. ચંદનબાળાને ભરબજારે પહેરેલે કપડે વેચાવાનું આવ્યું, અને તેમાં પણ પાછું સામે તેને લેવા વેશ્યા ઊભી છે. અબળાને કેવું દુઃખ પડ્યું છે! તેનામાં અત્યારે ધર્મભાવના કેટલી છે! પણ ભૂતકાળનાં કર્મ ઉદયમાં આવ્યાથી દુઃખ આવ્યું છે. હા, ભૂતકાળના કર્મના ઉદયથી દુઃખ આવે ત્યારે જો ચિત્તની

અસમાધિ થાય અને દુઃખના કારણે ધર્મમાં વિક્ષેપ થતો હોય, તો તમે માંગી શકો છો. પણ-આ દુઃખના નિવારણ પછી હું સંસારમાં મોજમજા કરું, આસક્તિથી તેમાં રાચ્યોમાચ્યો રહું, તો ધર્મનો ઉપયોગ પાપના સાધનમાં જ કર્યો કહેવાય. બાથરૂમમાં જઇને ગંદો થાય તેને નવડાવવો ક્યાં? ખાળમાં જ હાથ નાંખીને શરીર પર લપેડા કરે તેને ક્યાં ચોખ્ખો કરવો? અપવિત્રતાને નિર્મળ કરવાના સ્થાનોમાં આવીને પાપને ઓર મજબૂત કરવાં છે અને તેમાં પાછા ધર્મગુરુ ટેકો આપે, તો હવે શું કહેવું?

**૧૧૯.સભા :-** અર્થ-કામ પુરુષાર્થ બતાવ્યો ને?

**સાહેબજી :-** અર્થ-કામ માટે પણ પુરુષાર્થ બતાવ્યો છે. ગૃહસ્થ તરીકે પૈસાની જરૂર પડે તે ભગવાનને ખબર છે. વગર પૈસે કાંઇ શ્રાવક જીવી શકવાનો નથી. તમારે ગોચરી લાવીને ખાવાનું કહ્યું છે કે કમાઇને ખાવાનું કહ્યું છે? તમારે તો સ્વબળે કમાઇને ખાવાનું છે. માટે તમને અર્થની જરૂર ઊભી થાય ત્યારે, કઇ રીતે પુરુષાર્થ કરવો, તે શાસ્ત્રમાં બતાવ્યું છે. કઇ રીતે કમાવાનું, કેવા ભાવ સાથે, કેટલો સમય પુરુષાર્થ કરવાનો તે બધું જ શાસ્ત્રમાં બતાવ્યું છે. શ્રાવક પ્રતિદિન ત્રણેની ઉપાસના કરે, અર્થ-કામ અને ધર્મની ઉપાસના કરે. તમે જીવનમાં ભગવાનની આજ્ઞા મુજબ અર્થપુરુષાર્થ કરો તો અમે કોઇ ટીકા-ટિપ્પણ ન કરીએ. અર્થ માટે અર્થપુરુષાર્થ કરે, પણ અર્થની જરૂરીયાત ઊભી થાય એટલે સીધા દેરાસરમાં માળા લઇને બેસી જવાનું નથી કહ્યું.

**૧૨૦.સભા :-** અમને તો પાકી શ્રદ્ધા છે કે ...

**સાહેબજી :-** હા, અત્યારે બધા પાકી શ્રદ્ધાવાળા પાક્યા છે, પણ શાસ્ત્રમાં ધર્મના ક્ષેત્રમાં ને સંસારના ક્ષેત્રમાં કેમ જીવવું તે બતાવ્યું છે. તેમાં કામપુરુષાર્થ, અર્થપુરુષાર્થ કરવો તેમ કહ્યું, પણ જયારે જરૂરિયાત ઊભી થાય ત્યારે તેના માટે ધર્મ કરો એવું નથી કહ્યું. ૪ કલાક વેપાર માટે શ્રાવકને ફાળવ્યા છે, તો શું ભગવાને ભૂલ કરી કહેવાય?

**૧૨૧.સભા :-** શ્રીપાળનું ધ્યાન ધર્મધ્યાન કહેવાય?

**સાહેબજી :-** શ્રીપાળ કોણ છે તેની ઓળખ હવે નવપદની ઓળીમાં તમને થશે. તે તો સમ્યગ્દૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિની વાત કરશો તો શું કહેવું? જેમ મદારી સાપને ગળામાં લઇને ફરે છે, તેથી આપણે પણ સાપને ગળામાં લઇને ફરીએ? આવાને

શું કહેવું? સમકિતી તો આર્તધ્યાન કે રૌદ્રધ્યાનમાં પણ દેવગતિ બાંધે. તેનો અખતરો કરી રૌદ્રધ્યાન કરશો તો નરકે જ જશો.

૧૨૨.**સભા :-** નરસિંહ મહેતાએ કહ્યું હતું ને કે "મારી હુંડી સ્વીકારજે"

**સાહેબજી :-** તેમની ભક્તિ તે મિથ્યાદૃષ્ટિની છે. જે ભક્તિમાં તત્ત્વનું ચિંતન ન હોય, બોધ ન હોય, તેમાં પૂરી ઘેલછા અને અવિવેક હોય. જ્યારે તમને તો જૈનશાસન મળ્યું છે, માટે તમને તો વિવેક આવવો જ જોઇએ. અત્યારે કેટલાક સાધુઓ મીરાં અને નરસિંહ મહેતાની ભક્તિને આદર્શ તરીકે બતાવતા હોય છે. એક સાધુ મહાત્માએ દૃષ્ટાંત આપેલું.

એક બાઇ તેમના એક સંત પાસે જઇને કહે છે કે, તમે મને એવું બતાવો કે મારા ભગવાનના ધ્યાનમાં મારું ચિત્ત સ્થિર રહે. રોજ ધ્યાન કરું છું પણ ચિત્ત સ્થિર રહેતું નથી. સંતે પૂછ્યું ધ્યાન કયા સમયે કરો છો? તો કહે કે ક્યારેક સવારે, ક્યારેક બપોરે, જ્યારે સમય મળે ત્યારે ધ્યાનમાં બેસું છું. સંત કહે છે કે, તમે ધ્યાન કરવા માટે એક સમય નિયત કરો. બ્રાહ્મમુહૂર્તમાં નીરવ શાંતિ હોય છે, માટે સવારે તે મુહૂર્તે ધ્યાનમાં બેસો, ચોક્કસ ચિત્ત સ્થિર રહેશે. ત્યારે પેલી બાઇ કહે છે કે " આ સમયે તો હું ધ્યાનમાં ન જ બેસું, કારણ તે વખતે મારા ભગવાન સૂતા હોય. તેથી હું તે વખતે ધ્યાન કરું તો તેમને ઊંઘમાં ખલેલ પડે. માટે મારે તેવું કરવું નથી. કારણ મારા ભગવાનને તકલીફ થાય તેવી મારે ભક્તિ કરવી નથી." ત્યારે સંતે કહ્યું કે, જો તને પરમાત્મા સાથે આટલી તન્મયતા હોય તો તારે ધ્યાન કરવાની જરૂર નથી. તેં તો એકતા કરી લીધી છે, પણ અમારે હજુ આવી ભક્તિ કરીને એકતા મેળવવાની બાકી છે. આ દૃષ્ટાંત જૈનેતરનું છે. હવે આવી ભક્તિ આપણે કહી છે? છતાં આવાં દૃષ્ટાંતો અપાય છે કે આટલી તન્મયતા હોય તો ધ્યાનની જરૂર નથી. પરંતુ અમારી દૃષ્ટિએ આને ભક્તિ ન કહેવાય.

આપણામાં શ્રેષ્ઠ ભક્તિ હોય તો પણ ધ્યાનની જરૂર હોય છે. બાઇ માને છે કે સવારે વહેલું ધ્યાન કરીશ તો ભગવાનને ઊંઘમાં ખલેલ પડશે. હવે જેને ઊંઘની જરૂર પડે તે ભગવાન કહેવાય? ઊંઘતાને ભગવાન માને તેને ભગવાનના સ્વરૂપની સમજણ કેવી? મીરાંની ભક્તિ પણ આવી જ છે. જેને ઠંડી લાગે તેને ભગવાન મનાય ખરા? ઇશ્વર તત્ત્વની સમજણ ન હોવાથી ભક્તિમાં વિવેક નથી, પણ નરી ઘેલછા છે. માટે આવી ભક્તિને ઊંચું સ્થાન ન અપાય.

બાઈબલમાં આવે છે, "God is love, love is god". જ્યારે **જૈનશાસનના ભગવાન એટલે વીતરાગ.** જેનામાં પ્રેમ હોય તે ઇશ્વર કહેવાય? માટે જૈનશાસનનાં તત્ત્વોનો ખ્યાલ ન હોય તો ઊંચો વિવેક આવી શકતો નથી. માટે નરસિંહ મહેતા બોલે છે, "મારી દીકરીનાં લગ્ન પ્રભુ કરી આપે." આવું જૈનેતર બોલે છે માટે આપણે કોઇ સંબંધ નથી, પણ જો જૈન પણ આવું બોલે તો તે ઘેલછા અને અવિવેકને સૂચવનારું છે. આપણા દેવ ૧૮ દોષોથી રહિત, આવા આવા ગુણોવાળા જે હોય તે અમારા દેવ. હવે ઊંઘ તે દોષ કહેવાય. માટે શું ઇશ્વર તત્ત્વને દુર્ગુણી બનાવવું છે? જેને દુનિયાની પડી નથી, ભક્તિની પડી નથી, ભક્તની પડી નથી તે ભગવાન કહેવાય, પરંતુ જેને પડી હોય તે ભગવાન કહેવાય? **હા, પ્રભુનો અચિંત્ય પ્રભાવ છે, દુનિયામાં એવી કોઇ ચીજ નથી કે તેમના પ્રભાવથી ન મળી શકે; પણ એમને આપવામાં રસ નથી.**

શબરીની ભક્તિને લોકો કેવી માને છે? પરંતુ તેની ભક્તિ પૂરેપૂરી અવિવેકવાળી હતી. "મારા ભગવાનને ખાટું બોર ન આવી જાય" તેના માટે એંઠું કરીને આપતી. તમે સાધુને એંઠું કરીને વહોરાવો તો ચાલે ખરું? માટે બધે વિવેક જોઇશે.

તમારે પણ ખાલી વિવેક વગરની ગુરુભક્તિ કરે રાખવાની નથી. શાસ્ત્રમાં તો એટલે સુધી કહ્યું છે કે, ગુરુ પણ ખોટું કહે તો નહિ માનવું. માટે વિચારજો, કેટલો વિવેક જોઇએ! જ્યારે તમે અત્યારે સાધુ પાસે શું અપેક્ષા રાખો છો? અને અત્યારે તમારાં એવાં કામ છે કે જેનાથી સાધુ આચારમાંથી ભ્રષ્ટ થાય છે.

**૧૨૩.સભા :-** ઘણા સાધુ સમજે છતાં પણ આવું કામ કરતા હોય છે.

**સાહેબજી :-** જો સાધુ આવું સમજીને કરે તો તે પણ મહાભયંકર છે. પરંતુ તમે એટલા હોશિયાર છો કે કોણીએ ગોળ લગાડીને કામ કઢાવો છો. કહેશો ૨૫ ટકા શાસનમાં વાપરીશ અને આ વાતમાં ઘણા ન સમજનારા સાધુ ભોળવાઇ જતા હોય છે.

**૧૨૪.સભા :-** પણ સાહેબજી! સોએ સો ટકા ધર્મમાં વાપરે તો?

**સાહેબજી :-** આવું કહેનાર માણસને હું પૂછું કે તું વિરતિની ભૂમિકામાં છે કે અવિરતિની? જો કહે કે વિરતિની ભૂમિકામાં છું, તો કહીશ કે કાદવમાં હાથ નાંખીને ચોખ્ખા થવાની જરૂર નથી. પરંતુ અવિરતિની ભૂમિકામાં છે, તો હું તેને

હમણાં પચ્ચક્ખાણ આપું અને વાસક્ષેપ પણ નાંખું, અને આ શાસ્ત્રની દૃષ્ટિએ સાચું છે અને શાસ્ત્રમાં દૃષ્ટાંત પણ છે. કેવળજ્ઞાનીએ આવાં પચ્ચક્ખાણ આપ્યાં છે.

**૧૨૫.સભા :-** કેવળજ્ઞાની જાણતા હતા કે આનું પરિણામ શું છે, માટે આવાં પચ્ચક્ખાણ આપ્યાં હશે.

**સાહેબજી :-** તેમણે કાંઇ અપવાદમાર્ગે પચ્ચક્ખાણ આપ્યું નથી. પરંતુ શાસ્ત્રમાં તો લખ્યું છે કે શ્રાવક આ રીતે સંમતિ માંગે તો તેને અપાય. તમે આનો અર્થ સમજ્યા નહિ, તમારા પૈસે ફૂલ ચઢાવો અને તેમાં હિંસા થાય, તો તેમાં પણ અમે હા પાડીએ છીએ; તેમ સોએ સો ટકા ધર્મમાં વાપરે તો પચ્ચક્ખાણ આપી શકાય.

**૧૨૬.સભા :-** તમારી પાસે કોઇએ આવું પચ્ચક્ખાણ લીધું છે?

**સાહેબજી :-** હા, લીધું છે. અત્યારે તમે તો શું કરો છો કે હું જે કમાઇશ તેમાંથી ૧ ટકો કે ૫ ટકા કે ૧૦ ટકા ધર્મમાં વાપરીશ. એટલે શું? ૧૦ ટકાની લાલચ આપી ૯૦ ટકા હજમ કરી જવા છે. હવે ૧૦ ટકાના નામથી આશીર્વાદ માંગે તો કેમ અપાય?

**૧૨૭.સભા :-** સો એ સો ટકાવાળો ખોટી રીતે કમાઇને આપે તો ચાલે?

**સાહેબજી :-** અમે અન્યાય-અનીતિને સારાં કહેતા નથી અને તેનો બચાવ કરતા નથી. હું ના પાડું તો પણ તમે બંધ કરવાના નથી. આ દેશકાળમાં અન્યાય-અનીતિનો જ નિરપેક્ષ વિચાર કરવાનો આવે તો અમારે દાન-દયાધર્મ બંધ કરાવવાનું આવે, જેથી આખા શાસનનો ઉચ્છેદ થાય. પૈસાથી થતા બધા જ ધર્મો બંધ કરવાના આવશે. કેમકે દેશકાળ એવા છે કે આ બધું કરવું પડે છે. તેથી એવું પચ્ચક્ખાણ ન આપી શકું કે તારો અનીતિથી કમાયેલો પૈસો ધર્મમાં નહિ વપરાય. પરંતુ તમારે નીતિ-અનીતિની વ્યાખ્યા સમજવી પડશે. અત્યારે તમારે અનીતિની વ્યાખ્યા એ છે કે, ઇન્કમટેક્ષની ચોરી કરીને પૈસા કમાય તે અનીતિથી કમાયેલો છે. પણ આ વ્યાખ્યા બરાબર નથી. તમારાં ધોરણો જુદાં જ છે, જ્યારે શાસ્ત્રથી નીતિ-અનીતિની વ્યાખ્યા જુદી છે. ઇન્કમટેક્ષની ચોરી તે ચોરી ખરી, પણ મોટી ચોરી કઇ તે સમજવી પડે. અત્યારે ઘણા કહે કે, કાળું નાણું કમાઇ કમાઇને

ધર્મમાર્ગે ખર્ચે, તેનો શું મતલબ? પરંતુ હું એમ કહું છું કે કાળું અને ધોળું એ આ કાળની પેદાશ છે. તે એક રાજરમત છે. સરકારને પૈસાની જરૂર પડે એટલે બજેટમાં એક કલમ નાંખી દે. સરકાર તરફથી બોન્ડ બહાર પાડે અને કહે જેટલાના ખરીદશો તે બધા પૈસા ધોળા. એટલે એક કલમથી કાળું નાણું ધોળું થઇ ગયું. તમારા પૈસા કાળાને ધોળા બનાવવા અને ધોળાને કાળા બનાવવા, તે એક કલમની જ રમત છે. આવી તો કેટલીયે યોજનાઓ છે. માટે આ વ્યાખ્યા નીતિ-અનીતિની કહેવાય નહિ.

હવે શાસ્ત્રની દૃષ્ટિએ અનીતિ કોને કહી છે, તે સમજો. **અનીતિ એટલે વૃત્તિ સાંકર્ય. વૃત્તિ એટલે આજીવિકા.** તમારા બાપદાદાના કુળ, વંશ, જ્ઞાતિ પ્રમાણે જે ધંધાધાપા હોય, તેના સિવાયનો બીજો ધંધો કરવો એટલે બીજાની આજીવિકા છીનવી લીધી કહેવાય. કોઇનું ખૂન કરવું તે પાપ તેટલું ભયંકર નથી, તેના કરતાં તેની આજીવિકા છીનવી લેવી તે મહાભયંકર પાપ છે. આજીવિકા છીનવી લેવાથી તે રિબાઇને મરશે, સાથે આખું કુટુંબ પણ રિબાઇ રિબાઇને મરશે. આમાં કેટલાયને મારવાનું પાપ લાગશે. માટે બેકારી ફેલાવવી મહાભયંકર પાપ છે. અત્યારે નવા ધંધા કઇ રીતે આવે છે? પાછા તેઓ લખે શું? અમે આટલાને રોજગારી આપીએ છીએ. ૨૫ હજારને રોજગારી આપી, પણ તેની સામે લાખ્ખોની આજીવિકા છીનવી લીધી તેનું શું? ડૉક્ટર, વકીલ કે નોકરીઓ કરવી આ બધું તમારે યોગ્ય ધંધા નથી, માટે અનીતિ છે. પછી ભલે તમે પૂરેપૂરો ઇન્કમટેક્ષ ભરો, છતાં તે અનીતિનું ધન છે. શાસ્ત્રમાં કોણે કયા ધંધા કરવા તેનું બધું જ વર્ણન આપ્યું છે. માટે આવી પરિસ્થિતિમાં દાનનો પ્રવાહ બંધ કરાય નહિ, દુભાતા દિલે ચલાવવું પડે; કારણ અત્યારે સંયોગો જ એવા છે. માટે અમુક અનીતિ તો ન કરવી એ પણ એકાંતે ન કહી શકાય. યોગશાસ્ત્રમાં પૂ.આ. શ્રીહેમચંદ્રસૂરિજીએ લખ્યું છે કે, સૌથી મોટી અનીતિ આ જ છે કે બીજાની આજીવિકા છીનવી લેવી. દેશમાં કરોડો બેકાર છે, જે લોહીનાં આંસુ સારે છે. ભૂતકાળમાં આટલા બેકારો ન હતા. એક મીલ ખોલીને કેટલા બેકાર કર્યા? યંત્રવાદ ખોલ્યો તે મહાભયંકર પાપ છે. એક મોટર આવી તેમાં કેટલાં કુટુંબ બરબાદ થયાં? આ બધાનું પાપ કોને લાગે? લાવનારને જ લાગે. પાછા સામે કહેશો કે વિકાસ કઇ રીતે થાય? અમારે એમ કહેવું છે કે કરોડોને બેકાર કરીને વિકાસ કરવો છે? એક વકીલ મને કહે, "વેપારીઓ લુચ્ચાઇ કરીને પૈસા મેળવી વધારે દાન કરે અને અમારું તો ટોટલ વ્હાઇટ હોવાના કારણે અમે થોડું દાન

કરીએ; પણ તમારે ત્યાં તો આવા લુચ્ચાઇ કરીને વધારે દાન કરવાવાળાઓને આગળ બેસાડો છો." ત્યારે મેં કહ્યું, વકીલાતનો ધંધો જ અનીતિનો છે, અને તે સમજાવવાનું ચાલુ કર્યું તો, પેલા ભાઇ સબક ખાઇ ગયા. માટે કયું નાણું white(ધોળું) અને કયું black(કાળું) તે સમજવું પડે.

૧૨૮.**સભા** :- ગીતાર્થ શ્રાવકો ગુરુમુખે ૪૫ આગમો સાંભળીને તૈયાર થતા હતા, તો તેમાં છેદસૂત્રો પણ સાંભળતા?

**સાહેબજી** :- અમને સાધુને પણ બધાં આગમો વાંચવાનો અધિકાર નથી. ગુરુને લાયક લાગે તેને આપે. જે શ્રાવક ગુરુને લાયક લાગે તેને ૪૫ આગમ સંભળાવે અને જેને પચાવવાની હોજરી હોય તેને જ આપી શકાય. ભૂતકાળમાં આવા શ્રાવકો મળતા.

૧૨૯.**સભા** :- અમે કઇ કક્ષાના જીવો છીએ? બાળ તો ખરા જ ને?

**સાહેબજી** :- શ્રોતામાં ત્રણ પ્રકારના જીવો કહ્યા છે બાળ, મધ્યમ અને પ્રાજ્ઞ. આવા જીવો હોય તો આવી દેશના આપવી, આવા જીવો હોય તો આવી દેશના આપવી, તેમ કક્ષા પ્રમાણે દેશના અપાય. તમે મારી પાસે certified (અધિકૃત) કરાવવા માંગો છો, પણ મોટે ભાગે જીવો બાળ પણ છે કે નહિ તે સવાલ છે. બાહ્યદૃષ્ટિના ઉત્કટ સદાચાર-સદ્‌ગુણો જેને પ્રિય હોય તેને બાળ જીવ કહેવાય. તે સદ્‌ગુણ અને સદાચારની ઇચ્છાથી જ અહીંયાં આવતો હોય. કોઇ મહાત્મા અઠ્ઠાઇના પારણે અઠ્ઠાઇ કરે છે, ધોમધખતા તાપમાં ઉગ્રવિહાર કરે છે, ગોચરીએ પણ તેવા ટાઇમે જાય છે, કપડાં મેલાંઘેલાં રાખે છે; આવું બધું સાંભળે તો તેને થાય કે શું ત્યાગી મહાત્મા છે! શું સંત છે! તેથી તેને તેમના માટે ખૂબ જ અહોભાવ થાય. તેમ કોઇ શ્રાવકે છ વિગઇનો જીવનમાં ત્યાગ કર્યો છે, કોઇ આટલું આટલું તપ કરે છે, કરોડોનું દાન કરે છે; તો તેને સાંભળીને તેને માટે સદ્‌ભાવ, અહોભાવ, ઉલ્લાસ થાય, માટે બહુમાન કરે; અને તેને એમ થાય કે હું ક્યારે આવું કરું! હવે જે જીવને આવું થાય તે બાળ જીવની કક્ષામાં છે. જ્યારે અત્યારે ઘણાને તો બાળ બનાવવા પડે તેમ છે. આ ગણેશજીનું બન્યું, તેમાં કેટલા લેવાઇ ગયા! ખાલી ચમત્કારની અસર પડે તે બાળ જીવમાં પણ નથી. તમે કઇ કક્ષામાં છો તે જાણવા તમારા મન પર શાનો પ્રભાવ પડે છે તે જોવાનું; વૈભવ, સત્તા, ચમત્કાર, રિદ્ધિ, સિદ્ધિનો પ્રભાવ પડે છે, કે સદાચાર અને સદ્‌ગુણીનો પ્રભાવ પડે છે? બાળ તો

*સામા જીવમાં કઠોર તપ, ત્યાગ, સદાચાર ન જુએ તો તેને પ્રભાવ પડે નહિ. અન્ય ધર્મમાં રહેલો પણ જો આવું સાંભળે કે આવા નકોરડા ઉપવાસ કરે છે,* સાધુઓ આટલું આટલું કષ્ટ વેઠે છે, પૈસાને કે સ્ત્રીને અડતા નથી, વનસ્પતિને પણ અડતા નથી; આવું સાંભળીને તેને અહોભાવ થાય, બહુમાન થાય તો તે બાળ જીવની કક્ષામાં છે.

૧૩૦.**સભા :-** લાયક છીએ માટે જ સાંભળવા આવીએ છીએ ને?

**સાહેબજી :-** સાંભળવા આવો છો તેટલા માત્રથી લાયક શ્રોતા તરીકેની લાયકાત કેળવીને આવ્યા છો? કે પછી એમને એમ ઘૂસી ગયા છો? બાળ, મધ્યમ કે પ્રાજ્ઞ જીવો ધર્મ માટે જ ધર્મસ્થાનકોમાં આવે છે. જે સંસારનાં કામ માટે આવે તે બાળ છે જ નહિ; સદાચાર-સદ્‌ગુણની ઇચ્છાથી આવે તે જ બાળ જીવ છે. બાળ જીવ સ્થૂલ સદાચારને જુએ છે, સૂક્ષ્મ સદાચારને માપી શકે તેવી બાળ જીવની બુદ્ધિ જ નથી.

---

❀ **ધર્મ કરતાં પાપરુચિ તૂટવી જોઈએ અને ધર્મની રુચિ ખીલવી જોઈએ. પાપની રુચિ તૂટે નહીં તો સામે ધર્મની રુચિ ખીલે નહીં. એક બાજુ અઢાર પાપસ્થાનક છે, તો બીજી બાજુ વિરતિ-ચારિત્ર છે. જેટલા અંશે પાપની રુચિ તૂટે તેટલા અંશે ધર્મની રુચિ ખીલે.**

❀ **દૂધ એ સંપૂર્ણ ખોરાક છે, પણ દૂધમાં જો વિકૃત પદાર્થ ભેળવો તો તે રોગનું કારણ બને, જે રોગ ઉત્પન્ન કરશે. ત્યાં વિકૃત દ્રવ્યનો દોષ છે કે દૂધનો? તેમ ધર્મને જો વિકૃત કરીને કરશો તો તે ધર્મ ફળવાના બદલે ફૂટી નીકળશે.**

✿ તમારો ધર્મ મોક્ષનું કારણ ન બને તેવો હશે તો અનુબંધ શુભ નહીં થાય. જે જે નયથી પાપસ્થાનક હોય તેને સ્વીકારી તેમાં હેયબુદ્ધિ કેળવવી પડે, તેમાં અરુચિ કેળવવી પડે. તે જેમ કેળવાશે તેમ અનુબંધ શિથિલ થશે. તત્ત્વનો અબોધ અને અતત્ત્વની રુચિ તે પાપના અનુબંધનું કારણ છે.

✿ ધર્મ કરે રાખે પણ તેના સંસારમાં કશો ફેર ના પડે તો તે ધર્મ નિષ્ફળ જઈ રહ્યો છે, કારણ તેનું પરિણામ સંસાર જ છે, જેને મોક્ષ સાથે કશો સંબંધ નથી. ધર્મ કરે અને તેના સંસારમાં કાંઈ ફેર જ ન પડે તો તે ધર્મ, ધર્મ નથી.

✿ સંસારથી વિરક્ત દશા પામેલા આત્માના બધા ગુણો આધ્યાત્મિક ગુણો બને. વૈરાગ્ય આવ્યા પછી જ આધ્યાત્મિકતા આવવાની શક્યતા છે.

✿ દેવલોકમાં મઝા દેખાય તેને મોક્ષમાં દુઃખ દેખાય, અને મોક્ષમાં મઝા દેખાય તે જલદી દેવલોકને ઇચ્છે જ નહિ.

✿ તીર્થંકરો જેવા આપણા મનના ભાવ પલટાવવામાં નિમિત્ત બની શકે, પણ તેઓ મનના ભાવોને પલટી ન શકે. એની ચાવી બીજો કોઈ જ ન લઈ શકે અને તે જો થઈ શકતું હોત તો સંસારમાં મહાપુરુષોએ કેટલાયને સારા બનાવી સદ્ગતિમાં મોકલી આપ્યા હોય.

✿ બીજ બળી જાય તો વૃક્ષ ઊગી ન શકે, જ્યાં સુધી જીવ નિર્વેદ ન પામે ત્યાં સુધી તેના સંસારરૂપી બીજનો અંશમાત્ર પણ નાશ થતો નથી; જેના પરિણામે સંસારથી વિરામ પમાતો જ નથી.

✿ સતત થતા રાગ-દ્વેષથી ચોવીસ કલાક કર્મબંધ ચાલુ છે. રાગ-દ્વેષ વિરામ પામે તો કર્મબંધ અટકી જાય. નિર્મોહીને કર્મબંધ નથી અને સમોહીને કર્મનો બંધ અટકી શકે તેમ નથી.

## ૯

**તા. ૮-૧૦-૯૫. રવિવાર; આસો સુદ ચૌદશ, ૨૦૫૧**

**૧૩૧.સભા :-** દેવતા-દેવીની પૂજા, ભક્તિ, ઉપાસના થાય?

**સાહેબજી :-** આપણે ત્યાં ઈશ્વર તત્ત્વમાં સ્થાન અરિહંત અને સિદ્ધને જ છે. બીજા કોઇને તેમાં પ્રવેશ નથી. સાધુ પણ ભગવાનના પદમાં આવતા નથી. આપણે ત્યાં દેવતત્ત્વ, ગુરુતત્ત્વ, ધર્મતત્ત્વ, ધર્મીતત્ત્વ છે. ધર્મીનો નંબર ધર્મતત્ત્વ પછી છે. હવે દેવી-દેવતા પણ સંસારમાં રખડતા અને કર્મથી બંધાયેલા જીવો છે. દેવભવ તેમને પુણ્યથી મળ્યો છે. ખાલી દેવ બનવા માત્રથી કાંઇ તેમની પૂજા, ભક્તિ, ઉપાસના કરાય નહિ. દેવભવ છે તેટલા માત્રથી કાંઇ તે પૂજ્ય બનતા નથી. પરંતુ જે દેવતા ધર્મી હોય, સમ્યગ્દૃષ્ટિ હોય, શાસનના રક્ષક હોય તે બધા સાધર્મિકના સ્થાને આવે છે; પણ બધા જ દેવો તે કક્ષામાં આવતા નથી. અસંખ્ય દેવતાઓ તો ખાલી મોજમજામાં જ પડેલા હોય છે, ભૌતિક મળ્યું છે તેની જ મજા માણતા હોય છે. તેઓ ધર્મને પામેલા હોતા નથી. પુણ્ય, પાપ, આત્મા, પરલોકને પણ માનતા નથી હોતા. તેઓ તો કાંઇ સાધર્મિકના સ્થાનમાં પણ નથી આવતા. તમે સ્નાત્રમાં બોલો છો ને "નારી પ્રેર્યા વળી નિજ કુલવટ, ધર્મી ધર્મ સખાઇ," નારીના કહેવાથી પરાણે નાછૂટકે આવતા હોય છે, તેમને કાંઇ ભગવાનની ભક્તિ કરવામાં રસ હોતો નથી. માટે બધા જ દેવતા કાંઇ ધર્માત્મા હોતા નથી. હવે ધર્માત્માનું સ્થાન હોય, પણ ક્યાં હોય? તમારા સંઘમાં ધર્માત્માનું સ્થાન પણ કાંઇ તમે પ્રભુની બાજુમાં આપો છો? દેવ-ગુરુ-ધર્મ પછી જ તેમનું સ્થાન આવે છે. જો સમજવામાં ગોટાળા કરશો તો મિથ્યાત્વ આવશે. આ તો પ્રશ્ન પૂછ્યો એટલે આટલું કહ્યું છે.

**૧૩૨.સભા :-** પદ્માવતી, ચક્રેશ્વરી.... વગેરેની સ્થાપના, પૂજા, ભક્તિ થાય?

**સાહેબજી :-** તેઓ શાસનદેવીઓ છે, સમ્યગ્દૃષ્ટિ છે, માટે તેમની સ્થાપના થાય. તેમની પૂજા, ભક્તિ થાય, પણ ભગવાનની ભક્તિ પછી તેમની ભક્તિ હોય. તેમનું સ્વતંત્ર મંદિર ન હોય, પણ ભગવાનની મૂર્તિ હોય તેમની નીચે તેમની મૂર્તિ હોય છે. જુદાં સ્વતંત્ર મંદિરો કરવાનું તો હમણાં ચાલુ થયું છે.

૧૩૩.**સભા :-** સાહેબજી! ભગવાનની હાજરીમાં પદ્માવતી દેવીનું પૂજન કરે છે તે યોગ્ય છે?

**સાહેબજી :-** પહેલાં તો પાર્શ્વપૂજન આવે. તેના બદલે દેવી-દેવતાનાં પૂજન કરો એટલે તેમાં પ્રભુની ગૌણતા આવી ગઇ. ક્યાં પ્રભુ અને ક્યાં દેવી-દેવતા? આપણે ત્યાં જુઓ નવગ્રહ, દેવી-દેવતા બધું છે, પણ તેમનું સ્થાન ક્યાં? માટે તમે મૂર્તિમાં જોજો. નવગ્રહ, દેવી-દેવતા ક્યાં હોય છે? ક્યાંય પ્રભુની ગૌણતા ન થવી જોઇએ. તે રીતે શાસ્ત્રીય રીતે બધું થવું જોઇએ. ભગવાનનું પૂજન કર્યા પછી દેવી-દેવતાને યાદ કરવાના છે.

૧૩૪.**સભા :-** પાંચમા ગુણસ્થાનકવાળા અને છઠ્ઠા ગુણસ્થાનકવાળા જીવોના અધ્યવસાય કેવા હોય?

**સાહેબજી :-** આ બહુ જ વિસ્તાર માગે તેવો પ્રશ્ન છે. ટાઇમ લિમિટ ઓછી હોવાના કારણે ટૂંકામાં જ કહી શકાશે. દેશવિરતિ પામે તે પાંચમા ગુણસ્થાનકે હોય અને સર્વવિરતિ પામે તે છઠ્ઠા ગુણસ્થાનકે હોય. તમારા સંસારમાં લાખ્ખો, અસંખ્ય પાપો છે. તમે પાપોથી બંધાયેલા છો, પણ તેમાંથી કોઇપણ એક પાપને મન-વચન-કાયાથી તેના રાગ-દ્વેષની નાબૂદીપૂર્વક ત્યાગ કરવાની જે જીવની ભાવના હોય, તે જીવ દેશવિરતિ પામી શકે. તે પાપના બધા જ રાગ-દ્વેષ-મમતા-આસક્તિ છૂટી જાય તે રીતે પરિણામ જોઇએ. જેમ કે તમારે કરોડ રૂપિયા સિવાય બીજા બધા પૈસાનો ત્યાગ છે, માટે હવે દુનિયામાં બીજી જેટલી સંપત્તિ છે, તેના માટે તમારે મમતા-આસક્તિ ન જોઇએ; અને જો હોય તો દેશવિરતિનો ત્યાં ભાવ નથી. હવે તમને આવા પચ્ચક્ખાણ છે અને તે વખતે જો તમારો દિકરો ૨૫ લાખ કમાયો તો તમે રાજી-રાજી ને? અને દિકરો કદાચ બે-પાંચ લાખ ખોવે તો તે વખતે શું થાય? માટે બીજાના પૈસા પર પણ તમને હજી રાગ-દ્વેષ છે. માટે ત્યાં દેશવિરતિની પ્રાપ્તિને યોગ્ય પરિણામ નથી.

તેમ છઠ્ઠા ગુણસ્થાનક માટે જગતના જીવમાત્ર પ્રત્યે અહિંસાનો ભાવ જોઇએ. પાંચે પાંચ મહાવ્રતના ભાવ આવે પછી જ છઠ્ઠું ગુણસ્થાનક આવે. આ પાંચ મહાવ્રતના ભાવ આવી જાય, પછી બીજા લાખ દોષ હોય તો પણ તે છઠ્ઠા ગુણસ્થાનકે છે અને જો આ પાંચ મહાવ્રતના ભાવ ન હોય અને લાખ ગુણ હોય તો પણ છઠ્ઠા ગુણસ્થાનકે નથી.

જેમ રાત્રિભોજનનો ત્યાગ કર્યો તો રાત્રે ખાવાની સર્વ itemના (વસ્તુઓ)ના રાગદ્વેષ કાઢવા પડે. આ પ્રશ્ન બહુ જ ઊંડાણ માગે તેવો છે.

**૧૩૫.સભા :-** જ્ઞાનસારમાં અનુભવજ્ઞાનનું વર્ણન છે, અને બીજે ઠેકાણે એમ કહ્યું છે કે અમને અનુભવજ્ઞાન થયું છે, તો પછી તેમને કેવળજ્ઞાન થઇ જવું જોઇએ. તો શું ફેર છે?

**સાહેબજી :-** હા,જ્ઞાનસારમાં અનુભવજ્ઞાનનું ખૂબ જ વર્ણન કર્યું છે અને પૂ.આ.શ્રીહરિભદ્રસૂરિ, પૂ. ઉપાધ્યાય શ્રીયશોવિજયજી તથા પૂ.આ. શ્રીહેમચંદ્રસૂરિ બધાએ લખ્યું છે કે અમને અનુભવજ્ઞાન થયું છે. આપણા શાસ્ત્રમાં અનુભવજ્ઞાનનો ખૂબ જ મહિમા ગાયો છે. આત્મામાં અનુભવજ્ઞાન પ્રગટે તેને અરુણોદય કહ્યો છે, જેમ સૂર્ય ઊગે તે પહેલાં અજવાળું ફેલાવાનું ચાલુ થાય છે, જેથી અંધકારનો નાશ થતો જાય છે. પરંતુ તે પૂર્વાચલની લાલિમાતુલ્ય ઝાંખો પ્રકાશ હોય છે. આ અનુભવજ્ઞાનનો પ્રાદુર્ભાવ એક અતિ ઝાંખા પ્રકાશરૂપે અપુનર્બંધક અવસ્થાથી ચાલુ થાય છે, અને પરાકાષ્ઠાના અનુભવજ્ઞાનનું નામ જ કેવળજ્ઞાન છે. આખો મોક્ષમાર્ગ અનુભવજ્ઞાનથી ભરચક છે. તેથી દરેક વ્યક્તિએ આગળ ચઢવા માટે તે તે ભૂમિકાનું અનુભવજ્ઞાન પામવું પડે.

તેમણે કહ્યું છે, ભગવાનના ગુણોનો આસ્વાદ અમે ચાખ્યો છે, એનો અમને રસાસ્વાદ મળ્યો છે; જે સિદ્ધ થયેલા છે તેમના આત્મામાં જે ગુણો છે અને તેઓ તેનો રસાસ્વાદ જે મેળવે છે, તેવો અમે થોડો થોડો રસાસ્વાદ મેળવ્યો છે. કારણ કે તેમને સમકિતની ભૂમિકાનું અનુભવજ્ઞાન થયું છે; પણ તેમને હજુ કેવળજ્ઞાન પામવા માટે બીજી ઉપરની ભૂમિકાઓનું અનુભવજ્ઞાન મેળવવાનું બાકી છે. માટે અનુભવજ્ઞાન થાય એટલે તરત કેવળજ્ઞાન પામી જાય તેવું નથી, કઇ ભૂમિકાનું અનુભવજ્ઞાન છે તે સમજવું પડે.

**૧૩૬.સભા :-** મયણાનું અમૃતઅનુષ્ઠાન હોવા છતાં આપે તેમના માટે ભારેકર્મી શબ્દ વાપર્યો તે જરા ભારે લાગે છે.

**સાહેબજી :-** શાસ્ત્રમાં ઘણા ઠેકાણે ભારેકર્મી શબ્દ જુદા જુદા એંગલથી વપરાય છે. જેમ પ્રભુ મહાવીરને ૧૨।। વર્ષ સુધી ઉગ્ર સાધના કરવી પડી, તેમ બધા તીર્થંકરોને કરવી પડી નથી; તો તેના જવાબમાં શું કહ્યું કે, પ્રભુ ભારેકર્મી હતા. હવે જો તીર્થંકર માટે આ શબ્દ વપરાયો તો મયણાનો તો હજી નવ ભવ પછી મોક્ષ

થવાનો છે; માટે અમે કયા સંદર્ભથી બોલ્યા હતા તે જોવું પડે. શુદ્ધધર્મ એવો હોય કે તેનાથી તત્કાલ ઉદ્ધાર થાય, પણ જો ન થાય તો તેને ભારેકર્મી કહેવા પડે. જિનકલ્પીને પણ ભારેકર્મી કહે છે. આટલા ઊંચા માટે પણ આ શબ્દ વપરાય છે. હા, ગુંડા-બદમાશ છે તેવા અર્થમાં, ભારેકર્મી કહેતા નથી. મયણા જો ભારેકર્મી ન હોત તો એ જ ભવમાં મોક્ષે ચાલી જાત, તેવી તેની આરાધના હતી.

**૧૩૭.સભા :-** અત્યારની સભામાં મધ્યમ કે પ્રાજ્ઞ જીવો હોઇ શકે? અને હોય તો તમારી દેશના કઇ રીતે ઉપયોગી થાય?

**સાહેબજી :-** કોઇક મધ્યમ અને કોઇક પ્રાજ્ઞ જીવ પણ હોઇ શકે, પણ મેજોરીટીમાં પ્રાજ્ઞ જીવો કે મધ્યમ જીવો ન મળે. પરંતુ જ્યારે જનરલ સભા હોય ત્યારે સામાન્ય દેશના જ આપવાની હોય. ત્રણે પ્રકારના જીવો ભેગા હોય ત્યારે કઇ રીતે દેશના આપવી તેનું શાસ્ત્રમાં વર્ણન આવે છે. અમારે ત્રણેને ઉપયોગી થાય તે રીતે દેશના આપવાની છે. જેમ ડૉક્ટર પાસે અમુક દવા એવી હોય છે કે જે જનરલ બધામાં કામ લાગે. તે રીતે અમે મોટાભાગની દેશના જનરલ જ આપીએ. જેમ હું સામાયિકનું વર્ણન એ રીતે કરું કે, બાળ જીવોને એના પ્રત્યે રુચિ થાય, મધ્યમ જીવ હોય તેને તેનો સૂક્ષ્મ આચારવિષયક વિવેક આવે અને પ્રાજ્ઞ હોય તેને તેના ગુણ-દોષની ખબર પડે. આમ તો જે રીતનો લાયક જીવ હોય તે રીતે તેને ઉપદેશ આપવાનો છે, પણ જનરલ સભામાં તો અમારે આ જ રીતે ઉપદેશ આપવાનો આવે. સાધુપણાનું અમે વર્ણન કરીએ છીએ ત્યારે પણ એમ થાય કે, ઘણા જીવોને તે પદ માટે રુચિ થાય, જ્યારે ઘણા જીવને દેશવિરતિનું સાધન બને અને કોકને સર્વવિરતિનું સાધન બને. અત્યારે અમને એવી પર્ષદા મળે છે કે, ચારે મહિના અમે સર્વવિરતિનું વર્ણન કરીએ તોય એકાદ પણ તે લેવા ન નીકળે.

**૧૩૮.સભા :-** સાંભળતાં સાંભળતાં સર્વવિરતિ લેશે.

**સાહેબજી :-** સારું છે તેવું થાય તો. ભગવાનની દેશના સાંભળતાં પર્ષદામાંથી લાખ્ખો નીકળતા, પણ અત્યારે પર્ષદા એવી છે કે, કદાચ બાર મહિના સાંભળે તો પણ એકાદ ન નીકળે. કેમ કારણ શું? રુચિ નથી માટે. તેથી જ અમે રુચિ કરાવવા તેની દેશના આપતા હોઇએ છીએ, જેથી ગુરુતત્ત્વનો સદ્ભાવ થાય, મિથ્યાત્વ મંદ પડે અને સમકિત માટેની કારણભૂત કર્મનિર્જરા થાય.

૧૩૯.સભા :- ગુરુએ રોગના નિવારણ માટે મયણાને આ ઓળીની આરાધના કરવાનું કહ્યું, તે રીતે ગુરુ બીજી આરાધનાઓ આપી શકે?

**સાહેબજી :-** ચૈત્રની અને આસોની ઓળી શાશ્વત છે, માટે પહેલાં પણ તેની આરાધના નહોતી થતી તેવું નથી; પહેલાં પણ થતી હતી, પણ તેમાં જે વિધિ હતી, તેના કરતાં પૂ.આ. શ્રી મુનિસુંદરસૂરિએ નવી વિધિ આપી છે. કારણ શું છે? તેમણે કોઇ આપત્તિના નિવારણ માટે નવી વિધિ આપી નથી; પણ શાસનની અપભ્રાજના થાય છે, માટે તેના નિવારણ રૂપે આપી છે, જેનાથી શાસનની પ્રભાવના થાય. તેથી ત્યાં લૌકિક ભાવ નથી, પણ લોકોત્તર ભાવ જ છે, આત્મલક્ષી ભાવ જ છે. ગુરુ અને મયણા બંનેને આત્મલક્ષી ભાવ જ છે, માટે માત્ર રોગનિવારણ માટે આપી નથી. તમે કહો ગરીબી દૂર કરી શ્રીમંત બનવું છે, પણ હું પૂછું કે તમે ગરીબ છો તો શાસનની અપભ્રાજના થાય છે? અને શ્રીમંત થશો પછી તમે શાસનપ્રભાવના કરી શકશો? જ્યારે મયણા-શ્રીપાળની પરિસ્થિતિ એ છે કે જો રોગનું નિવારણ થાય તો શાસનપ્રભાવના થાય તેમ છે.

અમારા શાસ્ત્રમાં પુત્રપ્રાપ્તિ માટેના મંત્રો પણ આપ્યા છે, પણ તેનો ઉપયોગ ક્યાં કરવાનો છે, તે બરાબર સમજવું પડે. આપણે ત્યાં મંત્ર, તંત્ર, યંત્રવિદ્યાઓ છે; પણ ઉપયોગ ક્યાં કરવાનો તેનું પણ વિશેષ વર્ણન છે, પરંતુ સ્વાર્થ માટે કાંઇ ચાલુ કરાય નહિ; પણ જો સદુપયોગ થતો હોય તો પ્રયોગ થાય. આધ્યાત્મિક વિકાસનો ઉદ્દેશ સામે રાખીને ઉપયોગ કરવાનો છે. માટે અહીંયાં માત્ર રોગના નિવારણના ઉદ્દેશથી કર્યું નથી, પરંતુ શાસનપ્રભાવનાના ગર્ભિત ઉદ્દેશથી જ કર્યું છે. એટલે લોકોત્તર આશય જ છે. તેથી ક્યાંય તેની ટીકાટિપ્પણ થાય નહિ. તેમાં લૌકિક આશય ક્યાંય નથી.

૧૪૦.સભા :- ગુરુપૂજનના પૈસા કે કામળીના ચઢાવાના પૈસા ગુરુવૈયાવચ્ચમાં કેમ જાય નહિ?

**સાહેબજી :-** આ વિવાદાસ્પદ પ્રશ્ન છે. જૈન સંઘમાં અત્યારે ચકડોળે ચડેલ પ્રશ્ન છે. માટે અમે કહીએ છીએ કે જીજ્ઞાસુ હોય તેણે બંને પક્ષોને શાંતિથી સાંભળવા જોઇએ, અને તેમાં જ તમારું અને અમારું કલ્યાણ છે. પણ જે નિર્વિવાદાસ્પદ વાતો છે, તેમાં અમે કહીએ કે ભગવાનની આજ્ઞા મુજબ આમ જ છે, માટે આ જ રીતે માનો; પણ વિવાદાસ્પદ વાતો છે તેમાં તો બેઉ પક્ષે સાંભળવું જોઇએ. તમે કાંઇ શાસ્ત્ર ભણ્યા નથી, માટે શાસ્ત્રની વાતોમાં તમને સમજણ પડે તેમ નથી;

પણ શાસ્ત્રની વાતોથી તર્કો અને દલીલો આપું છું. માટે બરાબર શાંતિથી તટસ્થતાથી સાંભળજો.

તમે તમારા ગુરુને કેવા માનો છો? અમારું અપરિગ્રહવ્રત સંપૂર્ણ છે. અપરિગ્રહવ્રત સંપૂર્ણ હોવાના કારણે, તમે અમારી પાસે આવો ત્યારે, ભક્તિથી અમને ગમે તે વસ્તુ આપો તો અમે લઇએ ખરા? અમારા આચાર શું છે? અમારે મર્યાદા ખરી કે નહિ? અમને ખપે તેવું હોય તો જ અમે લઇએ. ન ખપે તેવું જો લઈએ તો તે વાજબી ખરું? જેમ તમારા ઘરે આવું ત્યારે કોઇક કોકાકોલા આપે તો લઉં ખરો? લઉં તે શું વાજબી છે? જેમ હું કોઇકને ત્યાં ગયો અને ઉલ્લાસ-ભક્તિથી આહાર-પાણી વહોરાવે તેમ આંગળીમાંથી વીંટી કે ગળામાંથી હાર કાઢીને આપે તો તે લેવાય ખરું? જૈનેતર સાધુના આચાર-વિચાર જુદા છે. અમારે જે મૂકે તે બધું લેવાય નહિ. ગોચરીમાં પણ આગ્રહ કરે તો લેવાય, ત્યાં પણ ખપે તેવું ને જરૂરિયાત હોય તે જ લઉં ને? અને તો જ ધર્મલાભ આપું. તમારા ઘરમાં થાળી કે તપેલીમાં વાનગી હોય ત્યાં સુધી તેની માલિકી તમારી છે, અમારી નહિ. જ્યારે તેને અમે હા પાડીએ, ને તમે અમારા પાતરામાં મૂકો અને પછી ધર્મલાભ આપીએ, પછી તે અમારી માલિકીની થાય.

તમે મારા પગ આગળ ગુરુપૂજનમાં પૈસા-ઝવેરાત મૂક્યા, તેનો હું કાંઇ સ્વીકાર કરું ખરો? અને તેનો હું જ્યારે સ્વીકાર કરતો નથી, તો પછી મારી માલિકીનું કહેવાય નહિ અને તમે મને અર્પણ કર્યું માટે તમારી માલિકીનું પણ કહેવાય નહિ. ગુરુએ સ્વીકાર કર્યો નથી માટે ગુરુની માલિકીનું નથી અને તમે અર્પણ કરી દીધું માટે તમારી માલિકીનું પણ નથી; તો પછી હવે તે વસ્તુ જાય ક્યાં? ઊંચા ક્ષેત્રમાં જ જાય. માટે તે દેવદ્રવ્યમાં જ જાય.

તમે કાલથી અમારા પગ આગળ જે પણ મૂકશો, તે બધું જો અમે સ્વીકારતા થઇશું તો પછી અમારાં વ્રતો ભાંગીને ભૂક્કા થઇ જશે. પછીથી તો ખાલી કપડાંને હાથમાં ઓઘો જ રહેશે.

હવે જો ગુરુવૈયાવચ્ચમાં જાય તો તે અમને જ ઉપયોગમાં આવવાનું. માટે તેને મેં સ્વીકાર્યું જ કહેવાય. જેમ અન્ય સંતોના પગમાં મૂકો તે બધું જ તેઓ સ્વીકારે છે, જે દક્ષિણા કહેવાય છે; તેમ, તેમની જેમ, જો અમે સ્વીકારતા થઇશું તો પછી સાધુબાવાની કેટેગરીમાં જ ગણાઇશું. માટે તમારે અમને જો સાધુ રાખવા હોય તો બહુ જ પ્રમાણિકતાથી, તટસ્થતાથી બેઉ પક્ષે સાંભળીને વિચારી નિર્ણય કરજો.

પણ અત્યારે સંઘમાં પરિસ્થિતિ ત્યાં સુધી પહોંચી છે કે, સાચી વાત સાંભળવા જેટલી પણ લાયકાત રાખી નથી. જો આ કેટેગરીએ પહોંચી જશો તો તમારું આત્મકલ્યાણ કરશો કઇ રીતે? અમારે કોઇને ખોટા કહેવા નથી, ઊતરતા કે હલકા ચિતરવા નથી, અમે તેની નિંદા પણ કરતા નથી, પણ તટસ્થતાથી, પ્રમાણિકતાથી વિચારવાનું છે.

સત્યને માપવાનું ધોરણ કાંઇ વ્યક્તિ નથી પણ સત્યને માપવાનું ધોરણ તો તત્ત્વ છે. માટે તટસ્થતાથી બેઉ પક્ષે સાંભળીને વિચારવાનું છે. **તેથી જ ગુરુપૂજન કે કામળીના ચઢાવાના પૈસા અમને ખપે નહિ, તેથી તે વૈયાવચ્ચમાં જાય નહિ.**

**૧૪૧.સભા :-** પહેલાં શેમાં વપરાયાના દાખલા છે?

**સાહેબજી :-** જિર્ણોદ્ધાર આદિમાં વપરાયાના ઘણા જ દાખલા છે.

**૧૪૨.સભા :-** તો અત્યારે મતભેદ કેમ થયો છે?

**સાહેબજી :-** મતભેદ કેમ થયો છે તે મારે કાંઇ કહેવું નથી; પણ તમને બધાને સંઘમાં સાધુની ભક્તિ કરવા જો વૈયાવચ્ચનું ફંડ ન હોય તો પોતાના ખિસ્સાના કાઢવા પડે; અને જો આ રીતે ફાળો થઇ જતો હોય તો તમને બધાને અનુકૂળતાના કારણે ગમી જાય તેવી વાત છે. પણ તમને ખબર નથી તેનાથી સંઘને કેટલું નુકસાન છે.

**૧૪૩.સભા :-** ઘણા તેમાં પોલીટીક્સ રમે છે.

**સાહેબજી :-** જે પોલીટીક્સ રમતું હશે તેને તો ઘોર પાપ બંધાશે, પણ જે તટસ્થતાથી વિચક્ષણતાથી વિચાર કરશે, તેને તો લાગ્યા વગર નહિ રહે કે, આ ઊંચા ક્ષેત્રમાં જાય. અને જે પ્રમાણિકતાથી વિચાર નહિ કરે, તેને તો સાધુસંસ્થાની શિથિલાચારિતાને પોષ્યાનો દોષ લાગશે. તમે અમારું પૂજન કરો છો ત્યારે અમારે કોઇ નિસ્બત હોતી નથી, કારણ અમારો નિર્લેપ ભાવ છે. પણ જો આ રીતે અમારી બુદ્ધિ બગડશે, એટલે અમે વાસક્ષેપ નાંખતાં પહેલાં જોઇશું કે, તેણે કેટલા રૂપિયા મૂક્યા છે? માટે ગુરુમાંથી તમે અમને ગોરજી બનાવી દેશો.

**૧૪૪.સભા :-** નાનાં નાનાં ગામડાં આદિમાં વૈયાવચ્ચ કઇ રીતે થાય?

**સાહેબજી :-** અરે, બીજા ઘણા જ શક્તિશાળી મોટા સંઘો છે, જે બધું કરી શકે

તેમ છે. તમે જરા વિચારજો કે આ તો એવી વાત કરો છો કે, જેમ તમારા ઘરમાં બે પાંચ હજારનું બજેટ હોય, દીકરો કમાઇને આપતો હોય, પણ હવે મોંઘવારી વધવાના કારણે ઘરમાં પૂરું થતું નથી, માટે દીકરો વિચારે કે ક્યાંક કાપ મૂકવો પડશે. હવે તે એમ વિચારે કે, લાવ માની જે દવા થાય છે તેમાં હું ૨૦૦-૫૦૦નો કાપ મૂકી દઉં, તો તમે આ દીકરાને કેવો કહેશો? અત્યારે તમારા સંસારમાં બીજા ખોટા ખર્ચાના પાર નથી. તે તમને દેખાતા નથી, પણ કાપ મૂકવા માટે તમારી નજર ક્યાં ગઇ, તે શાંતિથી વિચારજો.

* જીવનમાં મોટા ભાગના વિષય આર્તધ્યાનના જ છે. તે ખૂટે જ નહિ. સવારથી સાંજ સુધી ચાલુ જ હોય. એટલે જ તિર્યંચગતિનો બંધ ઓળંગવો બહુ દુષ્કર છે.

* ભૌતિક સુખની ઈચ્છા કરવી તે પાપ છે એવું જેને ન લાગે, તો સમજવું તેને મિથ્યાત્વ છે. ભૌતિક સુખની ઈચ્છા વાજબી લાગે અને તેમાં પાપ ન લાગે તેવું માને, તો જીવમાં મિથ્યાત્વ અને અવિવેક છે, છે ને છે જ. કોઈ પણ ભૌતિક સુખની ઈચ્છા કરે તો બંધાય તો પાપ જ. પછી ભૌતિક સુખની ઈચ્છાથી ધર્મ કરો તો ધર્મથી કદાચ પુણ્ય બંધાશે પણ ભૌતિક સુખની ઈચ્છા તો પાપ જ બંધાવે. સમ્યગ્દષ્ટિ આત્મા પણ ભૌતિક સુખની ઈચ્છાથી ધર્મ કરે તો એને પણ ઈચ્છા નિમિત્તક પાપ જ બંધાય.

* અર્થ-કામ માટે ધર્મ ઉત્સર્ગથી નહિ, અપવાદથી જ થાય. અપવાદમાં પણ હેતુ-સ્વરૂપ-અનુબંધ બદલાઈ જાય છે.

# ૧૦

તા. ૧૫-૧૦-૯૫, રવિવાર, આસો વદ છઠ્ઠ, ૨૦૫૧

**૧૪૫.સભા :-** લેશ્યા પર થોડું સમજાવો.

**સાહેબજી :-** જેના વડે આત્મા કર્મથી બંધાય તેનું નામ લેશ્યા.

**ભાવાર્થ શું? :-** આપણા આત્મા પર ચોવીસે કલાક કર્મ બંધાય છે, તેમાં અગત્યનું પરિબળ જો કોઇ હોય તો તે લેશ્યા છે. તમારા Subconscious Mind (લબ્ધિમન)માં જેવી પ્રકૃતિ હોય તે પ્રમાણે ચોવીસે કલાક કર્મમાં રસબંધ થાય છે. સારું કે ખરાબ કર્મ બંધાય છે આ રસથી, અને આ રસ તે જ લેશ્યા છે. કર્મ ચોંટાડનાર જે અંદર બળ છે તે જ લેશ્યા છે. તેનું વર્ગીકરણ પ્રકૃતિના આધારે કરી શકાય છે.

જેમ એક માણસ ઉગ્ર સ્વભાવનો હોય, વાતવાતમાં રૌદ્રતાને ધારણ કરનારો હોય, ગમે તેમ બોલી નાંખનાર હોય, મારામારી-ગાળાગાળી કરી નાંખનાર હોય; આવી પ્રકૃતિવાળા, અણગમતું બને ત્યારે સામેનાને ખલાસ કરી નાંખવાની વૃત્તિ ધરાવતા હોય, તેવા જીવોને પ્રાયઃ કૃષ્ણલેશ્યા હોય છે.

તેમ ઘણાને ઉગ્રતા-આવેશ ન હોય, ક્રૂરતા કે દ્વેષનો અતિશય પણ ન હોય, પરંતુ મોજમજા, આનંદ-પ્રમોદ કે ઇન્દ્રિયોના વિકારોમાં રસ હોય, રંગીલી પ્રકૃતિવાળું માનસ હોય તેવા જીવોને પ્રાયઃ નીલલેશ્યા હોય છે.

લબ્ધિમનના કષાયાત્મક ભાવોને લેશ્યા કહે છે. આખા Subconscious Mind(લબ્ધિમન)માં રહેલા કષાયાત્મક ભાવોને લેશ્યા કહે છે. આસક્તિપ્રધાન માનસ નીલલેશ્યામાં હોય. ઉગ્રતા પ્રધાન માનસ કૃષ્ણલેશ્યામાં હોય. લેશ્યાના ઘણા પ્રકાર છે.

**૧૪૬.સભા :-** દ્રવ્યલેશ્યાને રંગો સાથે સંબંધ છે?

**સાહેબજી :-** હા, રંગો સાધન છે, પણ એકાંતે અસર કરશે જ તેમ કહેવાય નહિ.

**૧૪૭.સભા :-** ભાવશ્રાવકને અશુભ લેશ્યા કઇ રીતે હોય?

**સાહેબજી :-** પાંચમા ગુણસ્થાનકે રહેલ ભાવશ્રાવક ધર્મી હોય, પણ તેની પ્રકૃતિ મશ્કરા સ્વભાવની હોય તો તેની લેશ્યા અશુભ ગણાય. તેમ ઘણા ધર્મ ન કરનારા

નાસ્તિકો પણ શુભ લેશ્યામાં હોય. માટે વૃત્તિ, પ્રકૃતિ કેવી છે તેના પર લેશ્યાની શુભાશુભતા આધાર રાખશે.

ઘણાને વાતવાતમાં ખોટું લાગતું હોય, માટે તેની પ્રકૃતિ ક્ષુદ્ર હોય છે; પછી ભલે તેના જીવનમાં મોટાં પાપ ન હોય, પણ સ્વભાવ ક્ષુદ્ર હોવાના કારણે ઘડી ઘડી મન દુઃખી થતું હોય.

૧૪૮.**સભા** :- ગત જન્મના સંસ્કારના કારણે જ આવી પ્રકૃતિઓ હોય?

**સાહેબજી** :- ગત જન્મના સંસ્કારના કારણે જ હોય તેવું નથી. આ ભવમાં પણ આવી પ્રકૃતિઓ બની શકે છે. વળી આ ભવમાં ખામીઓને દૂર કરી શકાય છે, પણ તેના માટે સંકલ્પ જાગવો જોઇએ. કર્મબંધમાં રસબંધનું ફેક્ટર લેશ્યા પર છે અને તેમાં મુખ્ય ભાગ ભજવનાર આ પરિબળ છે.

૧૪૯.**સભા** :- દાન કરનાર વ્યક્તિએ પોતાનું નામ લખાવવું કે નહિ? ધર્મી માણસ પ્રતિષ્ઠા, કીર્તિને ઇચ્છે?

**સાહેબજી** :- નામ લખાવે તેમાં લાભ છે કે ગેરલાભ તે પહેલાં વિચારજો. દાનના અપેક્ષાએ બે ભાગ પાડી શકાય. (૧) જાહેરક્ષેત્રનું દાન. (૨) ગુપ્તક્ષેત્રનું દાન.

જાહેરક્ષેત્રે દાન પણ અમુક સંયોગમાં ગુપ્ત કરાય છે. ગુપ્તક્ષેત્રનાં દાન તો ગુપ્ત જ કરાય. માટે જ્યાં ગુપ્તદાન કરાય ત્યાં જો તમે નામની અપેક્ષા રાખો તો ખરાબ છે. જેમ વ્યક્તિગત સાધર્મિકભક્તિ કરો તેમાં જાહેરાત કે નામ ન હોય. આવાં તો બીજાં ઘણાં ક્ષેત્રો છે, જેમાં જાહેરાત કરવાની ન હોય.

જ્યારે બીજી બાજુ જાહેર દાન, જેમ કે સંઘ કાઢવા, ઉપધાન કરાવવાં, રથયાત્રા કાઢવી, જિનમંદિર બંધાવવાં આદિ કાર્યો ગુપ્ત કરાય નહિ. આવાં ઘણાં સત્કાર્યો છે જે જાહેરમાં કરવાનાં આવશે, તેમાં નામ લખાવી દાન આપો તો વાંધો નથી. તેમાં તકતી પણ મુકાવો તો વાંધો નથી. હા, પણ સાથે તમારી વ્યક્તિગત વાહવાહ થાય તેવો ભાવ ન જોઇએ, પરંતુ સત્કાર્યનો ઉત્તમ દાખલો બેસાડવાનો ભાવ હોય. હા, બીજું તમારી ધર્મી તરીકે એવી છાપ હોય કે આ તો ધર્મી કુટુંબ, તેના ધર્મની વાત જ ન થાય, ગમે તેવું કારણ આવશે તો પણ આ કદી ખોટું કામ નહિ કરે, તેને લાખ્ખો રૂપિયા આપો તો પણ તે કદી પાપ નહિ કરે; આવી જો તમે જગતમાં નામની ઇચ્છા રાખો તો ખોટું નથી. અમારે પણ સંઘમાં એવી છાપ હોય કે, અમે મરી જઇશું તો પણ ભગવાનની આજ્ઞાવિરુદ્ધ કશું જ બોલીશું નહિ, અમારા આચાર-વિચાર ઊંચા જ હોય એવી અમે પણ

પ્રભુ પાસે માંગણી કરીએ તો ખોટું નથી. તમે અજિતશાંતિમાં બોલો છો ને,

**जइ इच्छह परम पयं, अहवा किर्त्ति सुवित्थडं भुवणे ।**
**ता तेलुक्कुद्धरणे, जिणवयणे आयरं कुणह ॥**

જો તું પરમપદને ઇચ્છતો હોય તો તારે શું કરવાનું છે? તારે જિનેશ્વરદેવોની આજ્ઞા-વચનને ધારણ કરવાનાં છે. આ તો મોક્ષ અને પરલોકની વાત થઇ, પણ આ ભવમાં પણ સારાં યશ-કીર્તિ-પ્રતિષ્ઠાને ઇચ્છતો હોય, તો શું કરવું જોઇએ? તો કહે છે કે જિનવચનમાં આદર કર. માટે કીર્તિ ઇચ્છે તો વાંધો નહિ, પણ આ રીતે આ ભાવથી ઇચ્છવાની છે. પણ તમને દાન દ્વારા ઇચ્છા હોય કે "મને તેનાથી કોઇ મોટા ભા બનાવે, હું જ્યાં જાઉં ત્યાં મારી વાહવાહ થાય, મને માન-સન્માન મળે" તો આ બધા ભાવો યોગ્ય નથી. માટે જાહેરમાં પણ જે દાન આપો તેમાં પ્રશસ્ત ભાવ જોઇએ, અપ્રશસ્ત ભાવ ન જોઇએ. તમારી એવી નામના હોય કે જે તમારા કુળનું પણ ગૌરવ વધારે. ધર્મી, એવી નામના ઊભી કરે કે તેનાથી તે હજારો સારાં કામો કરી શકે. એવી છાપ હોય કે આ માણસ કહે છે માટે ખોટું હોય જ નહિ. નામના અને આબરૂને સામાજિક દૃષ્ટિએ પણ સંપત્તિ કરતાં મોટી મૂડી કહી છે. જેટલું તમારું નામ મોટું તેટલાં તમે શાસનનાં કામો વધારે કરી શકો. વગર નામનાએ શાસનનાં કામો થઇ શકે નહિ. માટે નામના પણ અંગત કારણે મેળવવાની નથી, પરંતુ સ્વ અને પરનું હિત કરવા નામના મેળવવાની છે, અહંકાર પોષવા માટે નામના મેળવવાની નથી. સારા માણસની નામના જગતના જીવોનું હિત કરી શકે છે, માટે ભગવાન પાસે માંગો કે જેનાથી હું સારાં કાર્યો કરી શકું, તેવી મને કીર્તિ મળો; અને પછી સત્કાર્યો કરવા માટે સતત પ્રયત્નશીલ બનો; વિવેક અને પ્રશસ્ત ભાવ જોઇએ.

**૧૫૦.સભા :-** જીવ છોડાવવા માટે અને ઉછેર માટે કાયમી ફંડ યોગ્ય છે?

**સાહેબજી :-** અશક્ત ઢોરોના નિભાવ માટે કાયમી ફંડ કરો તો તે ઉચિત છે. હા, જીવદયામાં સીધા પૈસા આપ્યા હોય તેને કાયમી ફંડમાં રખાય નહિ, પણ નિભાવફંડ માટે આપ્યા હોય તેને જ રખાય.

જૈનોની પાંજરાપોળો ઘણી છે. નિભાવ માટે મૂડી હોય તેના આધારે જ વહીવટ કરી શકાય. પણ પાંજરાપોળ કોને કહેવાય તે સમજવું પડે. અત્યારે જીવદયાને જુદા અર્થમાં લઇ ગયા છે. ૨૦૦ વર્ષ પહેલાં કેટલી પાંજરાપોળો હતી? કારણ શું? આર્યદેશમાં જૈન-જૈનેતરો ઢોર રાખતા. જ્યારે તે ઢોરો દૂધ

આપવા માટે નકામાં થતાં, ત્યારે તેઓ તેને કતલખાને મૂકતા નહિ, તેથી નિરુપયોગી ઢોરો પણ બચી જતાં. પણ અમુક લોકો ગરીબીના સંજોગોને કારણે નિરુપયોગી ઢોરોને ઘરમાં પાળી શકતા નહિ, તેથી મહાજને વિચાર કરી ખોડાં, લૂલાં, લંગડાં, અશક્ત, નિરુપયોગી ઢોરોને માટે ' પાંજરાપોળો' કરી. તેમાં આવાં ઢોરોનો નિભાવ થવા માંડ્યો. અત્યારે તો પાંજરાપોળોને ગોશાળા બનાવી દીધી છે. ત્યાંથી ગાયોનાં દૂધ પણ વેચાય છે, અને કહે છે કે રોજ દાન માટે ભીખ માંગીએ તેના કરતાં તેમના દૂધમાંથી આવક ઊભી કરીએ છીએ. પણ આપણે તો પાંજરાપોળમાં કેવાં ઢોર રાખવાનાં છે? જે નકામાં અશક્ત હોય તેમને રાખવાનાં છે. પણ અત્યારે પશુપાલન, ગોશાળાને જીવદયામાં ઘૂસાડવામાં આવે છે. દુકાળ પડે ત્યારે કેટલકેમ્પો ખોલાય છે, તેમાં દૂધાળાં ઢોરો રખાય છે. દૂધાળાં ઢોરોને સાચવવાની ના નથી. દૂધાળાં ઢોરોને કાંઇ કતલખાને મૂકવાનાં નથી. પણ અત્યારે રબારીઓ જાણે છે કે જૈનો આ રીતે બધાં ઢોરોને પાળે છે, માટે મૂકી જાય છે અને પછી લઇ જાય છે. આમાં જૈનોની દયાનું શોષણ-દુરુપયોગ છે. પાંજરાપોળમાં તો આપણે અશક્ત, નકામાં ઢોરોને સાચવવાનાં છે. તેથી આવાં અશક્ત, નકામાં ઢોરોને સાચવવા માટે નિભાવ માટે કાયમી ફંડ કરે તો ઉચિત છે, પણ જીવદયા માટે સીધા પૈસા આપ્યા હોય તેને કાયમી ફંડમાં રખાય નહિ.

પશુપાલન એ જીવદયા નથી, ધંધો છે; જ્યારે જીવદયાના ઉદ્દેશથી પાંજરાપોળો છે, જેમાં કાંઇ ભૌતિક વળતર લેવાનું નથી. પશુપાલનને ધર્મ તરીકે માનવાનું નથી અને તેના ઉછેર માટે દાન લેવાનું નથી; અને તેના માટે દાન લો તો પાપ કહેવાય. પશુપાલન આરંભ-સમારંભનું કામ છે. તમે ગોશાળા ખોલો તો તે આરંભ-સમારંભનું કામ છે, અને તે જીવદયા ધર્મમાં નથી આવતી. જેમ ખેડૂતો ખેતી કરે છે, તેથી ખેતીના વિકાસ માટે શું દાન ઊભું કરાય? તેનાથી ઘણા લાભો થશે, માટે શું તેમ કરાય? તેથી બહુ જ વિચાર કરીને કામ કરવાનું આવશે.

૧૫૧.**સભા :-** સ્વપ્ન દ્વારા ભવિષ્ય જોઇ શકાય? કેવા સ્વપ્નોની જીવન પર કેટલી અસર થાય?

**સાહેબજી :-** નવ કારણોથી સ્વપ્ન આવતાં હોય છે. તેમાં છ કારણોથી આવતાં સ્વપ્ન meaningless(અર્થ વગરનાં) છે, અને ત્રણ કારણોથી આવતાં સ્વપ્ન meaning(અર્થ)વાળાં છે. ઘણાને ઊંઘ ઓછી આવતી હોવાના કારણે,

શરીરમાં વાયુ-પિત્ત-કફ હોવાના કારણે સ્વપ્ન આવે, તેનો અર્થ નથી. પણ શરીર નીરોગી ને સ્વસ્થ હોય, તેને આવતાં સ્વપ્નથી ભવિષ્યનો ખ્યાલ આવી શકે છે અને તે સંકેત આપવામાં સાધન બની શકે છે. તીર્થંકરની માતાને ૧૪ સ્વપ્ન સંકેત તરીકે જ આવે છે. પરંતુ તમને સાચા કારણથી સ્વપ્ન આવેલ છે કે નકલી કારણથી સ્વપ્ન આવ્યું છે, તે જાણવું પડે.

શાસ્ત્રમાં દૃષ્ટાંત આવે છે કે, ઉદાયી રાજાને વિનયરત્ને કપટ કરીને મારી નાંખ્યા. તેમને સંતાન નથી ત્યારે મંત્રીઓ વિચારે છે કે હવે કોને ગાદી આપવી? હવે તે જ ગામમાં હજામ છે. તેને સ્વપ્ન આવ્યું કે આખા મગધને મારા આંતરડાં બહાર કાઢી આખા કિલ્લાને મેં વીંટાળી દીધાં. આ સ્વપ્ન આવ્યા પછી તે જાણકાર પાસે સ્વપ્નનું ફળ જાણવા જાય છે. તે હજામ સ્વપ્નશાસ્ત્રી પાસે પહોંચે છે. દક્ષિણા આપી કહે છે આનું ફળ શું? તેને લાગે છે કે આ તો અદ્‌ભુત સ્વપ્ન છે. માટે કહે છે કે મારું કહ્યું માને તો આ સ્વપ્નનું ફળ કહું. પછી કહે છે કે મારી દીકરીને પરણે તો ફળ કહું. તેને થાય છે કે મને ક્યાંથી આવી છોકરી મળશે? માટે ત્યાં ને ત્યાં ઘડિયાં લગ્ન કર્યાં. પછી તેને ફળ કહ્યું કે, તું રાજા બનીશ, અને ચોથા દિવસે તેને સામ્રાજ્ય મળ્યું છે.

**૧૫૨.સભા :-** ઉચ્ચ ગુણાંકે પાસ થયેલાને નાતમાં, ગામમાં બહુમાન અપાય તે યોગ્ય છે?

**સાહેબજી :-** તદ્દન અયોગ્ય છે. સારા માર્કે પાસ થયેલાને ગામમાં કે નાતમાં તમે કદર કરો તો પ્રોત્સાહન આજના શિક્ષણને મળે, જે નાસ્તિકતાને પોષનારું શિક્ષણ છે, અને તેને પ્રોત્સાહન આપો તો દોષ લાગે. અરે, તેમાં ખાલી હાજરી પણ આપો તો દોષ લાગે. જુગાર રમવું જેટલું મોટું પાપ નથી, તેના કરતાં તમારા દીકરાને આ શિક્ષણ ભણાવવું મોટું પાપ છે. દીકરો ન માનતો હોય અને ભણીને પાસ થાય, ત્યારે સારો બાપ શું હારતોરા પહેરાવે? ગામનું ગૌરવ છે, સમાજનું ઝવેરાત છે, આવું કહે ત્યારે, તેને ખબર છે કે ધર્મ અને સંસ્કૃતિને હચમચાવી નાંખે તેવા શિક્ષણને તે પ્રોત્સાહન આપી રહ્યો છે?

અહીંયાં મુંબઈમાં કેટલાય એવા આગેવાનો મળશે કે જેઓએ આવા પ્રસંગોમાં હાજરી, માન, સન્માન, મેડલો આપ્યા હશે. આ અમારી વાતો કોઈને ગમવાની નથી, પણ સચોટ વાતો છે. **તમારે તમારા દીકરાને આ શિક્ષણ આપવું પડે તો દુઃખાતા દીલે આપો, પણ તેને પ્રોત્સાહન તો ન જ આપો.**

અત્યારે આ દેરાસર, ઉપાશ્રયમાં પણ લખાય છે કે, અહીંયાંથી નોટબુક્સ તથા પાઠ્યપુસ્તકો આપવામાં આવશે. તમે આને સારું કામ, સત્કાર્ય માનો છો; પણ આ સત્કાર્યો નથી. અત્યારે ધર્મસ્થાનકોમાં ઘણી આવી વિકૃતિઓ આવી છે. દેરાસર અને ઉપાશ્રયોની શ્રદ્ધાને તોડનારી પ્રવૃત્તિને પ્રોત્સાહન અહીંયાંથી જ અપાય છે.

આ શિક્ષણમાં પાયામાંથી શું અપાય છે તે કદી વિચાર્યું છે? આત્મા નામની કોઈ વસ્તુ નથી, અને શરીરનું આખું તંત્ર કેમિકલ પ્રોસેસથી જ ચાલે છે. "લાઈફ ઈઝ અ બાયોકેમિકલ કમ્પાઉન્ડ."(જીવન એ માત્ર રાસાયણિક સંયોજન છે.) આવું ભણીને તૈયાર થયેલાનું તમે સ્વાગત કરો અને બહુમાન આપો છો; પરંતુ આત્માને પાયામાંથી તોડે તેવી વાતોને આવું પ્રોત્સાહન કેમ અપાય?

તમે ડૉક્ટર બનેલાને નાતમાં એવોર્ડ આપો છો. તેમને પૂછજો કે બ્રહ્મચર્ય માટે તમારો શું અભિપ્રાય છે? એક જૈન ડૉક્ટરે જવાબ આપેલો તે કહું છું-

બનેલું એવું કે એક મોટી હોસ્પીટલમાં આ જૈન ડૉક્ટર કામ કરતા હતા. ત્યાં બાજુના સંઘે નક્કી કરેલું કે કોઈપણ સાધુ-સાધ્વી આવે તેમની આપણે સેવા કરવી. હવે જ્યારે કોઈપણ સાધુ-સાધ્વી માંદા થાય ત્યારે સારવાર માટે ભક્તિભાવથી અહીંયાં દાખલ કરે. આ સંઘમાં એક મુખ્ય ટ્રસ્ટી વકીલ હતા, જે બહુ જ ધર્મિષ્ઠ હતા. તેમણે મને આવીને કહ્યું કે સાચી હકીકત કહું છું કે આ જૈન ડૉક્ટરે મને એવું કહેલું કે, "આટલા સાધુ-સાધ્વી કેમ માંદા પડે છે? તેનું ખરું કારણ એ છે કે તેઓ Unnatural life(અકુદરતી જીવન) જીવે છે, માટે માંદા પડે છે." વકીલ કહે, હું તો આ સાંભળીને હેબતાઈ ગયો. ત્યારે મેં કહ્યું કે, આમાં ડૉક્ટરનો વાંક નથી, પણ તેમને પાયામાંથી જ આવું ભણાવાય છે; માટે જ તેઓ આવું બોલે છે. અને તમે નાતમાં કોઈ ડૉક્ટર થાય તો અભિવાદન આપો છો, એવોર્ડ આપો છો. તે વખતે તમે વિચારતા નથી કે તમે કોનું અભિવાદન કરો છો. તમારે શાસ્ત્રવિરોધી વાતો આવે ત્યાં વિરોધ કરવાનો હોય, તેના ઠેકાણે તમે તાળીઓ પાડીને વધાવો છો. ત્યાં સંમતિ કે સમર્થન ના હોય કે પ્રોત્સાહન પણ ના હોય.

**૧૫૩.સભા :-** તેમાં દાન અપાય ખરું? ડૉક્ટર બીજાનો જીવ બચાવે છે.

**સાહેબજી :-** પ્રોત્સાહન અપાય નહિ કે વધાવાય નહિ, તો પછી દાન તો ક્યાંથી અપાય? તમે જે ખાઓ છો તે અનાજ ખેડૂતે પકવ્યું છે, તેનાથી તમને બળ મળે

છે, જીવતદાન મળે છે, તો શું તેનું બહુમાન કરશો? તેણે તમારો જીવ બચાવ્યો છે, માટે તેની ખેતીમાં દાન આપશો? તમને જેણે બચાવ્યા છે તેનો ઉપકાર માનવો પડે, પણ જે વ્યવસાય તરીકે કરે, તેને દયા કે પરોપકાર ન કહેવાય. એક ડૉક્ટર બનવામાં જે પાપો છે તેનું વર્ણન કરીએ તો કંપારી છૂટે. એક એલોપથી દવા બનાવવામાં કરોડો પશુઓ મારવાં પડે છે. એલોપથી દવાની અનુમોદના કરશો તો તમારે બધાએ પણ તે તે યોનિમાં જવું પડશે. અને આ હિંસા સાથે ભાવહિંસા મુખ્ય છે. બધુ ભણીને એક નાસ્તિક પાકશે. તેના આત્માનું શું? આજનું શિક્ષણ જેને ગમે છે તેની તો બુદ્ધિ જ બગડી ગઇ છે. સંસ્કૃતિના નામે આવું શિક્ષણ આપવાનું નથી. આજના શિક્ષિતને આધુનિક મનાય છે. તમે આધુનિક અને પછાતની definition(વ્યાખ્યા) તો સમજો. જૂનું એટલું ગપ્પાં અને નવું એટલું સત્ય, એવું અત્યારે મનાય છે. અમે તમને અભણ રહેવાનું કહેતા નથી. ભૂતકાળમાં શ્રાવકો ૭૨ કળા ભણતા હતા. વધારે તમે ભણશો તો ના નથી. પણ શિક્ષણની વિકૃતિનો અમારે વિરોધ છે. તમે સંસારમાં ભણ્યા હશો તો ધર્મ સમજી શકશો અને સમજાવી શકશો, પણ વિકૃત શિક્ષણથી તો પાપ જ લાગશે. તેની અનુમોદના કરાય નહિ, પ્રોત્સાહન કે દાન પણ અપાય નહિ.

❀ ઉન્માર્ગનું ઉન્મૂલન કરી સન્માર્ગની સ્થાપના ન કરી શકે તે પ્રાવચનિક તરીકે અયોગ્ય છે. પરમ પૂજ્ય મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા જણાવે છે કે સન્માર્ગનું સ્થાપન અને ઉન્માર્ગનું ઉન્મૂલન કરો તે દર્શનાચાર છે, અને જો તેનાથી વિરુદ્ધ કરે તો જીવ પ્રાયઃ સીધો એકેન્દ્રિયમાં ઊપડે, કીડી-મંકોડાના ભવમાં પણ નહિ.

❀ અવિરતિમાં મન સંક્લિષ્ટ હોય છે અને સંક્લિષ્ટ મન તે જ સંસાર છે.

❀ જેણે કદાગ્રહ મૂકી દીધો છે એટલે અતત્ત્વની કોઇ ગ્રંથિ રાખી નથી અને સરળ છે, એ જ કાયમ ધર્મ પામવા માટે લાયક છે.

❀ ખૂબ આત્મરસિક જીવ હોય એને જૈન ધર્મ કહે છે તેવી મનુષ્યભવની દુર્લભતા બુદ્ધિમાં બેસવી સંભવિત છે.

❀ જેને અનાર્યદેશનો મનુષ્યભવ ગમે તે નાસ્તિકતુલ્ય છે.

❀ સમ્યગ્દષ્ટિને રાગ-દ્વેષ કરવા નથી પણ થઇ જાય છે એમ એના માટે કહી શકાય, બાકી જીવો તો સામે ચાલીને કરે છે.

❀ ઔચિત્ય એ પ્રધાન છે. એક બાજુ એક હજાર ગુણ મૂકો અને એક બાજુ ઔચિત્ય મૂકો તો ઔચિત્ય ચઢી જાય.

❀ માર્ગાનુસારીના પાંત્રીસ ગુણો એ સામાજિક અને ધાર્મિક સદ્ગુણોનું combination મિશ્રણ છે, પરંતુ ક્યાંય તેમાં અધ્યાત્મ ભળેલો નથી.

❀ નીચેથી માંડીને ઉપરની કક્ષાના સાધક માટે અનિવાર્ય ગુણ માર્ગાનુસારિતા છે.

❀ જે રાગ-દ્વેષ છોડવા લાયક માને છે અને થોડા થોડા છોડે છે પણ સંપૂર્ણ નથી છોડી શકતો એ વક્રગામી છે પણ તેનામાં માર્ગાનુસારિતાનો પ્રારંભ તો થયો જ છે અને જે અવક્રગામી હોય એણે તો બધા અંગત રાગ-દ્વેષ છોડી દીધા છે.

❀ જે સાચું-ખોટું જાણે છતાં તટસ્થ રહેવાની વૃત્તિ હોય તો એની મધ્યસ્થતા પણ ગુણ-દ્વેષમાંથી ફલિત હોવાથી મહાપાપ બંધનું કારણ છે.

# ૧૧

**તા. ૨૯-૧૦-૯૫, રવિવાર, કારતક સુદ છઠ્ઠ, ૨૦૫૨**

**૧૫૪.સભા :-** કોઈપણ વ્યક્તિ આપને પ્રશ્ન લઈને પૂછવા આવે તો આપે જણાવવું જ જોઈએ કે નહિ? આપે કહેલું "અમે સર્વજ્ઞ નથી" તે કયા અર્થમાં?

**સાહેબજી :-** જીજ્ઞાસુ યોગ્ય સમયે પૂછે અને અમે જો જાણતા હોઈએ તો અમારે યોગ્ય રીતે જણાવવું જ જોઈએ. પણ જેની અમને ખબર ન હોય તેના માટે તો અમારે યોગ્ય જાણકાર પાસે મોકલવા પડે. માટે અમે તે વખતે કહ્યું હતું કે " અમે સર્વજ્ઞ નથી." સર્વજ્ઞ શબ્દના બે અર્થ છે. એક તો જગતનું સર્વ જાણે અને બીજું હયાત સર્વ શાસ્ત્રના જાણકાર. જેમ પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરિને કલિકાલસર્વજ્ઞ કહેવાય છે. રાજા દ્વારા અપાયેલ આ બિરુદ છે. આનો નિષેધ કેમ કર્યો નથી? કારણ વાસ્તવમાં સર્વજ્ઞ શબ્દ "સર્વ શાસ્ત્રના જાણકાર" તે અર્થમાં વપરાયો છે. તે કાળમાં જે હયાત શાસ્ત્રો હતાં તેના જાણકાર હતા, માટે તેમને સર્વજ્ઞ કહ્યા હતા.

અમે સર્વજ્ઞપણાનો દાવો કરતા જ નથી, માટે અમારે પ્રસંગે કહેવું પડે કે, અમને જેની ખબર નથી તેના માટે તો તમારે તેના જાણકાર પાસે જવું પડે. જેમ શિલ્પશાસ્ત્રનો કોઈ પ્રશ્ન લઈને આવે તો, અમે ખાસ જાણકાર ન હોઈએ તો, અમારે કહેવું પડે કે specialist(તજજ્ઞ) પાસે જાઓ.

**૧૫૫.સભા :-** દસમા ગુણસ્થાનકે મિથ્યાજ્ઞાન છે. સમ્યગ્દૃષ્ટિને પણ મિથ્યાજ્ઞાન હોય, પણ આપે કહેલું કે સમ્યગ્દૃષ્ટિનું બધું જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે, માટે તેને હવે જોખમ નથી; તે કઈ રીતે?

**સાહેબજી :-** દસમા ગુણસ્થાનક સુધી મોહ હોવાના કારણે નિશ્ચયનયે મિથ્યાજ્ઞાનને સ્વીકાર્યું છે, અને તે મિથ્યાજ્ઞાન કર્મબંધનું કારણ છે. જૈન શાસ્ત્રોમાં સમ્યગ્જ્ઞાન-મિથ્યાજ્ઞાનની વિવક્ષા જુદી જુદી પરિભાષાથી કરવામાં આવે છે. સમ્યક્ત્વગુણ પેદા થયેલા જીવનું બધું જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે, મિથ્યાત્વમાં રહેલા જીવનું બધું જ્ઞાન મિથ્યાજ્ઞાન છે; આ રીતે વિચારીએ તો સમ્યગ્દૃષ્ટિમાં મિથ્યાજ્ઞાન હોય

નહિ અને તે અપેક્ષાએ બરાબર છે; પણ બીજી અપેક્ષાએ મોહ સ્વયં મિથ્યાજ્ઞાન છે, જેમ તમને મારું ઘર એવી મમત્વ બુદ્ધિ છે, પરંતુ જે વાસ્તવમાં ઘર તમારું નથી, કેમકે તમારા જીવતાં ઘર તૂટી જાય, અરે ઘર હોવા છતાં તમે ઊપડી જાઓ; માટે એ એક ભ્રમ છે કે આ મારું ઘર છે. ભ્રમ એ મિથ્યાજ્ઞાન છે. તેને નિશ્ચયદૃષ્ટિ મિથ્યાજ્ઞાન કહે છે. વિચારો તો મોહ છે એટલે ભ્રમ છે. જેમ દૃષ્ટાંત આપેલું કે, પર્વત પર રહેલાને નીચે જતા બધા વહેંતિયા દેખાય, પણ તેને ખબર છે કે તેઓ બધા કાંઇ વહેંતિયા નથી. તેમ હજુ સમ્યગ્દૃષ્ટિને મોહરૂપ મિથ્યાજ્ઞાન છે પણ તેને તેની મિથ્યારૂપતાનું સમ્યગ્ભાન છે.

જેમ અંધારી ઓરડીમાં સાંજે તમે જઇને બેઠા, અને કોઇ ઓચિંતું કહે કે આ ખૂણામાં સાપ જોયો હતો, તો શું થાય? ગભરાઇ જ જાઓને? તેમાં યોગાનુયોગ દોરડી લટકતી હોય અને તેને પવનથી હાલતી જુઓ, તો શું થાય? સાપ જ લાગે ને? ગભરાઇ જાઓ, પસીનો છૂટી જાય. પણ તે વખતે કોઇ આવીને કહે કે, આ સાપ નથી પણ દોરડી છે, કારણ મેં જ બપોરે બાંધી હતી. એ આગળ વધીને હાથમાં બતાવે, ત્યારે તો ધરપત થઇ જાય. તમને આ દોરડી સાપ છે તેવું જે જ્ઞાન હતું તે ભ્રમ હતો, તેની ભ્રમરૂપે ખબર ન પડી ત્યાં સુધી તમે ભયભીત હતા, પણ ખબર પડ્યા પછી?

તેમ સમ્યગ્દૃષ્ટિને મોહરૂપ મિથ્યાજ્ઞાન આત્મામાં બેઠું છે, પણ તેને ખબર છે કે આ મિથ્યાજ્ઞાન છે, માટે તેને જોખમ નથી; કારણ મિથ્યાજ્ઞાનની સાચી સમજણ તેને મળી ગઇ છે, માટે આ અપેક્ષાએ કહ્યું કે સમ્યગ્દૃષ્ટિનું બધું જ્ઞાન સમ્યગ્; પરંતુ સમ્યગ્દૃષ્ટિને મોહ ના હોય તેવું નથી. તે દીકરાને મમત્વથી પોતાનો માને છે, માટે તેને મોહ છે; પણ જે મારો નથી છતાં તેને મારો માનું છું, તે મારો ભ્રમ છે, તેમ તે સમજે છે. તે જ સમ્યક્ત્વની વિશેષતા છે.

**૧૫૯.સભા :-** દશમા ગુણસ્થાનકના સંજ્વલન લોભને સમજાવો.

**સાહેબજી :-** સંજ્વલન લોભ સમજવા અવ્યક્ત કષાયને સમજવા પડે. કષાયો ૬૪ જાતના છે અને તેના પેટા ભેદો ઘણા છે, જેને સમજવા વિસ્તાર ઘણો માંગે તેમ છે. કષાયો પર વોલ્યુમોનાં વોલ્યુમો ભરાય તેટલું તત્ત્વ છે. ૬૪ કષાયનું જૈનશાસ્ત્રમાં અદ્ભુત વિવેચન છે. આ વિષય બહુ જ વિસ્તાર માંગે તેવો છે, માટે અત્યારે લેતો નથી.

૧૫૭.સભા :- સમાધિમરણ લાવવા શું સાધના કરવી જોઇએ? અમારે સમાધિમરણ જોઇએ છે.

**સાહેબજી :-** સમાધિમરણ લાવવા પોષદસમની આરાધના શાસ્ત્રમાં બતાવી છે. જેમ જ્ઞાનપંચમીની આરાધના સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવાને માટે છે, તેમ પોષ દસમીની જે વિધિપૂર્વક આરાધના કરે તેને સમાધિ આવે. પણ આ આરાધના કરવા શું તૈયારી જોઇએ, તે ગુરુ પાસે સમજવું જોઇએ. તમારે અત્યારે સમાધિ જોઈએ છે કે મરતાં જ સમાધિ જોઇએ છે? અત્યારે તો ધાંધલધમાલવાળું જીવન જ જોઈએ છે, પણ અમારે મોઢે સાંભળ્યું હોય કે અસમાધિથી મરશો તો મર્યા પછી દુર્ગતિ નક્કી છે, એટલે તેના ડરથી તમારે સમાધિ જોઇએ છે. માટે બોલો છો ને કે "અંતે શરણ તમારું", પણ અત્યારે શરણ નથી જોઇતું, તેનું શું?

અત્યારે તમે સમાધિની ચિંતા કરો છો કે ૨૪ કલાક તમારી બહારની સગવડ ન તૂટે તેની ચિંતા કરો છો? પણ સમાધિની તમને કરોડો રૂપિયા કરતાં પણ વધારે value(કિંમત) હોવી જોઇએ. સમાધિ સાથે ખાલી સૂકો રોટલો મળશે તો પણ ચાલશે, તેવું ખરું? સત્તા, સંપત્તિ, વૈભવ પછી, પણ પહેલાં જીવનમાં સમાધિ; તેવી પ્રાયોરીટી સાથે માંગો છો ખરા? લોગસ્સમાં સમાધિ માંગો છો, જયવીયરાયમાં સમાધિ માંગો છો, વંદિત્તુમાં સમાધિ માંગો છો; તમારી ક્રિયામાં ડગલે ને પગલે સમાધિની માંગણી મૂકી છે, માટે માંગો છો; પણ ખરેખર શું જોઇએ છે? અંદરમાં ઘણી જ પોલંપોલ છે. સમાધિમરણનું મહત્ત્વ સમજો.

જેને સમાધિમરણ મળ્યું તેનો મોક્ષ નક્કી. આ જીવ શુભ લેશ્યા અનંતીવાર પામ્યો છે, સદ્ગતિ અનંતીવાર પામ્યો છે, પુણ્ય પણ બાંધ્યું છે, પણ સમાધિમરણ એક વખત પણ પામ્યો નથી; માટે જ જીવનું સંસારચક્ર ચાલુ છે.

સમાધિનો સાચો અર્થ શું? સમનું આત્મામાં આધાન. તમારા વિષય-કષાયોમાંથી એક કણિયા જેટલો કષાય મૂળમાંથી નાબૂદ થાય એટલે સમાધિ આવી કહેવાય. તમે તમારો એક પણ દોષ મૂળમાંથી નાબૂદ કરો એટલે આત્મશુદ્ધિ થઈ કહેવાય; અને જેટલી આત્મશુદ્ધિ થઇ તેટલી સમાધિ આવી કહેવાય. સમાધિવાળાનું પંડિતમરણ કહેવાય, સમાધિ વગર મરે તો બાળમરણ કહેવાય. જે મેળવવા લાયક છે, સાચવવા લાયક છે, તે એણે હજી સાધ્યું નથી, માટે બાળ છે.

આ જીવનમાં જન્મ્યા ત્યારથી સર્વસ્વ માનીને જેને સંભાળ્યું છે, જેના માટે બધો જ ભોગ આપ્યો છે, તે બધાને જેવી આંખ મિંચાઇ તેવું જ છોડવાનું છે;

**પછી આ ઊભી કરેલી દુનિયા સાથે કોઇ સંબંધ નથી. આ દુનિયાથી વિખૂટા પડવાનું આવે ત્યારે, થવું જોઇએ કે આ ખરેખર પરાયું હતું, મારું માન્યું હતું તે ભૂલ હતી; જે કદી વાસ્તવમાં મારું બન્યું નથી ને બનશે પણ નહિ, જે મારું કદી હતું જ નહીં. પણ મારા ગુણો, મારા આંતરિક ગુણોની અનુભૂતિ, તે જ મને સુખદાયી છે, તે જ સમાધિ છે.**

**૧૫૮.સભા :-** આવા વિચારો આવવા જોઇએ?

**સાહેબજી :-** વિચાર આવે કે ન આવે પણ ભાવ જોઇએ, પ્રકૃતિમાં ભાવરૂપે વણાયેલું જોઇએ. એવું થાય ખરું કે અત્યાર સુધી જે જીવન જીવ્યા છીએ, તે આત્મા પરની શ્રદ્ધા વગરનું જ હતું? મારા ગુણો એ જ મારી વસ્તુ છે, પણ એના પર તમને તો ભરોસો નથી. તમને જડની જેટલી હૂંફ છે તેટલી ચેતનની નથી. પણ મોક્ષે જતાં પહેલાં બધાએ ચારિત્ર પામવું પડશે, બધા જ ગુણો પામવા પડશે.

સમાધિમરણ આવ્યું એટલે તેનો વહેલો મોડો મોક્ષ નક્કી જ છે. અંદરમાં જો આવી પરિણતિ આવે તો કામ થઇ જાય. પછી વિચાર કરો કે ન કરો, પણ પરિણતિનું ખરું મૂલ્ય છે. મોક્ષમાર્ગ પામેલાને સમાધિમરણનો અધિકાર છે.

**૧૫૯.સભા :-** ઘરમાં એવી વ્યક્તિ હોય કે ગુસ્સા સાથે વાત કરે તો શું કરવું? અંદરથી શાંત કેમ રહેવું?

**સાહેબજી :-** તમારા સંસારની અંદર પરસ્પરના સંબંધ કઇ રીતે જાળવવા તેની તમને ખબર નથી, એના કારણે જ મુશ્કેલી ઊભી થાય છે. જો તમે ક્રોધની અસર ન લો, તો તમને કોઇ દુઃખ આપતું નથી; પરંતુ જે ક્રોધ કરશે એ જ દાઝશે. જે ગુસ્સાથી જવાબ આપે એવા સાથે આવશ્યક સિવાય કાંઇ બોલવું નહિ. પણ જો એ ગેરવાજબી વાત કરાવવા તમારા પર ગુસ્સો કરે તો તમારે મક્કમતાપૂર્વક કહેવું જોઇએ કે આ વાત સાચી નથી; અને ન કહો તો તમે સત્યને દબાવો છો. જ્યારે સાચું હોય ત્યારે ચૂપ ના રહેવું જોઇએ.

દા.ત. તમારે ગુસ્સાવાળો ભાઇ હોય તો, એવાની સાથે બીનજરૂરી વાત કરવી નહિ, આવશ્યક વાત જ કરવી. પણ તમારે પૂછવું પડે કે સોદામાં શું થયું? અને જો એ ગુસ્સાથી જવાબ આપે, ત્યારે કહેવાનું કે " જો આ ન પૂછું તો ધંધામાં જે નુકસાન થશે, તે તમારી ભોગવવાની તૈયારી હોય તો નહિ પૂછું." આમ શાંતિથી કહેવાનું; પણ જો તમે ધર્મ કરવા ગયા હો અને ધર્મ માટે ગમે તેમ બોલે,

તો જરાપણ ચલાવાય નહિ. તમારે મક્કમતાથી કહેવું જોઇએ કે હું ધર્મ માટે જરાપણ ચલાવીશ નહિ, અને તમે ન કહો તો તે વખતે તમને દોષ લાગે, સહન કરો તો પાપ લાગે. ધર્મની દૃષ્ટિએ વિરુદ્ધ હોય અને એવું કરવા દબાણ કરે તો શાંત ન રહેવાય, ધર્મગુરુની નિંદા કરે ત્યારે પણ શાંત ન રહેવાય. હા, તમારી ભૂલ ન હોય ને કોઇ ઠપકો આપે ત્યારે સહન કરો તો એમાં કોઇ દોષ નથી. બધાની સાથે કાંઇ બાઝવાની વાત નથી, પણ જ્યાં યોગ્ય વાત હોય ત્યાં જો ખોટી નમ્રતા ને નમાલાપણું કરશો તો ધર્મને ખોઇ બેસશો.

શાસ્ત્રમાં દૃષ્ટાંત આવે છે કે, જ્યારે જગડુશાહે કર્માદાનનું કામ કર્યું, ત્યારે પત્ની રિસામણાં લઇને અઢી મહિના સુધી તેમની સાથે બોલ્યાં નથી. આ બાઇ ધર્માત્મા છે, માટે આવા કામની ના પાડે છે; પણ ધંધામાં લોભના કારણે જગડુશા માલ ખરીદી લે છે, ત્યારે તેમની પત્ની કહે છે કે, આવો પાપનો માલ હું ઘરમાં નહિ લાવવા દઉં. બાઇ મક્કમ છે. અઢી મહિના સુધી બોલતી નથી. પણ ઓચિંતા એક વખત છોકરાની હરકતથી ખબર પડી કે, આ મીણમાં તો સોનાની લગડીઓ છે અને તપાસ કરતાં બધા માલમાંથી સોનાની લગડીઓ નીકળે છે. જગડુશા કાંઇ બોલતા નથી. છતાં પણ પત્ની એવો પશ્ચાત્તાપ નથી કરતી કે મેં કાંઇ ખોટું કર્યું હતું. પરસ્પર મક્કમતા કેવી છે?

તમારે ગમે તેના ગુસ્સાથી ડરવાનું નહિ, પણ મક્કમતા રાખવાની છે. બીનજરૂરી કલેશ કરવાનો નથી.

તેમ શાંતનુ રાજાની પત્નીએ પણ શું કર્યું હતું? આવીને કહ્યું કે "તમે વચનભંગ કર્યો છે. માટે મારે ને તમારે સંબંધ પૂરો." અને મરતાં સુધી તે પતિગૃહે પાછી ન આવી. ભીષ્મ એમ ને એમ પાક્યા નથી. વિચારજો, કેટલું સત્ત્વ હશે એ બાઇમાં. "મારા ધર્મ અને ન્યાય, નીતિ, સદાચારથી વિરુદ્ધ હશે એવા ભોગ પણ મારે નહિ જોઇએ" માટે અવસર સમજી વલણ કરવાનું છે.

**૧૯૦.સભા :-** હનુમાન-ગણપતિનાં દર્શન-પૂજા કરાય? ના, તો તેમાં સંકુચિતતા નહિ?

**સાહેબજી :-** જે ગુણની દૃષ્ટિએ તમારાથી શ્રેષ્ઠ હોય એમે જ પૂજાય. ખાલી વૈભવથી પૂજ્ય ના બની શકે. હનુમાનને જો સિદ્ધાત્મા તરીકે પૂજવા હોય તો હાથમાં ગદા ચાલે? ના, સિદ્ધનું સ્વરૂપ જોઇએ, સૌમ્ય ને નિર્વિકારી સ્વરૂપ જોઇએ. આપણે ગણપતિને માનતા નથી. એમને ત્યાં આવતું હનુમાન અને ગણપતિનું ચરિત્ર વાંચીને પછી સરખાવો કે ભગવાનનું ચરિત્ર કેવું હોય? આપણને

નામ સાથે કોઇ વાંધો નથી. પણ ભગવાન કોણ કહેવાય, તે ધોરણ તો હોવું જોઇએ ને? મહાવીર આપણા છે એટલે પૂજતા નથી, ગુણમાં જે સર્વશ્રેષ્ઠ છે તે જ મારા ભગવાન. તેમના સ્વરૂપ, આચાર ને ઉપદેશ દ્વારા જ ઈશ્વર તત્ત્વની ઓળખાણ થઇ શકે છે અને એ પ્રમાણે જ નક્કી કરવાનું છે. આમાં સંકુચિતતાનો સવાલ નથી, પણ સત્યનો આગ્રહ છે. ઈશ્વરતત્ત્વનાં ધારાધોરણો નક્કી છે, તે જેનામાં પણ હોય તે અમારે પૂજ્ય છે.

૧૬૧.સભા :- અતિચાર ગુજરાતી ભાષામાં કેમ લખ્યા છે?

**સાહેબજી :-** મહાપુરુષોએ સૂત્રો રચનાબદ્ધ કરી મૂક્યાં છે. તેમાં ચૈત્યવંદનનાં સૂત્રો ચોક્કસ છે. તેમાં તમે કાંઇ ફેરફાર કરી શકો નહિ. પણ સ્તવન આવે ત્યારે તમને જેવા ભાવ સ્ફુરે એ રીતે તમે બોલી શકો છો. તે વખતે તમે જાતે બનાવીને પણ બોલી શકો છો. તે માટે શાસ્ત્રોએ રજા આપી છે. છતાં તમને કદાચ બનાવતાં ન ફાવે માટે ઘણાં સ્તવનો ગુજરાતીમાં રચના કરીને આપ્યાં છે. જેમ સ્તવન તમે ગુજરાતીમાં બોલી શકો, પણ 'જાવંતિ' કાંઇ ગુજરાતીમાં બોલાય નહિ. હવે અતિચાર શું ચીજ છે? તે વ્યક્તિગત આલોચના છે, માટે એ સાતલાખની જેમ ગુજરાતીમાં રચ્યા છે, જેથી તમને બરાબર સમજ પડે.

જ્યાં વ્યક્તિગત વાત છે ત્યાં સ્વતંત્ર રજૂઆતની છૂટ આપી છે; જેમ સ્તુતિ, સ્તવન, અતિચાર ગુજરાતીમાં આવશે. પણ જે સામૂહિક સૂત્રો fix(નક્કી) કરેલા છે, તેમાં ફેરફાર ન થાય, અને ફેરફાર કરવાની ઈચ્છા થાય તો પણ દોષ લાગે.

અતિચારની રચના મહાન પૂર્વાચાર્ય ભગવંતે જ કરી છે કે જેઓ શાસ્ત્રના ઘણા નિષ્ણાત હતા. છેલ્લાં હજારો વર્ષોથી જૈનધર્મમાં આ અતિચાર સ્થિર થયેલા છે.અતિચારની પ્રમાણભૂત, અદ્ભુત રચના છે, તેમાં ક્યાંય અધૂરાશ નથી. પૂ. ભદ્રબાહુસ્વામીએ જે આલાવા મૂક્યા છે, તેનો એક્ઝેટ ભાવ આમાં મૂક્યો છે.

# ૧૨

તા. ૫-૧૧-૯૫, રવિવાર, કારતક સુદ તેરસ, ૨૦૫૨

૧૬૨.સભા :- ધર્મશાસ્ત્ર કહે છે "સૌના સુખનો આદર્શ" એ જીવનો આદર્શ હોવો જોઇએ. જ્યારે આપે સમજાવ્યું હતું કે, પહેલાં તમારો કલ્યાણમાર્ગ અપનાવો, પછી બીજાનું કલ્યાણ કરવાનું.

**સાહેબજી :-** માઇક વાપરવાની બાબતમાં મેં કહ્યું હતું કે, પોતાનું આત્મકલ્યાણ ગુમાવીને પરનું આત્મકલ્યાણ કરવાનું નથી. આ આત્મિક ક્ષેત્રનો સિદ્ધાંત છે, જ્યારે ભૌતિક બાબતમાં તમારો લાભ-સ્વાર્થ જતો કરીને પારકાની પહેલાં ચિંતા કરવાની છે. ભૌતિક બાબતમાં પરને પ્રધાનતા પહેલી આપવાની છે અને સ્વને ગૌણ ગણવાનો છે, જ્યારે ધર્મની બાબતમાં પહેલાં સ્વને પ્રધાનતા આપવાની છે. ધર્મમાં અમે એવું નહિ કહીએ કે પહેલાં તમે ધર્મ પામ્યા વગર બીજાને પમાડો. જ્યારે ભૌતિક બાબતમાં તમારું જેટલું પણ જતું કરો તેટલું વધારે સારું છે, તે જ તમારી ઉદારતા છે.

તીર્થંકરો માટે પણ શું છે? તેઓ પહેલાં સમકિતને પામ્યા ને પછી જગતને તારવાની ભાવના કરી. તેમણે ક્યાંય એવી ભાવના નથી કરી કે પહેલાં હું ન પામું તો વાંધો નહિ, પણ જગતને પમાડું. પહેલાં પોતે પામ્યા, પછી જ બીજાને પમાડ્યું છે. માટે ધાર્મિક બાબતમાં પહેલાં પોતાને જ પ્રાયોરીટી આપવાની છે.

જેમ વજ્રસ્વામીનું દૃષ્ટાંત આવે છે કે, તેમને કન્યા કહે છે કે પરણું તો હું તમને જ પરણું. આ તો લાયક હતી માટે તેમના ઉપદેશથી સમજી ગઇ, પણ જો એમ કહે કે "તમે સંસાર માંડો તો જ હું ધર્મ પામું." આવું કહે તો ચાલે ખરું?

પોતાનું અકલ્યાણ કરીને કોઇનું કલ્યાણ કરવાનું હોય તો પછી કોઇ જીવ દીક્ષા લઇ શકશે જ નહિ. અમારા ઘરના એમ કહે કે જો તું ઘરમાં રહીશ, તો અમે આટલો ધર્મ કરીશું, તો શું અમે ઘરમાં રહેવાના? માટે પરોપકારના નામથી પોતાનું કલ્યાણ ખોવાનું નથી. જો પરોપકારના નામથી સ્વકલ્યાણ ગુમાવવાનું હોય તો લોકકલ્યાણ ઝડપથી કરવાના નામે અમે ટ્રેનોમાં ફરીએ તો શું વાજબી

ગણાશે? ફોરેનમાં જઈને અમે ઘણાને ધર્મ પમાડી શકીશું. અમારે જો પોતાનું કલ્યાણ ગુમાવીને ધર્મ પમાડવાનો હોય તો અમે હજારો અજૈનોને જૈન બનાવી શકીએ. પણ અમારે અમારા આચાર ગુમાવીને બીજાને ધર્મ પમાડવાનો નથી. હજારોને ધર્મ પમાડવાના નામે સ્વકલ્યાણ ગુમાવવાનું નથી.

**૧૯૩.સભા :-** પ્રભુની દેશના બધા સાંભળી શકતા, પણ અત્યારે શ્રોતા બરાબર દેશના સાંભળી શકતા નથી.

**સાહેબજી :-** હા, પ્રભુની દેશના બધા સાંભળી શકતા હતા, કારણ કે તેમની વાણી યોજનગામિની હતી. એ વખતે તેમની ૩૪ અતિશય અને ૩૫ ગુણવાળી વાણી હતી. અત્યારે અમારે એક્કે ગુણવાળી વાણી નથી. ત્યારે કેવળીઓ હતા, અત્યારે નથી; તો શું અમારે ઉપદેશ આપવો બંધ કરવો?

તમે અમારા સ્વકલ્યાણ પર પ્રહાર કરો છો. તેને ગૌણ બનાવીને તમે પરોપકાર કરાવો તે વાજબી નથી. આમ તો અમને કષ્ટ શેમાં વધારે છે? જો માઈક હોય તો અમને કેટલી નિરાંત હોય. દરેક ઠેકાણે જીવ તો સુખાકારી ને અનુકૂળતા જ માંગે છે ને? પણ તેમાં અમારું કલ્યાણ અટકે તેમ છે. આ સમગ્રતાથી વાત છે.

લોકોને ધર્મ પમાડવા માટે આમ તો બીજા સેંકડો ઉપાય છે, પણ પ્રભુની આજ્ઞા વિરુદ્ધ પરોપકારના નામથી જો આ બધું ચાલુ કરીશું, તો પછી અમારા હાથમાં ખાલી કપડાં જ રહેશે. માટે આ પરોપકારની ઘેલછા છે. લોકોનાં દિલ જીતી, લાગણી- લાલચથી આવી ઘણી ટેકનીકો અપનાવી ધર્મ પમાડી શકીએ, પણ તેનાથી અમારો સંસાર વધી જશે. તેથી આવી ઘેલછા કરવાની નથી. તીર્થંકરોએ આવા ઉપાયો બતાવ્યા નથી. તમારી જાત માટે પણ તમે પહેલાં તમારા જ આત્માની ચિંતા કરજો, પરોપકારનાં પૂતળાં નહિં બનતા. તમારા આત્માનું કલ્યાણ કર્યા વગર બીજાનું કલ્યાણ કરવા નીકળતા નહિ. **માટે ભૌતિક બાબતમાં "સૌના સુખમાં મારું સુખ" જ્યારે આધ્યાત્મિક ક્ષેત્રમાં "મારા કલ્યાણમાં સૌનું કલ્યાણ" આ તર્કબદ્ધ વાત છે.**

જગતના કલ્યાણમાં જો તમારું કલ્યાણ હોત તો તીર્થંકરો મોક્ષે જાત જ નહિ, પરંતુ આ પૃથ્વી પર રહીને જ પરકલ્યાણની પ્રવૃત્તિ સદાકાળ માટે કર્યા કરત; પરંતુ આખું જગત કાંઈ તરવાનું નથી. આ વિરોધાભાસી દૃષ્ટિ છે, એંગલ જુદા પડી જાય છે.

**૧૬૪.સભા :-** ગૌતમમહારાજાને નવ અંગે પૂજા થાય?

**સાહેબજી :-** થાય, ગુરુજીની મુદ્રામાં હોય તો પણ થાય અને સિદ્ધ અવસ્થામાં હોય તો પણ થાય. આમ બંને મુદ્રામાં નવ અંગે પૂજા થઇ શકે છે.

**૧૬૫.સભા :-** તો પછી અત્યારે ગુરુને નવ અંગે પૂજી શકાય ને?

**સાહેબજી :-** આ વિવાદાસ્પદ વાત છે, પણ શાસ્ત્ર રીતે વિચારો. તટસ્થતાથી, પ્રમાણિકતાથી વિચારજો કે, જેનાં ચરણ પૂજ્ય તેનાં બધાં જ અંગ પૂજ્ય બને છે. તમે બરાબર સમજજો. આ જે તીર્થંકરની પ્રતિમા છે તે સ્થાપના તીર્થંકર છે, જ્યારે સમવસરણમાં બેઠેલા ભગવાન તે ભાવ તીર્થંકર છે. હવે તમે કહો કે ત્યાં જઇને હું પ્રભુને ફૂલ ચઢાવું, તો શું તમે ચઢાવી શકો? તેમની કઇ રીતે પૂજા થાય? તેમના આચારને બાધ ન આવે તે રીતે પૂજવાના છે. તેની જેમ અમારા આચારને બાધા ન થાય તે રીતે પૂજા કરવાની છે. કોઇ કહે, અમે તમારો પક્ષાલ કરીએ, તો થાય ખરો? માટે આચાર-વિચારને અનુરૂપ પૂજા થાય. હવે ગુરુના પગ જો પૂજ્ય છે, તો માથું તો પૂજ્ય હોય જ ને? તમે એક સાધર્મિકને તિલક કરી ભક્તિ કરો છો, તો એમનું કપાળ પૂજ્ય અને ગુરુનું કપાળ અપૂજ્ય? હા, અમે કહેતા નથી કે તમે આવીને અમારી પૂજા કરો; અને જે દિવસે અમને આવી અપેક્ષા આવી, તે દિવસથી અમારા આચાર સલામત નહિ રહે; પણ કોઇ આવીને કરે તો તે શાસ્ત્રદષ્ટિએ ખોટું નથી.

**૧૬૬.સભા :-** ઘંટાકર્ણ વીરની પૂજા-ભક્તિ થાય?

**સાહેબજી :-** તે શાસનમાન્ય દેવ નથી. શાસનમાન્ય દેવ-દેવીની ભક્તિ શ્રાવક કરી શકે, પણ સાધુ પગે પણ ન લાગી શકે. તમને હું પગે લાગી શકું ખરો? તેમ દેવ-દેવી પણ સંસારી છે. પણ જે દેવ-દેવી શાસનમાન્ય છે, તે સંસારીને ભક્તિપાત્ર છે. પણ ઘંટાકર્ણ શાસનમાન્ય નથી.

**૧૬૭.સભા :-** તો સરસ્વતી તમારે પૂજ્ય?

**સાહેબજી :-** હા, તેના બે પ્રકાર છે. (૧)દ્રવ્ય સરસ્વતી (૨) ભાવ સરસ્વતી. દ્રવ્ય સરસ્વતી એ જિનવાણીની અધિષ્ઠાયિકા દેવીસ્વરૂપ છે. ભાવ સરસ્વતી એ જિનવાણીસ્વરૂપ છે અને જ્ઞાન તો અમારા માટે પણ પૂજ્ય છે.

૧૬૮.સભા :- ગિરિરાજની સ્પર્શના કરનાર ચરમાવર્તમાં આવે છે અને તેનો સંસાર સીમિત થઇ જાય છે. આ વાત સાચી છે?

**સાહેબજી :-** ના,આ વાત ખોટી છે. હા, ગિરિરાજની સ્પર્શના કરનાર અભવિ ના હોય, ભવિ હોય. પણ ભવિ હોવા માત્રથી તે ગિરિરાજની સ્પર્શના કરતાં ચરમાવર્તમાં આવી જાય તેવું નથી.

જીવની બે કક્ષા પાડી છે. ભવિ અને અભવિ. દુર્ભવિને પણ ભવિમાં લીધો છે. હવે ભવિ આત્મા પણ અનંતા પુદ્ગલ પરાવર્તકાળ સંસારમાં રખડી શકે છે. ચરમાવર્તમાં આવેલ જીવ મોક્ષે જવાનો જ છે, તો પછી ગિરિરાજની સ્પર્શના કરનાર બધા જ મોક્ષે જશે? પણ તેવું નથી. કારણ ભવિમાં પણ ૯૯ ટકા જીવો કાયમ ખાતે સંસારમાં રહેવાના છે, કારણ કે આ સંસારનું સ્વરૂપ જ એવું છે. જે ભવિ પણ સાધના-પુરુષાર્થ નથી કરવાના, તે મોક્ષે જવાના નથી. માટે પુરુષાર્થ કરશે તે જ મોક્ષે જશે. પણ મોક્ષે જનાર જીવ ભવિ જ હોય, તેમ કહી શકાય. એટલે ગિરિરાજની સ્પર્શના કરવામાત્રથી જીવ ચરમાવર્તમાં આવી જાય છે, તેવું નથી. હા, ફક્ત તે ભવિ છે, તેમ નક્કી થાય.

૧૬૯.સભા :- દેવ-દેવીનાં પૂજન થાય? ગુરુમહારાજાઓ પદ્માવતીનાં પૂજન કરાવે છે, તે યોગ્ય છે?

**સાહેબજી :-** તે ખોટું છે. સંઘમાં એકદમ ધર્મી શ્રાવક ગોતીને તમને કહીએ કે આ શ્રાવકનું તમે દહેરાસરમાં પૂજન ભણાવો, તો શું તે યોગ્ય છે? તમે જ કહો, જો ના, તો જ્યારે એક ૧૨ વ્રતધારી શ્રાવકનું પૂજન ભણાવાય નહિ, તો દેવી-દેવતાનું પૂજન કેમ ભણાવાય? ૧૨ વ્રતધારી ઊંચા કે દેવી-દેવતા ઊંચા?

હવે પદ્માવતી શાસનદેવી છે. તેમને આપણે વખોડતા નથી, પણ તેમનું સ્થાન ક્યાં? પહેલાં ભગવાનની પૂજા-ભક્તિ કર્યા પછી શાસનમાન્ય દેવ-દેવીની ભક્તિ કરવાની છે. ભક્તિમાં પણ ક્રમ લેવાનો છે. પહેલાં પ્રભુભક્તિ, પછી ગુરુ, પછી વ્રતધારી ધર્મી, પછી દેવ-દેવી. માટે તમારે પ્રભુની હાજરીમાં યોગ્ય રીતે દેવ-દેવીનાં પૂજા-ભક્તિ આવશે. પણ આ તો શું બન્યું છે કે દેવ-ગુરુ-ધર્મ ઊડી ગયા ને દેવ-દેવીને આગળ બેસાડી દીધા છે. પ્રભુભક્ત દેવ-દેવી ખરેખર હાજરા-હજૂર હોય તો તમારું વર્તન જોઇને તમને ધોલ મારીને દેરાસરમાંથી બહાર કાઢે. કારણ કે જેની રગેરગમાં પાર્શ્વપ્રભુ વસેલા છે, તે પ્રભુને પડતા મૂકીને તમે તેમની ભક્તિ કરો તો ધોલ જ મારે ને? બીજું શું કરે?

૧૭૦.સભા :- પાર્શ્વપ્રભુ પર જે ફણા હોય છે, તેની પૂજા કરાય?

**સાહેબજી** :- પાર્શ્વપ્રભુ પર જે ફણા હોય છે તે ધરણેન્દ્રદેવરૂપે પ્રતિષ્ઠિત થઈ નથી, અને જો તમે તેને દેવ તરીકે માનીને પૂજા કરો, તો તે ગેરવાજબી છે. ભગવાન પર દેવ હોય કે દેવ પર ભગવાન હોય? દેવી-દેવતાની પ્રતિમા ભગવાનની નીચે હોય છે. માટે ફણા તે ધરણેન્દ્રદેવ નથી.

પાર્શ્વપ્રભુને કમઠે જ્યારે ઉપસર્ગ કર્યો, ત્યારે તે ઉપસર્ગથી રક્ષણ માટે ધરણેન્દ્ર આવ્યા છે. તે વખતે પ્રભુના દેહમાંથી નીકળતાં કિરણોથી તે આકૃતિરૂપે તેની ઝાંય ઊભી થઈ છે. પ્રભુજીનું અદ્‌ભુત લાવણ્ય હોય છે, માટે તે અદ્‌ભુત લાવણ્યની ચમકયુક્ત મોહક આકૃતિ બનેલ હોવાથી, એ રીતે ફણાવાળી મૂર્તિ ભરાવાય છે અને આ પ્રભુજીનું અવિભાજ્ય અંગ છે.

હવે આ અવિભાજ્ય અંગ કેમ બન્યું? કારણ આવો આકાર બન્યો હતો માટે. હવે અવિભાજ્ય અંગ હોવાથી તેની પૂજા થાય, પણ તે નવ અંગમાં આવતી નથી. માટે પૂજા કર્યા પછી શોભાતિલક કરો તેમ તમે કરો તો ના નથી; કારણ પ્રભુજીનું અંગ જ છે.

૧૭૧.સભા :- સ્થાનકવાસી મહારાજને વંદન થાય? વહોરાવી શકાય? હું સ્થાનકવાસી છું.

**સાહેબજી** :- તમે શું છો તેમાં અમને નિસ્બત નથી. પ્રભુએ સ્થાપેલ માર્ગને આરાધવાનો છે. અમે બધાનો અભ્યાસ કર્યો છે. અમને કોઈના પ્રત્યે prejudice (પૂર્વગ્રહ) નથી. માટે તેમના પણ સંભવિત ગુણો સ્વીકારવામાં અમને કોઈ બાધ નથી. પરંતુ સ્થાનકવાસી અમુક બાબતમાં ભૂલ્યા છે. ઘણી વાતો તેમની સારી છે. ચારે ફીરકામાં સમકિત થઈ શકે છે, તેવું પૂ.આ. શ્રીસેનસૂરિ મહારાજ સાહેબે કહ્યું છે. પરંતુ સ્થાનકવાસીઓ માર્ગ ભૂલેલા છે, માટે તેઓ વંદન અને ભક્તિપાત્ર નથી. ગુણિયલ હોય તો પણ અમુક આચાર-વિચારવાળા જ ભક્તિપાત્ર છે. પણ ઘરે આવે તો ગોચરી વહોરાવી શકો છો. કારણ ગૃહસ્થનાં દ્વાર અભંગ હોય, માટે વહોરાવવું જોઈએ, પણ ભક્તિ-વંદન ન થાય. તમને તે સાચું લાગ્યું હોય અને તેની ઉપાસના કરો તેમાં અમને વાંધો નથી, પણ મમત્વથી વાત કરવાની નથી; વળી જે દિવસે તમને સાચું સમજાય તે દિવસે તમારે મૂકી દેવું જોઈએ, નહિતર પછીથી ભક્તિ-વંદન કરશો તો તે તરવાનું સાધન નહિ

બને. તમે જીવનમાં સાચું જાણો પછી પણ ખોટાને પકડી રાખો તો નુકસાનકારક છે.

**૧૭૨.સભા :-** મોક્ષે જવા કયું સંઘયણ જોઈએ?

**સાહેબજી :-** મોક્ષે જવા વજ્રઋષભનારાચ સંઘયણ જોઈએ.

**૧૭૩.સભા :-** નવકારમંત્ર વગર કારણે ઊંધા ગણાય?

**સાહેબજી :-** ના, અનાનુપૂર્વીમાં વિધિ માટે ગણાય. જેમાં પ્રયોજન હોય તેમાં, તે વિધિ પ્રમાણે કરો તે બરાબર, પણ નવરા બેઠા ખાલી ઊંધા ગણાય નહિ, મનની એકાગ્રતા કરવા બીજા ઘણા ઉપાય છે.

**૧૭૪.સભા :-** ઘણા ઠેકાણે હવે નવકારનો જાપ રખાય છે, તેમાં અમારે જવું પડે છે. ઘણા ઠેકાણે પાંચ પદનો જ જાપ થાય છે. તો અમે જઈએ તો પાપ લાગે?

**સાહેબજી :-** પાંચે પદ પૂજ્ય છે, માટે પાપ તો ન લાગે; પણ આખા નવકારથી જે ગુણાકારરૂપે લાભ મળવો જોઈએ તે મળે નહિ. નવપદમાં પાંચ પદ આરાધ્ય તત્ત્વ છે, માટે તેને નમસ્કાર બતાવ્યો છે અને તેની ભૂરી ભૂરી અનુમોદના કરી છે; પણ છેલ્લા ચાર પદમાં તેનો મહિમા છે. તેથી કરેલા નમસ્કાર પ્રત્યે ઉમળકો-ઉલ્લાસ આવે અને ભક્તિરૂપે અનુમોદના થાય, માટે આખો નવકાર ગણો તે મહિમાવંત છે. આ પદો ૧૪ પૂર્વધરોએ માન્ય કરેલ છે, જે પ્રાચીન છે, મહિમાવંત છે, દોષ વગરનાં છે, તેમાં ક્યાંય ત્રુટી નથી, તેથી તેનો ત્યાગ કરવો તે યોગ્ય નથી. અનંતકાળથી પંચપરમેષ્ઠીને નમસ્કાર છે, ભક્તિ છે, આ તત્ત્વ સનાતન સત્ય છે, કોઈ તીર્થંકરનું સર્જન નથી. જગતનું બધું તત્ત્વ સનાતન છે. માટે તેને બતાડનાર સારરૂપ શબ્દો પણ સનાતન સત્ય છે.

**૧૭૫.સભા :-** બધા ઈન્દ્રો દસ પૂર્વધર હોય?

**સાહેબજી :-** બધા ઈન્દ્રો દસ પૂર્વધર હોય તેવું નથી.

**૧૭૬.સભા :-** બોધિબીજ અને સમકિત જુદાં છે? સમજાવો. ઋષભદેવ પ્રભુ બોધિબીજ-સમ્યક્ત્વ ક્યારે પામ્યા?

**સાહેબજી :-** યોગની પહેલી મિત્રાદષ્ટિમાં પ્રવેશ કરે એટલે જીવ બોધિબીજ પામે.

પહેલાં ચરમાવર્ત, પછી અપુનર્બંધક, પછી બોધિબીજ અને પછી પણ ઘણા તબક્કા પસાર કરે ત્યારે સમકિત આવે.

ઋષભદેવપ્રભુના ૧૩ ભવ છે. તેઓ બોધિબીજ પામ્યા તે ભવથી તેમના ભવની ગણતરી ગણાય છે અને પછી ચોથા ભવમાં સમકિત પામ્યા છે. પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરિજીએ લખ્યું કે, તેઓએ મહાત્માને ઘીનું દાન કર્યું ત્યારે બોધિબીજ પામ્યા છે. પછી દાનના પ્રભાવે મરીને યુગલિક થયા. હવે સમકિતની હાજરીમાં જો આયુષ્ય બંધાય તો વૈમાનિકમાં જાય, પણ તેઓ ગયા નથી. માટે ખાલી તે વખતે બોધિબીજ જ પામ્યા છે અને પછી સમકિત તો ચોથા ભવમાં પામ્યા છે.

**જિનાજ્ઞાવિરુદ્ધ કાંઈ પણ છપાયું હોય તો તે સવિ મિચ્છા મિ દુક્કડં.**

**✿** **બધી સંજ્ઞામાં પરિગ્રહસંજ્ઞા એ ભયંકર છે અને તેમાં પણ મિથ્યાત્વ સહચરિત સંજ્ઞા તો મહાભયંકર છે.**

**✿** **અનુભવજ્ઞાન જ નિશ્ચયનયથી મોક્ષનું કારણ છે. જ્યાં સર્વનય છે ત્યાં જ સ્યાદ્વાદ છે. જ્યાં સ્યાદ્વાદ છે ત્યાં સર્વજ્ઞતા છે. જે જિન છે તે સર્વજ્ઞ છે.**

**✿** **વિષયોની તૃપ્તિમાં શાંતિ છે તેમ માનવું તે મિથ્યાત્વ છે, વિષયોના અભાવમાં શાંતિ માનવી તે ખરેખર તત્ત્વબુદ્ધિ છે.**

**✿** **જીવ જેની સાથે બેસશે તેનો વિજય થશે. જીવ જો ધર્મની સાથે બેસે તો સમજવાનું કે મોક્ષ હાથવેંતમાં છે, અને જો કર્મની સાથે બેસશે તો તેનો અંત જ નથી.**

**✿** **તત્ત્વનો નિર્ણય કરવો તે પણ એક મોટી સાધના છે.**

| ગીતાર્થ ગંગા થી પ્રકાશિત ગ્રંથો | વિવેચક |
| --- | --- |
| યોગવિંશિકા શબ્દશઃ વિવચેન | પ્રવિણભાઈ મોતા |
| અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ વિવેચન | પ્રવિણભાઈ મોતા |
| શ્રાવકના બારવ્રતોનાં વિકલ્પો | યુગભૂષણવિજયજી મ.સા. |
| યોગદૃષ્ટિ સમુચ્ચય | યુગભૂષણવિજયજી મ.સા. |
| સદ્ગતિ તમારા હાથમાં! | યુગભૂષણવિજયજી મ.સા. |
| કર્મવાદ કર્ણિકા | યુગભૂષણવિજયજી મ.સા. |
| દર્શનાચાર | યુગભૂષણવિજયજી મ.સા. |
| શાસનસ્થાપના | યુગભૂષણવિજયજી મ.સા. |
| અનેકાન્તવાદ | યુગભૂષણવિજયજી મ.સા. |
| પ્રશ્નોત્તરી | યુગભૂષણવિજયજી મ.સા. |
| ચિત્તવૃત્તિ | યુગભૂષણવિજયજી મ.સા. |
| ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ | યુગભૂષણવિજયજી મ.સા. |
| આશ્રવ અને અનુબંધ | મોહજિતવિજયજી મ.સા. |
| મનોવિજય અને આત્મશુદ્ધિ | યુગભૂષણવિજયજી મ.સા. |
| ભાગવતી પ્રવ્રજ્યા પરિચય | યુગભૂષણવિજયજી મ.સા. |
| વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ | પ્રવિણભાઈ મોતા |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | પ્રવિણભાઈ મોતા |
| આરાધક વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન | પ્રવિણભાઈ મોતા |
| વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ | પ્રવિણભાઈ મોતા |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | પ્રવિણભાઈ મોતા |

## પ.પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મ.સા.નાં વ્યાખ્યાનનાં પુસ્તકો ૨

(૧) ચાલો ! મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ

(૨) મનોવિજ્ઞાન

(૩) ચિત્તવૃત્તિ

(૪) અનુકંપાદાન

(૫) સુપાત્રદાન

(૬) યોગવિંશિકા ભાગ-૧

(૭) યોગવિંશિકા ભાગ-૨

| | ગીતાર્થ ગંગાના પ્રકાશિત ગ્રંથો | વિવેચક |
|---|---|---|
| (૧) | યોગવિંશિકા શબ્દશઃ વિવેચન | પંડિત પ્રવિણભાઈ મોતા |
| (૨) | અધ્યાત્મ ઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન | પંડિત પ્રવિણભાઈ મોતા |
| (૩) | શ્રાવકનાં બારવ્રતોનાં વિકલ્પો | ગણિવર્ય યુગભૂષણવિજયજી મ.સા. |
| (૪) | યોગદ્રષ્ટિ સમુચ્ચય | ગણિવર્ય યુગભૂષણવિજયજી મ.સા. |
| (૫) | સદ્ગતિ તમારા હાથમાં ! | ગણિવર્ય યુગભૂષણવિજયજી મ.સા. |
| (૬) | કર્મવાદ કર્ણિકા | ગણિવર્ય યુગભૂષણવિજયજી મ.સા. |
| (૭) | દર્શનાચાર | ગણિવર્ય યુગભૂષણવિજયજી મ.સા. |
| (૮) | શાસન સ્થાપના | ગણિવર્ય યુગભૂષણવિજયજી મ.સા. |
| (૯) | અનેકાન્તવાદ | ગણિવર્ય યુગભૂષણવિજયજી મ.સા. |
| (૧૦) | પ્રશ્નોત્તરી | ગણિવર્ય યુગભૂષણવિજયજી મ.સા. |


: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

૫, જૈનમરચન્ટ સોસાયટી, પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭

ફોન : ૬૬૦ ૪૯ ૧૧

: મુદ્રક :

સૂર્યા ઑફસેટ

આંબલીગામ, સેટેલાઈટ-બોપલ રોડ, અમદાવાદ-૫૮.